સુવિચાર
નસીબદાર માણસને તમે
દરિયામાં ફેંકી દેશો, તો તે મોંઢામાં
માછલી લઈ બહાર આવશે!

# સમય મિરર

અર્ધ સાપ્તાહિક પૂર્તિ
મધ્યાન્તર

SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com
RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI
RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-162 ■ DATE : 23-4-2025 ■ WEDNESDAY ■ Page-10 ■ ચૈત્ર વદ ૧૦, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH
■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001

# પહેલગામમમાં કાયર આતંકીઓએ પ્રવાસીઓ પર અંધાધૂંધ ગોળીઓ વરસાવી : 27થી વધુના મોત : ચાર ગંભીર

**સમય મિરર | શ્રીનગર**

જમ્મુ કાશ્મીરના પહલગામમાં મોટો આતંકવાદી હુમલો થયો છે. આતંકવાદીઓએ પર્યટકોને નિશાન બનાવીને ફાયરિંગ કર્યું છે. જેમાં ૨૭ પ્રવાસીઓના મોત થયા છે, જ્યારે બાર લોકો ઘાયલ થયા છે. ચાર લોકોની હાલત ગંભીર જણાવાય રહી છે. તેમાંના ત્રણ સ્થાનિક નાગરિક છે. આતંકવાદી હુમલામાં ૧૨ પ્રવાસીઓ ઈજાગ્રસ્ત હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ઈજાગ્રસ્તોની સંખ્યા વધવાની આશંકા છે. માર્ચમાં હિમવર્ષા બાદ સેકડોંની સંખ્યામાં પર્યટકો જમ્મુ-કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા છે. એવામાં પહલગામમમાં ટ્રેકિંગ માટે આવેલા પ્રવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો છે. સૂત્રો અનુસાર પર્યટકો રાજસ્થાનથી કાશ્મીર ફરવા માટે આવ્યા હતા. પ્રવાસીઓ જ્યારે એક પહાડ પર ટ્રેકિંગ કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે છુપાઈને બેઠેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો.

પ્રત્યક્ષ દર્શીઓના જણાવ્યા અનુસાર આતંકવાદીઓએ ભેળપુરી ખાઈ રહેલા લોકોને નામ પુછીને તેમનો ધર્મ જાણ્યો બાદ ગોળી બાર કર્યો હતો. મહિલાઓની સામે જ તેમના પતિઓ પર ગોળી બાર કરવામાં આવ્યો હતો. ઘાયલ પર્યટકોની સંખ્યા અને તેમની હાલત જોતા મૃતકોની સંખ્યા વધવાની આશંકા સેવાઈ રહી છે. ઘાયલ ૧૨ લોકોમાંથી ૪ પર્યટકોની હાલત ગંભીર જણાવાઈ રહી છે. કાયર આતંકવાદીઓએ નિહથ્થા લોકો પર અંધાધુંધ ગોળીબાર કરીને તેની કાયરતાનું પ્રમાણ આપ્યું હતું. તમામ યાત્રિઓ પર પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ગોળીબાર કરવામાં આવ્યો હતો.

હુમલાની જાણકારી મળતા જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પહેલગામ જવા માટે રવાના થયા હતાં. જમ્મુ કશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલા અને પૂર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફ્તિએ આ કાયર હરકતને સખ્ત શબ્દોમાં વખોડી હતી. જ્યારે રાહુલ ગાંધીએ પણ પોતાના એક નિવેદનમાં કહ્યું હતું કે, આતંકવાદની સામે સમગ્ર દેશ એકઝુટ છે. અમિત શાહએ કહ્યું છે કે, દોષીતોને શોધી કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. કોઈ પણ ભોગે એકપણ આતંકીને તેના અંજામ સુધી પહોંચાડયા વગર છોડવામાં નહીં આવે.

મળતી માહિતી મુજબ કર્ણાટકથી પહેલગાવ પહોંચેલા પ્રવાસીઓ પર આ હુમલો કરવામાં આવ્યો છે. કર્ણાટકથી એક ટીમ પહેલગામ જવા રવાના થશે અને સમગ્ર ઘટના ક્રમ વિશેની જાણ કરી મેળવી ઘાયલ યાત્રિઓના ખબર અંતર પુછીને તમામ સહાય કરશે.

બીજી તરફ વડાપ્રધાન મોદીએ સમગ્ર ઘટનાક્રમની જાણકારી મેળવી હતી અને મૃતકના પરિવાર સાથે પોતાની સંવેદના વ્યક્ત કરી ગુનેગારોને તેના અંજામ સુધી પહોંચાડવાનો હુંકાર કર્યો હતો.

આતંકવાદીઓ આ કાયરાના હરકત કરીને નાસી છુટ્યા હતા જેને ઝડપી પાડવા સુરક્ષાબળોની વિવિધ ટુકડીઓને તત્કાલ દોડાવામાં આવી છે. આસપાસના મોટા વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે.

અમિત શાહની સાથે ૬ એલ.જી. પણ પહેલગામ પહોંચ્યા હતા. જ્યાં એલ.જી.એ પણ આતંકીઓ સામે ફાઈટ ટુ ફિનીસનો હુંકાર કર્યો છે.

થોડા દિવસ બાદ કાશ્મીરમાં અમરનાથ યાત્રા શરૂ થવાની છે, આ યાત્રામાં પહલગામમાં જ બેઝ કેમ્પ બનાવવામાં આવે છે. ગરમીના કારણે કાશ્મીરમાં ટુરિઝમને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. એવામાં આ આતંકવાદી હુમલાના કારણે કાશ્મીર ગયેલા અન્ય ટૂરિસ્ટોના જીવ પડીકે બંધાયા છે. સાથે સાથે આગામી સમયમાં થનારી અમરનાથ યાત્રાની સુરક્ષાને લઈને પણ સવાલ ઊભા થયા છે. પર્યટકો પર આ પ્રકારના હુમલાના કારણે કાશ્મીરના વેપાર ઉદ્યોગ પર પણ અસર પડશે.




### ભારતીય માર્કેટમાં રાતોરાત ભાવમાં 2600નો ઉછાળો

# સોનામાં તેજીનો ભારે ગરમાવો : ભાવ 1,02,200ને પાર

**સમય મિરર | મુંબઈ**

સોનામાં સટ્ટો હોય કે વાસ્તવિક ઉછાળો પણ તેજી આંધીરૂપ બની છે અને ભાવમાં આજે પણ બેફામ વૃધ્ધિ જોવા મળી હતી. વિશ્વ બજારમાં સોનાનો ભાવ ૩૪૦૦ ડોલરવાળો ૩૫૦૦ ડોલરની નજીક પહોંચી ગયો હતો. ભારતીય માર્કેટમાં પ્રતિ ૧૦ ગ્રામ ૨૬૦૦ નો ઉછાળો નોંધાયો હતો.

સામાન્ય રીતે શેરબજારમાં મોટી ઉથલપાથલ થતી હોય છે. પરંતુ તેને પણ ભુલાવે તેવી તેજી સોનામાં જામી હોય તેમ રોજેરોજ નવા ઉંચા ભાવ જોવા મળી રહ્યા છે. વર્લ્ડ માર્કેટમાં ગઈકાલે સાંજે સોનું ૩૪૦૦ ડોલરને આંબ્યુ હતું હવે રાતોરાત ૩૫૦૦ ડોલરની નજીક પહોંચ્યુ હતું આજે સવારે ઉંચામાં ૩૪૯૪ ડોલર થઈને ૩૪૮૮ ડોલર બોલાતુ હતું. ચાંદીનો વૈશ્વિક ભાવ ૩૨.૮૨ ડોલર હતો.

સોનું ગઈકાલે એક લાખ રૂપિયાને વટાવી ગયુ હતું. આજે વધુ ઉંચકાયું હતું અને ભાવ ૧,૦૨,૨૦૦ પર પહોંચ્યો હતો ગઈકાલની સરખામણીએ ૨૬૦૦ રૂપિયાનો ભાવ વધારો હતો. સોનામાં બેફામ તેજી વચ્ચે ચાંદીમાં કોઈ મોટી મુવમેન્ટ ન હતી ભાવ મામુલી ૨૫૦ રૂપિયાના વધારાથી ૯૮૭૫૦ સાંપડયો હતો.



વેપારીઓનાં કહેવા પ્રમાણે સોનામાં તેજી પાછળ અનેક કારણો જવાબદાર છે. ડોલર તૂટવા લાગતા તેના બદલે સોનામાં રોકાણનો ટ્રેન્ડ વધ્યો છે.ટેરિફ-ટ્રેડવોરમાં નવા-નવા વળાંક આવતા હોવાથી પરિસ્થિતિ થાળે પડતા વાર લાગશે તેવી આશંકાનો પ્રત્યાઘાત હતો.

ચીન સહિત દુનિયાભરની સેન્ટ્રલ બેન્કોની ખરીદી, બબ્બે યુદ્ધ તથા અન્ય ભૌગોલીક ટેન્શન, અમેરિકામાં વ્યાજદર ટ્રમ્પ અને ફેડરલ રિઝર્વ વચ્ચે ખટરાગ તથા અર્થતંત્રમાં સ્લોડાઉનની શંકા, ટ્રેડવોર વચ્ચે ચીનના નવા પડકાર સહિતના કારણોથી તેજી બેફામ બની છે.

સોનાનાં ભાવમાં બેફામ તેજી છે. ભાવ એક લાખની સપાટીને પાર થઈ ગયો છે. ૨૦૨૫ નું ચાલુ કેલેન્ડર વર્ષ સોના માટે 'ગોલ્ડન' બન્યુ હોય તેમ અત્યાર સુધીમાં ૨૮ ટકાથી વધુનો ભાવ વધારો થઈ ગયો છે.

૧૦ ગ્રામ દીઠ અંદાજીત ૨૩૫૦૦ રૂપિયા વધી ગયા છે.ઝવેરીઓથી માંડીને ગ્રાહકોમાં સોનાની આ તેજીથી સોંપો છે અને રીટેઈલ માર્કેટમાં પણ જોરદાર તેજી છે.

### આ ચોરી નથી ધાડ છે બાંસુરી સ્વરાજ

# નેશનલ હેરાલ્ડ કી લૂંટ લખેલી હેન્ડબેગ લઈ બાંસુરી સ્વરાજ JPCની બેઠકમાં પહોંચ્યા

**સમય મિરર | નવી દિલ્હી**

ભાજપના સાંસદ બાંસુરી સ્વરાજે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસને ઘેરતા કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીને યોગ્ય જવાબ આપ્યો છે. મંગળવારે, બાંસુરી 'વન નેશન વન ઈલેક્શન' પર JPC બેઠકમાં હાજરી આપવા માટે એક બેગ લઈને પહોંચી હતી જેના પર 'નેશનલ હેરાલ્ડકી લૂંટ' લખેલું હતું. બાંસુરીના આ પગલાને કોંગ્રેસના સાંસદ દ્વારા પેલેસ્ટાઈન લખેલી બેગના પ્રતિભાવ તરીકે જોવામાં આવી રહ્યું છે. ભાજપના સાંસદ બાંસુરી સ્વરાજે કહ્યું, 'લોકશાહીના ચોથા સ્તંભ, મીડિયામાં ભ્રષ્ટાચાર પહેલી વાર થયો છે.' ED દ્વારા દાખલ કરાયેલ ચાર્જશીટ કોંગ્રેસ પાર્ટીની જૂની કાર્યશૈલી અને વિચારધારાને ઉજાગર કરે છે. સેવાના નામે, તેઓ જાહેર સંસ્થાઓનો ઉપયોગ પોતાની વ્યક્તિગત સંપત્તિ વધારવાના સાધન તરીકે કરે છે. આ ખૂબ જ ગંભીર બાબત છે...'

તેમણે કહ્યું કે ૨૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ને માત્ર ૫૦ લાખ રૂપિયામાં યંગ ઈન્ડિયા એ હડપી લીધી હતી. આ એક એવી કંપની છે જેની ૭૬ ટકા માલિકી ગાંધી પરિવાર પાસે છે. એટલા માટે કોંગ્રેસ પાર્ટી અને તેનું ટોચનું નેતૃત્વ આ માટે જવાબદાર છે અને તેમણે ૨૫ એપ્રિલે કોર્ટ સમક્ષ તેનો જવાબ આપવો જોઈએ. એક પ્રશ્નના જવાબમાં બાંસુરીએ કહ્યું કે આને ચોરી કહેવાય છે અને તે બડાઈ મારવા ઉપરાંત, હું પૂછવા માંગુ છું કે, આ એક ગંભીર આરોપ છે જે ચાર્જશીટમાંથી બહાર આવ્યો છે. કોંગ્રેસ પાર્ટીએ રાજકીય ભંડોળનો દુરુપયોગ કરીને આ લોન આપી હતી. ૨૦૦૦ કરોડ રૂપિયાની જાહેર મિલકત હડપ કરવામાં આવી હતી. હકીકતમાં, સંસદના શિયાળુ સત્ર દરમિયાન, કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી એક હેન્ડબેગ લઈને સંસદ પહોંચ્યા હતા જેના પર પેલેસ્ટાઇન લખેલું હતું, જે પેલેસ્ટાઇનના લોકો પ્રત્યે સમર્થન અને એકતા દર્શાવે છે. બીજા દિવસે, પ્રિયંકા બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થતી હિંસાનો વિરોધ કરવા માટે એક બેગ લઈને સંસદ પહોંચ્યા હતા. જેના પર 'બાંગ્લાદેશના હિન્દુઓ અને ખ્રિસ્તીઓ સાથે ઉભા રહો' લખ્યું હતું. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ ૨૦૧૨ માં ટ્રાયલ કોર્ટમાં અરજી દાખલ કરી હતી જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે કેટલાક કોંગ્રેસના નેતાઓએ યંગ ઈન્ડિયન લિમિટેડ (YIL) દ્વારા એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) ને અન્યાયી રીતે હસ્તગત કરી છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે દિલ્હીમાં બહાદુર શાહ ઝફર માર્ગ પર સ્થિત ૨૦૦૦ કરોડ રૂપિયાના હેરાલ્ડ હાઉસ બિલ્ડિંગને કબજે કરવા માટે બધું જ કરવામાં આવ્યું હતું. ષડયંત્ર હેઠળ, યંગ ઈન્ડિયન લિમિટેડને AJL ની મિલકતના અધિકારો આપવામાં આવ્યા છે.

### યુનિ.ના ભંડોળમાં કાપ મુકવો એ અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલંઘન : હાર્વર્ડના પ્રોફેસરોના આક્રોશ

# 2.2 બિલિયન ડોલરનું ભંડોળ રોકી દેતા હાર્વર્ડ યુનિ.એ ટ્રમ્પ સરકાર સામે કેસ કર્યો

**સમય મિરર | નવી દિલ્હી**

અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટ સામે કોર્ટમાં અરજી કરી છે. યુનિવર્સિટીએ આરોપ લગાવ્યો છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર રાજકીય દબાણ લાવીને યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યને કન્ટ્રોલ કરવા માંગે છે. હાર્વર્ડે આરોપ લગાવ્યો છે કે આ યુનિવર્સિટીના બંધારણીય અધિકારોનું ઉલંઘન કરે છે.

ખરેખરમાં, ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડનું ૨.૨ બિલિયન ડોલરનું ભંડોળ રોકી દીધું છે. આ સાથે, યુનિવર્સિટી તરફથી એવી પણ માંગ કરવામાં આવી છે કે તે ઓક્ટોબર ૨૦૨૩ પછી કેમ્પસમાં બનેલી યહૂદી વિરોધી ઘટનાઓ પર તૈયાર કરાયેલા તમામ અહેવાલો અને ડ્રાફ્ટ્સ પણ સરકારને સુપરત કરે. વહીવટીતંત્ર ઈચ્છે છે કે આ અહેવાલો તૈયાર કરનારા તમામ લોકોના નામ જાહેર કરવામાં આવે. હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસરોએ ૧૨ એપ્રિલના રોજ મેસેચ્યુસેટ્સ ફેડરલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટ સામે કેસ પણ કર્યો હતો. યુનિવર્સિટીના ભંડોળ રોકવાની ધમકી સામે પ્રોફેસરોના બે જૂથો દ્વારા આ કેસ કરવામાં આવ્યો હતો. ખરેખરમાં તે સમયે, ટ્રમ્પ વહીવટીતંત્ર હાર્વર્ડ યુનિવર્સિટીને આપવામાં આવેલા ૯ બિલિયન ડોલરના ફંડની સમીક્ષા કરી રહ્યું હતું.

હાર્વર્ડના પ્રોફેસરોએ ટાંક્યું હતું કે ટ્રમ્પનો નિર્ણય યુએસ બંધારણના પ્રથમ સુધારાનું ઉલંઘન કરે છે. પ્રોફેસરોએ આરોપ લગાવ્યો છે કે યુનિવર્સિટીના ભંડોળમાં કાપ મૂકવો એ અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલંઘન છે. કોર્ટમાં કરવામાં આવેલી અરજીમાં ટ્રમ્પ પ્રશાસનના નિર્ણય પર રોક લગાવવાની પણ માંગ કરવામાં આવી છે. હાલમાં ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડને એક પત્ર મોકલ્યો હતો. આ પત્રમાં યુનિવર્સિટીને કેટલીક શરતો પૂરી કરવા કહેવામાં આવ્યું હતું. આમ કરવામાં નિષ્ફળતાથી યુનિવર્સિટીને ફેડરલ ભંડોળ અટકાવવાનો ભય હતો. ટ્રમ્પ વહીવટીતંત્રના દાવાને કારણે આ પગલું ભરવામાં આવ્યું હતું કે હાર્વર્ડ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ યહૂદી-વિરોધ (યહૂદીઓ સામે નફરત) રોકવામાં નિષ્ફળ ગઈ છે. વહીવટીતંત્રે આરોપ લગાવ્યો હતો કે કેમ્પસમાં યહૂદી વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો સાથે ભેદભાવ કરવામાં આવે છે. યુનિવર્સિટીને મળતું ફંડિંગ રિસર્ચ, વિદ્યાર્થી શિષ્યવૃત્તિ અને ઘણા સાયન્સ અને મેડિકલ પ્રોજેક્ટ્સ માટે મહત્વપૂર્ણ છે.

# સંસદથી ઉપર કોઈ નથી - સંસદ જ સુપ્રીમ છે : ઉપરાષ્ટ્રપતિ ધનખડ ફરી ભડક્યા

**સમય મિરર | નવી દિલ્હી**

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર ફરી સુપ્રીમ કોર્ટ પર ટીકા કરતાં સંસદ જ સુપ્રીમ (સર્વોચ્ચ) હોવાની વાતનો પુનરોચ્ચાર કર્યો છે. બંધારણ દ્વારા દર્શાવવામાં આવેલા પ્રત્યેક શબ્દો દેશના સર્વોચ્ચ હિતોને આધારે વર્ણવેલા હોવાનું જણાવતાં તેમણે દિલ્હી યુનિવર્સિટીમાં એક સંબોધનમાં કહ્યું કે, બંધારણનું પદ ઔપચારિક અને ફંક્શનલ હોઈ શકે છે. પરંતુ મારા મતે નાગરિક જ સર્વોચ્ચ છે. દરેકની એક અલગ ભૂમિકા હોય છે. બંધારણને અંતિમ રૂપ આપનારા લોકો ચૂંટાયેલા પ્રતિનિધિ છે અને તેમની ઉપર કોઈ ઑથોરિટી નથી.

ધનખરે જણાવ્યું કે, બંધારણ આપણે પસંદ કર્યું છે. જે જાહેર પ્રતિનિધિઓ મારફત તેમની ઈચ્છાઓ, આકાંક્ષાઓ, અને અભિવ્યક્તિનું પ્રતિબિંબ છે. ચૂંટણી દરમિયાન તેઓ તેને અંતિમ રૂપ આપવા માટે પ્રતિનિધિની પસંદગી કરે છે. આ ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ બંધારણના અલ્ટીમેટ માસ્ટર છે. સંસદથી ઉપર કોઈ ઑથોરિટી નથી. સંસદ જ સુપ્રીમ છે.

સુપ્રીમ કોર્ટે બંધારણની પ્રસ્તાવનાની વ્યાખ્યાઓમાં વિસંગતતાઓ પર સવાલો ઉઠાવ્યા હતા. જેના લીધે ઉપરાષ્ટ્રપતિ ધનખરે ફરી એકવાર સુપ્રીમ કોર્ટની ટીકા કરી હતી. સુપ્રીમ કોર્ટે એક મામલા(ગોલકનાથ કેસ)માં કહ્યું કે, પ્રસ્તાવના બંધારણનો હિસ્સો નથી. પરંતુ પ્રસ્તાવના એ દેશના સર્વોચ્ચ હિતોનો હાર્દ (અમૃત) છે. બીજા (કેશવાનંદ ભારતી) કેસમાં જણાવ્યું હતું કે, આ બંધારણનો હિસ્સો છે. સુપ્રીમ કોર્ટની બેવડી નીતિના કારણે ધનખર ફરી ભડક્યા છે. ઉપરાષ્ટ્રપતિએ દેશમાં ઈમરજન્સીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, બંધારણીય પદ ઔપચારિક અને ફંક્શનલ હોઈ શકે છે. પરંતુ મારા મત મુજબ એક નાગરિક જ સર્વોચ્ચ છે. દરેક વ્યક્તિ પોતાની ભૂમિકા ભજવે છે. લોકશાહી દેશમાં વાતચીત મારફત ઉકેલો લાવી શકાય છે. તમામને સમાન વાતચીત કરવાનો હક છે. લોકતંત્રનું સ્વાસ્થ્ય જ વાતચીતની ગુણવત્તા પર નિર્ભર કરે છે. જો વાતચીતને ધનિકો, વિદેશી હિતો દ્વારા નિયંત્રિત કરવામાં આવે તો શું થાય? આપણે આ પક્ષપાત અને ભેદભાવથી ઉપર આવવું પડશે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com
(મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)
૧૧ સોના ધિરાણ પૈસા માસિક વ્યાજ* *શરતોને આધીન
30 મિનિટમાં જ ધિરાણ
કોઈ છુપો ચાર્જ નહીં
રૂા. 1 કરોડ સુધી ધિરાણની સુવિધા
પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ
8.49% વાર્ષિક વ્યાજ*
ત્વરિત પેમેન્ટ
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક
PROUDLY CO-OPERATIVE
સહકારથી સમૃદ્ધિ

## ધ વર્લ્ડ એરાઉન્ડ

### વકફ કાયદા સામે દિલ્હીમાં મુસ્લિમ સંગઠનોના વિરોધ પ્રદર્શનમાં ઓવૈસી જોડાયા

**નવી દિલ્હી :** ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ આજે મંગળવારે દિલ્હીમાં નવા વક્ફ કાયદા સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. 'વક્ફ બચાવો અભિયાન' હેઠળ, તાલકટોરા સ્ટેડિયમ ખાતે 'તહફુઝ-એ-ઓકાફ કારવાં' (વક્ફનું રક્ષણ) નામનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જમાત-એ-ઈસ્લામી હિન્દ સહિત દેશભરના મુસ્લિમ સંગઠનોના પ્રમુખો અને પ્રતિનિધિઓ પહોંચ્યા હતી. જેમાં IMIMના વડા અસદુદ્દીન ઓવૈસી પણ જોડાયા છે. બેઠકમાં વક્ફ કાયદા સામે વધુ કાનૂની લડાઈ લડવા અંગે ચર્ચા ચાલી રહી છે. સવારે ૧૦ વાગ્યે શરૂ થયેલી આ બેઠક બપોરે લગભગ ૨ વાગ્યા સુધી ચાલુ રહી હતી. આ દરમિયાન, વક્ફ એક્ટ સામેના વિરોધ વચ્ચે, ઉપરાષ્ટ્રપતિએ દિલ્હી યુનિવર્સિટીમાં એક કાર્યક્રમમાં કહ્યું કે લોકશાહીમાં બંધારણને પડકાર સ્વીકાર્ય નથી. જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનારાઓને સમજાવવું પડશે. જો તમે નહીં સમજો તો તમારે કડવી દવાનો સ્વાદ ચાખવો પડશે. AIMPLBના 'વક્ફ બચાવો અભિયાન'નો પ્રથમ તબક્કો ૧૧ એપ્રિલથી શરૂ થયો હતો અને ૭ જુલાઈ સુધી એટલે કે ૮૭ દિવસ સુધી ચાલુ રહેશે. આમાં, વક્ફ કાયદાના વિરોધમાં ૧ કરોડ સહીઓ એકત્રિત કરવામાં આવશે, જે પીએમ મોદીને મોકલવામાં આવશે. આ પછી આગામી તબક્કાની રણનીતિ નક્કી કરવામાં આવશે. બંગાળના મુર્શિદાબાદમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાયના લોકોએ વક્ફ કાયદા વિરુદ્ધ પ્રદર્શન કર્યું. આ દરમિયાન હિંસા થઈ હતી. AIMPLB ના મહાસચિવ મૌલાના ફઝલુર રહીમ મુજદ્દીદીએ તમામ ધાર્મિક અને સામાજિક સંગઠનોને આ અભિયાનમાં જોડાવા અપીલ કરી છે. AIMPLBના જનરલ સેક્રેટરી મૌલાના ફઝલુર રહીમ મુજદ્દીદીએ એક વીડિયો સંદેશ જાહેર કર્યો. વીડિયોમાં, મુજદ્દીદીએ સરકાર પર સાંપ્રદાયિક એજન્ડાને અનુસરવાનો અને ધર્મનિરપેક્ષતાને નબળી પાડવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે વીડિયોમાં કહ્યું- આ ઝુંબેશ વક્ફ મિલકતોના રક્ષણ અને બિલને રદ કરવાની માંગ માટે ચલાવવામાં આવી રહી છે. AIMPLB માને છે કે આ બિલ વક્ફ મિલકતોની પ્રકૃતિ અને સ્વાયત્તતાને નુકસાન પહોંચાડશે, જેને તેઓ ઈસ્લામિક મૂલ્યો, શરિયત, ધાર્મિક સ્વતંત્રતા અને ભારતીય બંધારણની વિરુદ્ધ માને છે. બોર્ડના જણાવ્યા મુજબ, બિલ સંપૂર્ણપણે રદ ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. બોર્ડ તેને બંધારણીય અધિકારો સાથે જોડે છે, તેથી તેને 'વક્ફ બચાવો, બંધારણ બચાવો' અભિયાન નામ આપવામાં આવ્યું છે.

### પરમાણુ સામગ્રી વગર જ ચીને હાઈડ્રોજન બોમ્બ બનાવતા વિશ્વ સ્તબ્ધ

**નવી દિલ્હી :** ચીનના વૈજ્ઞાનિકોએ એવો હાઇડ્રોજન બોમ્બ વિકસાવ્યો છે તે અણુબોમ્બથી પણ વધારે ખતરનાક છે, પણ તેમા જરા પણ રેડિયેશન જ નથી. તેમા યુરોનિયમ અને પ્લુટોનિયમ જેવા કોઈપણ પરમાણુ પદાર્થ નથી. એક રિસર્ચ મુજબ ફક્ત બે કિલો વજનવાળા આ બોમ્બે ૧૦૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાનવાળો આગનો ગોળો બનાવી દેતા આખું વિશ્વ સ્તબ્ધ થઈ ગયું છે. આગનો આ ગોળો સળંગ બે સેકન્ડ સુધી સળગતો રહ્યો હતો. આ બોમ્બ પરમાણુ બોમ્બ જેવો નથી, પણ તેના જેવી વિનાશલીલા કરી શકે છે ખરો. ચીને ચાંદી જેવા દેખાતા એક પાવડરમાંથી આ હાઇડ્રોજન બોમ્બ તૈયાર કર્યો છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના એક રિપોર્ટ મુજબ આ પરીક્ષણ એક ખાસ પ્રકારના હાઇડ્રોજન પર આધારિત ઉપકરણ પર કરવામાં આવ્યું, જેનાથી જબરદસ્ત કેમિકલ ચેઈન રિએકશન શરૂ થઈ. તેના પરિણામે ૧,૦૦૦ ડિગ્રી સેલ્સિયસથી વધારે તાપમાનવાળી આગવાળો મોટો ગુબ્બારો સળંગ બે સેકન્ડ સળગતો રહ્યો. આ સમયગાળો પરંપરાગત વિસ્ફોટોની તુલનાએ ૧૫ ગણો વધારે છે. ચીનના વૈજ્ઞાનિકોએ આ ડિવાઇસ ચાઇના સ્ટેટ શિપ બિલ્ડિંગ કોર્પોરેશન (સીએસએસસી)ના ૭૦૫ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટમાં તૈયાર કરી. રસપ્રદ વાત એ છે કે આ હાઇડ્રોજન બોમ્બ પરમાણુ સામગ્રી વગર જ બનાવવામાં આવ્યો. તેના વિસ્ફોટ પાછળ મેગ્નેશિયમ હાઇડ્રાઇડ નામનું એક ચાંદી જેવો દેખાતો પાવડર હતો. તેને પહેલા તે વિસ્તારોમાં હાઇડ્રોજન લઈ જવા માટે બનાવાયો હતો જ્યાં વીજળી પહોંચતી નથી. હવ તેનો ઉપયોગ શસ્ત્રોમા પણ થઈ રહ્યો છે. આ ડિવાઇસમાં એક પારંપરિક વિસ્ફોટ જેવી રીતે એક્ટિવેટ થાય છે, આ પાવડર ઝડપથી ગરમ થાય છે અને હાઇડ્રોજન ગેસ છોડે છે. આ ગેસ એકદમ જ્વલનશીલ હોય છે અને તરત સળગી ઉઠે છે. તેનાથી આગનો જે ગોળો બને છે, તેની તીવ્રતા પરંપરાગત બોમ્બથી વધારે હોય છે. તેને કોઈપણ પ્રકારના રડિયેશનની જરૂર નથી. આ જ કારણે તેને નવા પ્રકારનો હાઇડ્રોજન બોમ્બ માનવામાં આવે છે.

### હવે ૧૦ વર્ષનું બાળક પણ માતાને વાલી તરીકે સાથે રાખીને બેન્ક ખાતું ખોલાવી શકશે

**મુંબઈ :** ભારતીય રિઝર્વ બેન્કે સોમવારે બેન્કોને ૧૦ વર્ષથી વધુ વયના સગીર બાળકોને સ્વતંત્ર રીતે બચત/સમયગાળા સાથે જમા ખાતુ ખોલવાની મંજુરી આપી છે. કેન્દ્રીય બેન્કે આ સંદર્ભમાં સગીરોનાં જમા ખાતા ખોલવા અને સંચાલન પર સંશોધિત નિર્દેશ જાહેર કર્યા છે. આરબીઆઈએ વાણિજિયક બેન્કો અને સહકારી બેન્કોને ઈસ્યુ કરેલ એક પરિપત્રમાં કહ્યું છે કે, કોઈપણ વયના સગીરોને પોતાના પ્રાકૃતિક કે કાનુની વાલીના માધ્યમથી બચત અને ફિક્સ્ડ ડિપોઝીટ જમા ખાતુ ખોલવા અને સંચાલીત કરવાની મંજુરી આપી શકાય છે. બાળકને પોતાની માને વાલી તરીકે રાખીને પણ આવા ખાતા ખોલવાની મંજુરી આપી શકાય છે. કેન્દ્રીય બેન્કે બેન્કોને જણાવ્યું છે કે, તે એક જુલાઈ ૨૦૨૫ સુધી સંશોધીત દિશા-નિર્દેશો અનુરૂપ નવી નીતિઓ બનાવે અથવા હાલની નીતિઓમાં સંશોધન કરે આ પ્રકારનાં ખાતામાં બેન્ક પોતાની જોખમ વ્યવસ્થાપન નીતિને ધ્યાનમાં રાખીને રકમ અને શરતો નકકી કરી શકે છે. આ બારામાં જે પણ નિયમ અને શરતો નકકી કરવામાં આવ્યુ છે તેના બારામાં જે પણ નિયમ અને શરતો નકકી કરવામાં આવે છે.તેના બારામાં ખાતા ધારકને જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત બાળકનાં વયસ્ક થયા બાદ ખાતા ધારકનાં નવા સંચાલનના નિર્દેશ અને નમુના હસ્તાક્ષર મેળવવા જોઈએ અને તેને રેકોર્ડમાં રાખવા જોઈએ સગીર ખાતા ધારકને ઈન્ટરનેટ બેન્કીંગ, એટીએમ/ડેબીટ કાર્ડ ચેકબુક જેવી વધારાની સુવિધા આપવા બેન્ક સ્વતંત્ર છે.

## ઉતાવળે

- પોપ ફ્રાન્સીસના નિધનથી ભારતમાં ત્રણ દિવસનો શોક : અંતિમ સંસ્કારના દિવસે પણ શોક પળાશે
- બેગુસરાઈમાં બે સગાભાઈની લાશ પોલીથીન બેગમાં મળતા સનસનાટી, ભારે મારપીટ કરીને હત્યા કરાઈ હોવાનું પ્રાથમિક તારણ
- પટણામાં જનતા દળ (યુ)ની મહિલા નેતા પર અંધાધુંધ ફાયરીંગ, ૫ સામે ફરિયાદ, એક ઝડપાયો, મહિલા નેતા ગંભીર ઘાયલ
- ગુગલે હવે પીક્સલ સ્માર્ટ ફોન ભારતમાં જ બનાવવાની તૈયારી કરી, વિયેટનામથી ઉત્પાદન શિફ્ટ કરવાનું આયોજન
- ભારતમાં વેચાતા દર ૫ માંથી એક સ્માર્ટફોન સેકન્ડહેન્ડ : સતત નવા મોડેલ લોન્ચ થતાં સેકન્ડહેન્ડ ફોનનું માર્કેટ ઉંચકાયું
- કૈલાસ માન સરોવરની યાત્રા જુલાઈથી શરૂ દિલ્હીમાં વિદેશ મંત્રાલય અને ચીની અધિકારીઓ સાથેની બેઠકમાં નિર્ણય
- અમેરિકાના ઔરલૈંડો એરપોર્ટના રનવે પર વિમાનમાં આગ ભભૂકી, ૨૮૨ યાત્રી નો ચમત્કારિક બચાવ

# ભૂસ્ખલનગ્રસ્ત રામબનમાં CM ઓમર અબ્દુલ્લાની કાર રોકી મહિલાઓ ચોધાર આંસુએ રડી પડી

**પૂર-ભૂસ્ખલનથી જીવન બરબાદ થઈ ગયું હોવાની જાણકારી આપી**

**સમય મિરર | શ્રીનગર**

મંગળવારે જમ્મુ અને કાશ્મીરના રામબનમાં સ્થાનિક લોકોએ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની કાર રોકી હતી. મહિલાઓ કારની સામે આવી અને હાથ જોડીને રડવા લાગી. લોકોએ કહ્યું કે ભૂસ્ખલન અને પૂર પછી અમારું જીવન બરબાદ થઈ ગયું છે.

લોકો કહેવા લાગ્યા, કૃપા કરીને ૨ મિનિટ વાત કરો. ઓમરે પોતાની કારની બારી ખોલી અને લોકોની સમસ્યાઓ સાંભળી. રામબનમાં ૨ દિવસ પહેલા વાદળ ફાટવાથી ૩ લોકોના મોત થયા હતા. પોલીસે લગભગ ૧૦૦ લોકોને બચાવ્યા. વાદળ ફાટવાનો અર્થ એ છે કે ખૂબ જ થોડા સમયમાં ભારે વરસાદ.

વાદળ ફાટવાના કારણે અચાનક પૂર આવ્યું અને પર્વતનો કાટમાળ ગામમાં ફેલાઈ ગયો. રામબનના બનિહાલ વિસ્તારમાં ઘણી જગ્યાએ ભૂસ્ખલન થયું હતું. આ કારણે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે બંધ કરવો પડ્યો હતો.

મંગળવારે રામબનમાં, મહિલાઓ કારની સામે આવી અને હાથ જોડીને રડવા લાગી હતી.

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે રામબનમાં રાહત કામગીરી ચાલી રહી છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓ છતાં, વહીવટીતંત્ર તમામ પ્રયાસો કરી રહ્યું છે. જિલ્લા કમિશનર પોતે રામબનમાં હાજર છે. વીજળી અને પાણી પુરવઠો ફરી શરુ કરવામાં આવ્યો છે. આવતીકાલ સુધીમાં નેશનલ હાઈવે પણ ખુલવાની અપેક્ષા છે. હું કાલે જાતે રામબનની



મુલાકાત લઈશ.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સોમવારે પરિસ્થિતિનો તાગ મેળવવા રામબન પહોંચ્યા હતા. ખરાબ હવામાનને કારણે હેલિકોપ્ટર ફ્લાઈટને મંજૂરી ન મળતાં ઓમર રોડ માર્ગે રામબન આવ્યા હતા. તેઓ સાંજે લગભગ ૫.૩૦ વાગ્યે રામબન પહોંચ્યા અને પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરવા પગપાળા નીકળ્યા હતા.

રામબન પહોંચતા પહેલા મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું- હું લોકોને ખાતરી આપું છું કે હાલમાં કોઈ પણ વસ્તુની કમી નથી. જ્યાં પણ વસ્તુઓના ભાવમાં વધારો થશે ત્યાં કડક કાર્યવાહી કરવામાં આવશે. જો ધરપકડની જરૂર પડશે તો ધરપકડ કરવામાં આવશે.

સ્થાનિક ધારાસભ્ય અર્જુન સિંહ રાજુએ કહ્યું - અમે આવી દુર્ઘટના ક્યારેય જોઈ નથી. આ દુર્ઘટનામાં મિલકતને ગમે તેટલું નુકસાન થયું હોય તે થયું, પરંતુ જાનહાનિ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. જોકે, પરિસ્થિતિ હવે ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે અને વહીવટીતંત્રની પહેલી પ્રાથમિકતા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવાની અને બંધ રસ્તાઓ ફરીથી ખોલવાની છે.

૧૯-૨૦ એપ્રિલની રાત્રે રામબન જિલ્લાના સેરી બાગના વિસ્તારમાં વાદળ ફાટવાની ઘટના બની હતી. વાદળ ફાટવાના કારણે અચાનક પૂર આવ્યું. પર્વતનો કાટમાળ ગામ તરફ આવ્યો, જેના કારણે ઘણા લોકો અને ઘરો ઝપેટમાં આવી ગયા. આ દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા હતા. પોલીસે લગભગ ૧૦૦ લોકોને બચાવ્યા. રામબન જિલ્લાના બનિહાલ વિસ્તારમાં ઘણી જગ્યાએ ભૂસ્ખલન થયું છે. જેના કારણે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે બંધ થઈ ગયો હતો.

# બેંગલુરુમાં વાયુસેનાના અધિકારી અને તેની પત્ની પર થયેલા હુમલા કેસમાં નવો વળાંક

**જાહેર થયેલા સીસીટીવી ફૂટેજમાં અધિકારીએ પ્રથમ હુમલો કર્યો હોવાના દ્રશ્યો કેદ**

**સમય મિરર | બેંગ્લુરુ**

બેંગલુરુમાં વાયુસેનાના અધિકારી અને તેમની પત્ની પર થયેલા હુમલાના કેસમાં સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. ફૂટેજ પરથી સ્પષ્ટ થાય છે કે વિંગ કમાન્ડર તરફથી પણ હિંસા થઈ હતી. વીડિયોમાં વિંગ કમાન્ડર પહેલા લડાઈ શરૂ કરે છે અને યુવકને રસ્તા પર ધક્કો મારીને લાત મારે છે.

સીસીટીવી ફૂટેજ અનુસાર વિંગ કમાન્ડર શિલાદિત્ય બોઝ અને તેમની પત્ની સ્ક્વોડ્રન લીડર મધુમિતા, જેઓ ડીઆરડીઓ કોલોનીથી એરપોર્ટ જઈ રહ્યા હતા, તેઓ નિયોન ગ્રીન જેકેટ પહેરેલા એક યુવક પાસે પહોંચ્યા. આ પછી ઝઘડો વધ્યો અને મારામારી શરૂ થઈ ગઈ. વીડિયોમાં મધુમિતા પણ યુવક સાથે દલીલ કરતી જોવા મળી હતી.



સોમવારે અગાઉ વિંગ કમાન્ડર બોઝે એક વીડિયો જાહેર કર્યો હતો જેમાં તેમણે દાવો કર્યો હતો કે સવારે કેટલાક લોકોએ તેમની અને તેમની પત્ની પર હુમલો કર્યો હતો. માર મારવા ઉપરાંત દુર્વ્યવહાર પણ કરવામાં આવ્યો હતો.

વીડિયોમાં, અધિકારી લોહીથી લથપથ જોવા મળ્યા. વાયુસેના અધિકારીની કારમાં લગાવેલા ડેશ કેમ રેકોર્ડના આધારે, આરોપીની ઓળખ સ્વિગી ડિલિવરી બોય તરીકે થઈ છે. પોલીસે તેની ધરપકડ કરી.

પોલીસના જણાવ્યા અનુસાર, આ પરસ્પર રોડ રેજનો મામલો છે, જેમાં બંને પક્ષોની ભૂલ હતી. ડીસીપી પૂર્વ દેવરાજ ડીએ જણાવ્યું કે એફઆઈઆર નોંધવામાં આવી છે અને યુવકની ધરપકડ કરવામાં આવી છે. વિંગ કમાન્ડરની પત્ની મધુમિતાએ બયાપ્પનહલ્લી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હવે પોલીસ સીસીટીવી અને સાક્ષીઓના આધારે સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

વિંગ કમાન્ડરે બીજો એક વીડિયો શેર કર્યો જેમાં તેઓ કહી રહ્યા છે કે અમે પોલીસ પાસે ગયા પરંતુ કોઈ મદદ મળી નહીં. જો કાયદો મદદ નહીં કરે, તો તેઓ ચોક્કસપણે બદલો લઈશું. હુમલાખોરનો ચહેરો અને બાઈક નંબર અમારી કારના ડેશ કેમમાં રેકોર્ડ થઈ ગયો છે.

**સાત કલાકની મેરેથોન બેઠક : આ માસથી જ સમિતિ દેશભરમાં એક બાદ એક રાજ્યનો પ્રવાસ કરશે**

# દિલ્હીમાં વન નેશન વન ઈલેક્શન મુદ્દે JPCની બેઠકોનો દૌર શરૂ

**સમય મિરર | નવી દિલ્હી**

સંસદના બજેટ સત્રમાં અંતિમ તબકકામાં વકફ કાનૂન સુધારા ખરડો મંજુર કરાયા બાદ હવે કેન્દ્રની મોદી સરકારે વન નેશન વન ઈલેકશનનો એજન્ડા હાથ પર લીધો છે. આ ઉપરાંત ભાજપ શાસનના વધુ રાજયોમાં કોમન સીવીલ કોડ પણ દાખલ કરવાની તૈયારી છે.

આજથી દિલ્હીમાં વન નેશન વન ઈલેકશન મુદે સંયુક્ત સંસદીય સમીતીની બેઠકોનો દૌર શરુ થશે અને આજે સાત કલાકની મેરેથોન બેઠકમાં કાનૂની અને ન્યાયીક ક્ષેત્રના નિષ્ણાંતો પણ સામેલ થશે અને તેમાં દેશભરમાં એક સાથે ચૂંટણીનો એજન્ડા લાગુ કરવાના મુદે જે કાંઈ ન્યાયીક અને કાનૂની મુદાઓ હશે તેની ચર્ચા થશે.

આ બેઠકમાં સુપ્રીમકોર્ટના પુર્વ ન્યાયમૂર્તિ એમ.એન.ઝા, કાનૂન આયોગના ચેરમેન જસ્ટીસ બી.એસ. ચૌહાણ ઉપરાંત સુપ્રીમકોર્ટના પુર્વ ન્યાયમૂર્તિ જસ્ટીસ હેમંત ગુપ્તા અને જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટના પુર્વ ન્યાયમૂર્તિ પણ સામેલ થશે જયારે રાજયસભાના સાંસદ અને સુપ્રીમ-કોર્ટના સીનીયર ધારાશાસ્ત્રી અભિષેક મનુ સીંઘવી પણ આ બેઠકમાં ભાગ લેશે.

દરેક માટે એક એક સેશન્સ નકકી કરવામાં આવ્યું છે. સંયુક્ત સંસદીય સમીતીના ચેરમેન પી.સી. ચૌધરીના જણાવ્યા મુજબ હવે વન નેશન વન ઈલેકશનની એક વેબસાઈટ લોન્ચ કરાશે.

ત્યારબાદ આ એજન્ડાની તમામ માહિતી આ વેબસાઈટ પર મળશે. એટલું જ નહી લોકો પોતાના અભિપ્રાય પણ ઓનલાઈન મોકલી દેશે. છેલ્લે તા.૨૫ના રોજ સંયુક્ત સંસદીય સમીતીની બેઠક ત્રણ કલાક ચાલી હતી.

જેમાં દિલ્હી હાઈકોર્ટના પુર્વ ન્યાયમૂર્તિ ડી.એલ.પટેલ તથા એટર્ની જનરલ આર.વેંકટરમણી સામેલ થયા હતા. બાદમાં સંયુક્ત સંસદીય સમીતી રાજયોનો પ્રવાસ શરુ કરશે જેમાં સર્વપ્રથમ મહારાષ્ટ્રમાં અને ત્યારબાદ મે માસમાં ઉતરાખંડ, જુન માસમાં જમ્મુ-કાશ્મીર, પંજાબ-હરીયાણા અને ચંદીગઢ જશે અને તેનો સર્વગ્રાહી અહેવાલ બાદમાં સંસદને સુપ્રત કરશે.

**મહાદેવ એપ કૌભાંડ મામલે**

# SEBI બાદ EDએ જગ્ગી બંધુ પર સિકંજો કસ્યો

**સમય મિરર | નવી દિલ્હી**

જેન્સોલ એન્જિનિયરિંગ'ના પ્રમોટર અનમોલ સિંહ જગ્ગી અને પુનીત સિંહ જગ્ગીએ કંપનીના ફંડનો મોટો હિસ્સો પોતાની માલિકીનો હોય એ રીતે વાપરી ખાધો હોવાનો આરોપ લાગ્યા બાદ વધુ એક મુશ્કેલીમાં મુકાયા છે. મળતા અહેવાલો મુજબ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) મહાદેવ સટ્ટા એપ કૌભાંડની તપાસ મામલે પૂછપરછ કરવા માટે જગ્ગી બંધુઓને સમન્સ મોકલી શકે છે. મીડિયા રિપોર્ટમાં એક સૂત્રોના હવાલે આ માહિતી સામે આવી છે. જોકે આ મામલે હજુ સુધી ઈડીએ જગ્ગી બંધુઓને સત્તાવાર કોઈપણ સમન્સ પાઠવ્યું નથી, પરંતુ એજન્સીએ તાજેતરમાં જ જેન્સોલ એન્જિનિયરિંગના પાંચ લાખથી વધુ શેર ફ્રીઝ કર્યા છે.

તપાસ એજન્સીઓને કંપનીના શેર કૃત્રિમ રીતે વધાર્યા હોવાની આશંકા છે અને તેની પાછળ દુબઈની કંપની જેનિથ મલ્ટી ટ્રેડિંગ ડીએમસીસીનો હાથ હોવાની પણ સંભાવના છે. આ કંપની મહાદેવ એપ કૌભાંડના આરોપી હરિ શંકર ટિબરેવાલ સાથે સંકળાયેલી હોવાનું મનાઈ રહ્યું છે.

રિપોર્ટમાં એક સીનિયર સરકારી અધિકારીને ટાંકીને કહેવાયું છે કે, તપાસમાં આશંકા વ્યક્ત



કરાઈ છે કે, મહાદેવ બેટિંગ એપનું કાણું નાણું એફપીઆઈ દ્વારા ભારતમાં લવાયું અને બજારમાં હેરાફેરી કરવા માટે જેનસોલ એન્જિનિયરિંગ જેવા SME લિસ્ટેડ સ્ટોક્સમાં રોકાણ કરાયું. ઈડી તપાસ કરી રહી છે કે, શું પ્રમોટર્સને આ રોકાણના સ્રોતો અંગે જાણ હતી?

મહાદેવ સટ્ટા એપ કૌભાંડની તપાસ કરી રહેલી ઈડીએ આ અઠવાડિયાની શરૂઆતમાં ૫૭૩ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ ટાંચમાં લીધી હતી, તેમાં જેન્સોલ એન્જિનિયરિંગ સંબંધીત સિક્યોરિટીઝ અને ડિમેટ એકાઉન્ટ્સ પણ સામેલ છે. શેર માર્કેટમાં મોકલાયેલી સૂચના મુજબ, ઈડીએ રાયપુર ઝોનલ ઓફિસ સ્થિત જેન્સોલ એન્જિનિયરિંગના ૫,૨૦,૦૬૩ શેર (કંપનીમાં ૧.૩૭ ટકાની ભાગીદારી) પોતાના કબજામાં કર્યા છે, જે અગાઉ જેનિશ મલ્ટીના નામ પર નોંધાયેલા હતા.

સેબીના જણાવ્યા અનુસાર જેન્સોલ એન્જિનિયરિંગએ રૂપિયા ૯૭૭.૭૫ કરોડની લોન મેળવી હતી, જેમાંથી રૂપિયા ૬૬૩.૮૯ કરોડના ૬,૪૦૦ નંગ ઈલેક્ટ્રિક વાહનો (EVs) ખરીદવાના હતા. કંપની દ્વારા ઈવી ખરીદીને 'બ્લુસ્માર્ટ' કંપનીને લીઝ પર આપવામાં આવ્યા હતા. જોકે, નિયત ૬,૪૦૦ નંગને બદલે ફક્ત ૪,૭૦૪ ઈવીની ખરીદી કરવામાં આવી છે. ઈવી વેચનારી ગો-ઓટો પ્રાઈવેટ લિમિટેડ દ્વારા એ વાતને સમર્થન આપવામાં આવ્યું હતું કે તેમણે જેન્સોલ એન્જિનિયરિંગને રૂપિયા ૫૬૭.૭૩ કરોડના મૂલ્યના ૪,૭૦૪ ઈવી વેચ્યા છે. જેન્સોલને વધારાનો ૨૦ ટકા ઈક્વિટી ફાળો આપવાનો હતો તે જોતાં ઈવીનો કુલ અપેક્ષિત ખર્ચ રૂપિયા ૮૨૯.૮૬ કરોડ હતો. એટલે કે રૂપિયા ૨૬૨.૧૩ કરોડનો હિસાબ હજુ પણ બાકી છે.

# અમિત શાહની હત્યાનું કાવતરું કરનારા ખાલિસ્તાન સમર્થક ગ્રુપના બે ઝડપાયા



**સમય મિરર | નવી દિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હત્યા કરવા કાવતરું ઘડવામાં આવ્યું હોવાનો ઘટસ્ફોટ થતાં ચકચાર મચી છે. પંજાબ પોલીસે દાવો કર્યો કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુ અને અકાલી નેતા અને પૂર્વ મંત્રી બિક્રમ સિંહ મજીઠિયાની હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યાં અનુસાર, ખાલિસ્તાન સમર્થક નેતા અને ખદૂર સાહિબના સાંસદ અમૃતપાલ સિંહ પર લાદવામાં આવેલા રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA)ને લંબાવવામાં આવ્યાં બાદ તેમના સમર્થકો દ્વારા આ કાવતરું ઘડવામાં આવી રહ્યું હતું.

ચેટ્સ લીક થયા પછી, પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ૪ શખ્સો સહિત ૩૦ જેટલા અજાણ્યા લોકો સામે FIR નોંધી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ બલ્કરસિંહ (ન્યુ મોડેલ ટાઉન) અને મોગાનો રહેવાસી સગીર તરીકે થઈ છે. પોલીસના જણાવ્યાં અનુસાર, આ બધા આરોપીઓ ઉપરોક્ત વોટ્સએપ ગ્રુપ્સ સાથે સંકળાયેલા હતા.

# MPમાં પુલ કૂદાવીને કાર નદીમાં ખાબકતા એક જ પરિવારના ૮ના મોત : ૫ ઘાયલ

**સમય મિરર | ભોપાલ**

મધ્યપ્રદેશમાં મોટો અકસ્માત સર્જાયો છે. દમોહ જિલ્લાના નોહટા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ બનવાર ચોકીના મહાદેવ ઘાટ પુલ પાસે એક બોલેરો કાર બેકાબૂ થઈને પુલ કૂદાવી નદીમાં ખાબકી ગઈ હતી. આ અકસ્માતમાં આઠ લોકોના કરૂણ મોત થઈ ગયા છે અને પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોની હાલત ગંભીર હોવાથી તેમને સારવાર માટે જબલપુર રિફર કરવામાં આવ્યા છે. મૃતકો જબલપુર જિલ્લાના પૌડી અને નજીકના ગામોના રહેવાસી છે. આ લોકો બંદકપુરથી દર્શન કરીને ઘરે પરત ફરી રહ્યા હતા.

માહિતી મળતાં જ કલેક્ટર સુધીર કોચર અને એસપી શ્રુત કીર્તિ સોમવંશી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્યારબાદ તેઓ જિલ્લા હોસ્પિટલમાં આવીને ઘટનાની જાણકારી આપી. સરકાર દ્વારા મૃતકોને વળતરની રકમ પણ આપવામાં આવશે.

મૃતકના સંબંધી ગોવિંદ સિંહે જણાવ્યું કે, આ તમામ લોકો એક જ પરિવારના સભ્યો છે. તેઓ અલગ-અલગ કારમાં બંદકપુરના દર્શન માટે આવ્યા હતા. અહીંથી દર્શન કરીને ગામ પાછા જઈ રહ્યા હતા. ત્યારે બનવારના મહાદેવ ઘાટ પુલ પરથી એક બોલેરો નીચે ખાબકી ગઈ. વાહનમાં ૧૩ લોકો સવાર હતા, જેમાંથી ૬ લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા અને સાત ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બે ઘાયલ વ્યક્તિઓના હોસ્પિટલમાં મૃત્યુ થયા છે અને બાકીના ૫ ઘાયલોની હાલત ગંભીર હોવાથી ગ્રીન કોરિડોર બનાવીને તેમને જબલપુર રિફર કરવામાં આવ્યા હતા. તમામ લોકો એક જ પરિવારના સભ્યો છે.

અકસ્માતની સૂચના મળતા જ કલેક્ટર સુધીર કોચર અને એસપી શ્રુત કીર્તિ સોમવંશી ઘટનાસ્થળે પહોંચ્યા અને ગ્રામજનો પાસેથી ઘટનાની માહિતી લીધા બાદ જિલ્લા હોસ્પિટલ માટે રવાના થયા. કલેક્ટર કોચરે જણાવ્યું કે, 'આ અકસ્માત મહાદેવ ઘાટ પુલના વળાંક પર સર્જાયો હતો. ગ્રામીણોએ જણાવ્યું કે બોલેરોની સ્પીડ ખૂબ વધારે હતી, તેથી ડ્રાઈવર તેને નિયંત્રિત ન કરી શક્યો. આ કારણે બોલેરો નદીમાં ખાબકી ગઈ. માહિતી લીધા બાદ સરકાર દ્વારા મૃતકોને યોગ્ય વળતર રકમ આપવામાં આવશે. આ ઉપરાંત પુલ પર જે પણ જરૂરી કામ હશે તે પણ શરૂ કરાવવામાં આવશે.'

# રાજસ્થાન-એમ.પી. સહિત ૭ રાજ્યોમાં હીટવેવનું એલર્ટ : ૨૦ રાજ્યોમાં વાવાઝોડાં-વરસાદની આગાહી

**આસામ, અરૂણાચલ પ્રદેશ અને મેઘાલયમાં વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ**

**સમય મિરર | નવી દિલ્હી**

હવામાન વિભાગે મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિત ૭ રાજ્યોમાં હીટવેવ એલર્ટ જાહેર કર્યું છે. આગામી થોડા દિવસોમાં રાજસ્થાનમાં તાપમાન ફરી વધી શકે છે. ત્રણથી ચાર દિવસમાં તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. મહારાષ્ટ્રનો ચંદ્રપુર જિલ્લો સતત બીજા દિવસે ૪૫.૬ ડિગ્રી સાથે દેશનો સૌથી ગરમ જિલ્લો રહ્યો.

મધ્યપ્રદેશમાં પણ ગરમીનો પ્રકોપ ચાલુ છે. ૨૭ શહેરોમાં પારો ૪૦ ડિગ્રી કે તેથી વધુ હતો. ૪૪ ડિગ્રી તાપમાન સાથે સીધી ફરી એકવાર રાજ્યમાં સૌથી ગરમ રહ્યું. છત્તીસગઢના ચાર જિલ્લાઓમાં હીટવેવ એલર્ટ પણ આપવામાં આવ્યું છે. અહીં, હવામાન વિભાગે ૨૦ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદની શક્યતાની આગાહી કરી છે. અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ અઠવાડિયે દેશના ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં પણ આવું જ હવામાન રહેવાની સંભાવના છે.

રાજસ્થાનમાં ગરમીના ચેતવણીને ધ્યાનમાં રાખીને, જયપુર, કોટા અને બિકાનેરમાં શાળાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જયપુરમાં, પૂર્વ-પ્રાથમિકથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓ માટે શાળાનો સમય સવારે ૭:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધીનો રહેશે. બિકાનેરમાં સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધી ખુલશે. કોટામાં શાળાઓ સવારે ૭.૩૦ થી ૧૧ વાગ્યા સુધી ખુલશે. ચિત્તોડગઢમાં પણ શાળાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

આ દિવસોમાં મધ્યપ્રદેશનો પૂર્વ ભાગ એટલે કે સીધી, સતના, ટીકમગઢ, છતરપુર, સિંગરૌલી સૌથી ગરમ છે. સતત બીજા દિવસે, સીધીમાં પારો ૪૪ ડિગ્રીને પાર કરી ગયો. તેમજ, ૨૭ શહેરોમાં પારો ૪૦ ડિગ્રી કે તેથી વધુ રહ્યો.

છત્તીસગઢમાં તાપમાન સતત વધી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર છત્તીસગઢ એટલે કે સુરગુજા અને આસપાસના જિલ્લાઓમાં આગામી ૪ દિવસ સુધી ગરમીનું એલર્ટ છે. મધ્ય છત્તીસગઢના જિલ્લાઓ એટલે કે રાયપુર, દુર્ગ, બિલાસપુર વિભાગમાં ૨૩ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમિયાન લુ ફુંકાવાની પણ સંભાવના છે.

# મૂછે લીંબુ લટકાવનાર સિટીબસના ૨૫ ડ્રાઈવરોનું રાજીનામું

## એજન્સી સાથેની બેઠક બાદ જવાબદારીની ગેરંટી નહીં મળતા ડ્રાઈવરોએ નોકરીઓ છોડી : મુસાફરોનો મિજાજ પારખી ગયેલા ડ્રાઈવરોની પાણી પહેલાં પાળ

**સમય મિરર | રાજકોટ**

શહેરમાં સીટીબસના અકસ્માતો વધી રહ્યા છે અને લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે એજન્સીઓ પણ હાથ ઉંચા કરી લેતા સીટીબસના ૨૫ જેટલા ડ્રાઈવરોએ સામુહિક રાજીનામા ધરી દીધા છે. એજન્સીએ જવાબારીની ફેંકાફેકી કરતા અને મુસાફરોનો મિજાજ પારખી ગયેલા ડ્રાઈવરોએ વહેલી પાળ બાંધી લીધી છે.

ઈન્દિરા સર્કલ સીટીબસ અકસ્માતમાં લોકોએ ડ્રાઈવરને બેફામ માર મારતા અન્ય બસના ડ્રાઈવરોએ આ પ્રકારની દુર્ઘટના સર્જાઈ અને હુમલાનો ભોગ બને ત્યારે જવાબદારી કોની? તેવા અનેક પ્રશ્નોસાથે હડતાલ ઉપર ઉતર્યા હતા અને એજન્સી સાથે મીટીંગ યોજવાની હઠ પકડતા ગઈકાલે એજન્સીએ તંત્ર સાથે અને ડ્રાઈવરો સાથે મીટીંગ યોજેલ પરંતુ



અકસ્માત દરમિયાન ડ્રાઈવરો પર થતા હુમલા સહિતના મુદ્દે મગનું નામ મરી ન પાડતા માર નથી ખાવો તેવુ કહી આજે અંદાજે ૨૫થી વધુ ડ્રાઈવરોએ રાજીનામા આપી દેતા તંત્ર અને એજન્સી મુંજવણમાં મુકાઈ ગઈ છે.

મનપાના સુત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ સીટીબસ અકસ્માતની દુર્ઘટનામાં બસના ડ્રાઈવરનેઢોર માર મારવામાં આવેલ અને તેની સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવામાં આવી છે. અકસ્માતના બીજા દિવસે માર મારવાનીઘટનાનો વિરોધ કરી સીટીબસના ૭૫થી વધુ રૂટ બંધ કરી ડ્રાઈવરો હડતાલ ઉપર ઉતરી ગયા હતા અને આ પ્રકારના અનેક મુદ્દે એજન્સી જવાબદારીઉઠાવે તો નોકરી કરવી છે. તેમ જણાવેલ જેના લીધે ગઈકાલે એજન્સીના અધિકારીઓએ તંત્ર સાથે મીટીંગ યોજી એનક મુદ્દે ચર્ચાી હાથ ધરી હતી.

પરંતુ ડ્રાયવરોના પ્રશ્નોનો ઉકેલ ન આવતા ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટનાસર્જાય તો જવાબદાર એજન્સી હાથ ઉંચા કરી દે ત્યારે ડ્રાઈવરોને ભોગવવાનું આવે તેમ જણાવી આજે ૨૫થી વધુ સીટીબસ સ્ટેન્ડમાં મુકી ડ્રાઈવરોએ એજન્સીને રાજીનામા આપી દેતા મહાનગરપાલિકાના અધિકારીઓ અને એજન્સીના માણસોમાં દોડધામ મચી ગઈ હતી. આ લખાય છે ત્યારે બપોરે એજન્સી અને અધિકારીઓ દ્વારા ડ્રાઈવરોને સમજાવવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે. છતાં આજની ઘટનાના પગલે આગામી દિવસોમાં વધુ ડ્રાઈવરો રાજીનામા આપેલ તેવુંલાગી રહ્યું છે.

### સીસીટીવી કેમેરાનું અપગ્રેડેશન કરાશે

સીટીબસના અકસ્માતોમાં વધારો થતાં અને શહેરના આઈવે પ્રોજેક્ટના અનેક કેમેરાઓ કાર્ય ન કરતા હોવાનં બહાર આવતા તંત્ર દ્વારા હવે તમામ સીટીબસના સીસીટીવી કેમેરાઓ અપગ્રેટ કરવાનો નિર્ણય લીધો છે. તેવી જ રીતે આઈવે પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં ફીટ કરવામાં આવેલા ૧૧૦૦થી વધુ સીસીટીવી કેમેરાનું ચેકીંગ કરી બંધ કેમેરાના સ્થાને નવા કેમેરા ફીટ કરી તેનું પણ અપગ્રેડેશન કરવામાં આવશે. તેમ જાણવા મળેલ છે.

# ગુજરાત સરકારના મહેસુલ વિભાગનો પરિપત્ર

## ભાડાપટ્ટાની જમીનમાં રાજ્ય સરકાર જમીનત ધારકને હવે કાયમી હક્ક આપશે

### ૩૧-૧૨-૧૯૯૦ સુધીની ભાડા પટ્ટાની જમીનમાં નિયમ લાગુ થશે : એક કરોડ સુધીની જમીનમાં કલેક્ટરને સત્તા : ૧૯૫૦ પછીના ભાડા પટ્ટામાં લાભ નહીં મળે

**સમય મિરર | રાજકોટ**

મહેસુલ કાયદાઓમાં વખતોવખત ફેરફાર કરતી રાજય સરકારે વધુ એક મહત્વના બદલાવ કર્યો છે. જે અંતર્ગત ભાડાપટ્ટાની જમીનમાં હવે જમીન ધારકને કાયમી હકક આપતો નિર્ણય લેવાયો છે. રાતભરી કિંમતી જમીનનાં હકક અપાશે. ૩૧-૧૨-૧૯૯૦ સુધીની ભાડા પટ્ટાની જમીનમાં આ નિયમ લાગુ થશે અને તેમાં જંત્રીદરનાં આધારે કિંમત નિર્ધારીત કરવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા જારી કરાયેલા પરિપત્ર-ઠરાવમાં દર્શાવાતા પ્રમાણે જમીનોનાં ભાડાપટ્ટા તાજા કરવા કે નિકાલ કરવાનાં જુદા જુદા અર્થઘટનની વિસંગતતા દુર કરવા કમીટી બનાવવામાં આવી હતી તેના દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ વિવિધ ભલામણો સાથેનો રીપોર્ટ સુપરત કરાયો હતો તેના પર વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે નવા નિર્ણય લેવામાં આવ્યા છે.

સીટી સર્વે વિસ્તારમાં લાંબા અને ટુંકાગાળા માટે ભાડાપટ્ટે આપેલી જમીનના કાયમી હકક આપવા કિંમત નિયત કરવામાં આવી છે જે માટે અલગ-અલગ દર રાખવામાં આવ્યા છે. સરકારી નીતિ હેઠળ ભાડાપટ્ટે અપાયેલી જમીનમાં જ તે લાગુ પડશે.અન્ય કિસ્સાઓમાં લાગુ નહિં થાય. વણવપરાયેલ કે ખુલ્લા પ્લોટમાં યોજના લાગુ નહિં પડે.ભાડાપટ્ટો પૂર્ણ થઈ ગયો હોય અને જમીનનો કબ્જો મુળ ધારક પાસે જ હોય તો તેને આ લાભ મળશે.

ઠરાવમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રાહત કિંમતે કાયમી નિકાલ થતી આ જમીન જુની શરતની ગણાશે. રાહત કિંમતનાં પાંચ ટકા લેખે રકમ ઉચ્ચક ભાડા પેટે ચુકવવાની છૂટ રહેશે. જમીનનાં કાયમી હકક મેળવવાની પ્રક્રિયામાં જંત્રી મુજબની સ્ટેમ્પ ડયુટી ભરવી પડશે અને આ યોજના રાજયના તમામ જીલ્લાનાં સીટી સર્વે વિસ્તારોને લાગુ થશે.

જોકે, જમીન સંબંધી કોર્ટ કેસ હોય તો યોજનાનો લાભ નહિં મળે.અનુસુચિત જાતિ-જનજાતિ તથા અન્ય પછાત વર્ગનાં હોય તો ભરવાપાત્ર કિંમતનાં ૨૦ ટકાની રાહત મળશે. જુની શરતમાં ફેરવાયેલ જમીનને અન્ય તમામ વર્તમાન નિયમો લાગુ થશે.

ઠરાવમાં દર્શાવાયા પ્રમાણે એક કરોડ સુધીની કિંમતની જમીન મિલકતનાં કાયમી નિકાલની સતા જીલ્લા મેજી.(કલેકટર) હસ્તક રહેશે જયારે તેથી વધુ રકમની દરખાસ્ત રાજય સરકારની મંજુરી લેવાની થશે. બે વર્ષ સુધીમાં યોજનાનો લાભ લઈ જશે અને કાયમી નિકાલની પ્રક્રિયા પૂર્ણ ન થાય અથવા બે વર્ષ સુધી તેના વેચાણ વ્યવહાર નહીં કરી શકાય.

### ભાડા પટ્ટાની જોગવાઈઓ

સીટી સર્વે વિસ્તારમાં વખતોવખતની જોગવાઈ/નીતિ હેઠળ ભાડાપટ્ટે અપાયેલ જમીનોને આ યોજના લાગુ પડશે. બાકી અન્ય કેસો જેવા કે ફળઝાડ, કપસ અને અન્ય વૃક્ષના ઉછેર માટે ભાડાપટ્ટે જમીન ફાળવણી, નવસાધ્ય કરવા આપેલ જમીન, ઝીંગા ઉછેર માટે ભાડાપટ્ટે જમીન ફાળવણી, મીઠા ઉદ્યોગ માટે ભાડાપટ્ટે જમીન ફાળવણી, રમત ગમતના મેદાન માટે ભાડાપટ્ટે જમીન ફાળવણી, સોલાર, વીન્ડ, સોલાર-વીન્ડ હાઈબ્રીડ યોજના માટે ભાડાપટ્ટે જમીન ફાળવણી, ગ્રીન હાઈડ્રોજન માટે જમીન ફાળવણી જેવા કેસોમાં આ યોજના લાગુ પડશે નહીં તથા મહેસુલ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ યથાવત રહેશે.

# પોલીસ કમિશનરને બંગડીઓ બતાવી કોંગ્રેસે છાજિયા લીધા

## સિટીબસ મુદ્દે સીપી કચેરીમાં વિરોધ પ્રદર્શન, એક કલાક સુધી કચેરીને બાનમાં લીધી : સૂત્રોચ્ચાર

**સમય મિરર | રાજકોટ**

સીટીબસ કાંડ બાબતે કોંગ્રેસ દ્વારા પોલીસ કમિશનર કચેરીએ વિરોધ પ્રદર્શન કર્યુ હતું. શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, રાજકોટ મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા ની આગેવાની હેઠળ જિલ્લા પંચાયત ચોક ખાતે સૌપ્રથમ કોંગ્રેસના ૧૦૦ આગેવાનો કાર્યકરો ઉપસ્થિત થઈ પોલીસ કમિશન કચેરી ખાતે ઘસી ગયા હતા અને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસની ઢીલી લીધી અંગે કોંગ્રેસે આક્રમક વલણ અપનાવી દેખાવો, સૂત્રોચાર, રામધુન, પોલીસ કમિશનરની હાય હાય, ભાજપ વિરુદ્ધ સૂત્રોચારથી પોલીસ કમિશનર કચેરી ગજવી મૂકી હતી. મહિલા કોંગ્રેસના આગેવાનોએ પોલીસને બંગડી બતાવી હતી અને ભારે રોષ દાખવ્યો હતો. પોલીસ કમિશનર દ્વારા ચાર વ્યક્તિ જ અંદર આવે એવો હઠાગ્રહને પગલે ભારે તંગ વાતાવરણ થયું હતું અને પોલીસ કમિશનર કચેરી પાસેના લીમડા હેઠળ બેસી એક કલાક દેખાવો





કરવામાં આવ્યા હતા.

આજના પોલીસ કમિશનરના ઘેરાવના કાર્યક્રમમાં વશરામભાઈ સાગઠીયા, જશવંતસિંહ ભટ્ટી, સંજયભાઈ અજુડીયા, રાજદીપ સિંહ જાડેજા, નયનાબા જાડેજા, મકબુલભાઈ દાવદાણી, ઈર્શાદભાઈ, કોમલબેન ભારાઇ, રાહુલ સોલંકી, દીપ્તિબેન સોલંકી, દીપુબેન રવૈયા, મીનાબેન જાદવ, જયાબેન ટાંક, સંજયભાઈ લાખાણી, કૃષ્ણદતભાઈ રાવલ,રહીમભાઈ સોરા, યુનસભાઈ જુણેજા, ભાવેશભાઈ બોરીચા, તુષારભાઈ નંદાણી, કલ્પેશભાઈ કુંડલીયા, નિલેશભાઈ ગોહેલ, રમેશભાઈ ઝુંઝા, નિલેશભાઈ વિરાણી, નંદાભાઇ ડાંગર, કિંજલબેન જોષી, ગીરીશભાઈ પટેલ, જયાબેન ચૌહાણ, અહેસાન ચૌહાણ, ચિંતન દવે, જગાભાઈ મોરી, દિલીપભાઈ આસવાણી, હબીબભાઈ કટારીયા, જીગ્નેશ બોરડ, જીતુભાઈ ઠાકર, ગજેન્દ્રસિંહ ઝાલા, અશોકભાઈ વાળા, હિંમતભાઈ મયાત્રા, રઘુરામભાઈ યાદવ, દીપકભાઈ મકવાણા, જસુબા વાંક, સલીમભાઈ કારિયાણી, નાગજીભાઈ વિરાણી, ડી પી મકવાણા, લાખાભાઈ ઉંઘાડ, રસિકભાઈ ભટ્ટ, મયુરસિંહ સોલંકી, ચંદ્રિકાબેન વરાણીયા, ગૌરવભાઈ પુજારા, અજીતભાઈ જુણેજા વિગેરે જોડાયા હતાં.

### ૧૧૯ સગીરોના સર્ટિફિકેટો બ્લેક લિસ્ટ કરાયા : અરજીમાં ઉંમર ઓછી હોવાનું કારણ બહાર આવતા તંત્રની કાર્યવાહી

# ઘરેથી ભાગીને લગ્ન કરનારના મેરેજ સર્ટિ. પર મહાનગરપાલિકાની રોક

**સમય મિરર | રાજકોટ**

મહાનગરપાલિકાના મેરેજ રજીસ્ટાર વિભાગમાં આખુ વર્ષ દરમિયાન સતત ટ્રાફિક જોવા મળતો હોય છે. મેરેજ સર્ટીનો ઉપયોગ અન્ય વિભાગોમાં વધતા લગ્ન બાદ તુરંત મેરેજ સર્ટી કઢાવવાનો આગ્રહ નવયુગલો રાખતા હોય છે. પરંતુ છેલ્લા એક વર્ષ દરમિયાન સગીર વયના યુવક યુવતિઓએ લગ્ન કરી મેરેજ રજીસ્ટાર વિભાગમાં અરજી કરતા ઉંમર ઓછી હોવાનું બહાર આવતા વિભાગ દ્વારા આ પ્રકારના ૧૧૯ કપલોને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા છે. છેલ્લા ચારમાસમાં જ સૌથી વધુ ૨૯ સગીરોએ લગ્ન કર્યા બાદ મેરેજ સર્ટી માટે અરજી કરી હોવાનું બહાર આવ્યું છે.

મનપાના મેરેજ રજીસ્ટ્રાર વિભાગમાં મેરેજ સર્ટી માટે આવતા મોટા ભાગના યુગલો પારંપારીક રીતે લગ્ન કર્યા બાદ સર્ટી કઢાવા માટે આવતા હોય છે. નિયમ મુજબ




યુગલો દ્વારા લગ્નનું સ્થળ તેમજ બન્નેના માતા-પિતાની સંમતિ સહિતના ડોક્યુમેન્ટ ફરજિયાત કરવામાં આવ્યા છે. રજીસ્ટાર ઓફિસમાં આવતા યુગલોએ ક્યા સ્થળે લગ્ન કર્યા તે દર્શાવવુ ફરજિયાત છે. પરંતુ પ્રેમ લગ્ન કરનાર એટલે કે ઘરેથી ભાગીને મંદિરમાં અથવા અન્ય કોઈ સ્થળે લગ્ન કરી લીધા હોય અને ત્યાર બાદ મેરેજ સર્ટીની જરૂરિયાત ઉભી થાય ત્યારે આ પ્રકારના યુગલો દ્વારા મનપાના મેરેજ રજીસ્ટાર વિભાગમાં અરજી કરવામાં આવતી હોય છે. જેના લીધે ડોક્યુમેન્ટ ચકાસણી દરમિયાન પ્રથમ પતિ અને પત્નીની ઉંમર ચેક કરવામાં આવે છે.

જેમાં ૨૦૨૪ના એક વર્ષ દરમિયાન ૯૦ યુગલો કે જેની ઉંમર કરતા ઓછી હોવાનું જાણવા મળેલ આ તમામ કિસ્સામાં મોટેભાગે યુવકની ઉંમર ઓછી હોવાનું નોંધવામાં આવ્યું છે. અમુક કિસ્સામાં યુગલોને સંતાન થઈ ગયા બાદ મેરેજ સર્ટી માટે અરજી કરવામાં આવી હતી અને પુછપરછ દરમિયાન તેઓએ અમારી ઉંમર ૨૫ વર્ષથી વધુ છે. તેમ જણાવેલ પરંતુ લગ્ન સમયે તેઓ સગીર હોવાથી આ પ્રકારની તમામ અરજીનો અભ્યાસ કરી ૨૦૨૪ના એક વર્ષ દરમિયાન આવેલ ૯૦ અરજી અને ૨૦૨૫ના એપ્રીલ માસ સુધીમાં આવેલ ૨૯ અરજી અમાન્ય રાખી તમામ કપલોના નામ સાથેના ડોક્યુમેન્ટને સેવ કરી બ્લેક લીસ્ટમાં મુકવામાં આવ્યા છે.

મનપાના આરોગ્ય અધિકારીના જણાવ્યા મુજબ રાજકોટની હદમાં લગ્ન કરેલા હોય અને મનપાની લગ્ન રજીસ્ટાર કચેરીમાં અરજી કરી હોય તેવા ૧૧૯ કપલોને અત્યાર સુધી બ્લેક લીસ્ટ કરાયા છે. છતાં અમુક યુગલો દ્વારા ગ્રામ્ય પંચાયતોમાં લગ્ન નોંધણી સર્ટી માટે અરજી કરી પૈસાની લેતી-દેતી કરી મેરેજ સર્ટી કઢાવી લીધાનું જાણવા મળેલ છે. છતાં મનપા દ્વારા બનાવવામાં આવેલ સોફ્ટવેરમાં સગીર વયના યુવક-યુવતિઓએ લગ્ન કરેલા હોય તે માન્ય રહેતા નથી અને આ પ્રકારના યુગલો દ્વારા કરવામાં આવેલ અરજી નામંજુર કરી તેમને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવી રહ્યા છે.

# ગોલા અને આઈસ્ક્રીમના ધંધાર્થીઓ પર તૂટી પડતી મનપા : ૬ નમુના લેવાયા

## ૧૭ વેપારીઓને ત્યાં ફૂડ વિભાગનું ચેકિંગ, મંજુરી વગર ધંધો કરનારને લાયસન્સ અંગે નોટિસ ફટકારી

**સમય મિરર | રાજકોટ**

મનપાના ફૂડ વિભાગ દ્વારા આજરોજ ખાણી-પીણીના ૧૭ ધંધાર્થીઓને ત્યાં ચકાસણી હાથ ધરી એક વેપારીને લાયસન્સ અંગે નોટીસ આપવામાં આવી હતી. તેમજ ગોલા તથા આઈસ્ક્રીમ અને ખાદ્યતેલના ધંધાર્થીઓને ત્યાં ચેકીંગ કરી આઈસ્ક્રીમ, સીરપ અને અલગ અલગ ખાદ્યતેલના નમુના લઈ પૃથકરણ અર્થે લેબમાં મોકલી આપ્યા હતાં.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના હેમુગઢવી હોલ પાછળ -હોકર્સ ઝોન વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૭ ધંધાર્થિઓની ચકાસણી હાથ



ધરવામાં આવેલ. જેમાં ૦૧ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૭ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ તેમજ (૦૧)મહાદેવ પાઉંભાજી -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. તથા (૦૨)જે જે ઘૂઘરા (૦૩)મહાદેવ દાળ-પકવાન (૦૪)બોમ્બે પાઉંભાજી (૦૫)બાલાજી દાળપકવાન (૦૬)કદમ્બ દાબેલી (૦૭)શ્રીજી બ્રેડ સેન્ટર (૦૮) આશાપુરા દાળપકવાન (૦૯) રાજ દાળપકવાન (૧૦)જે જે બ્રેડપકોડા (૧૧)રાજ મેગી સેન્ટર (૧૨)જય જુલેલાલ સમોસા (૧૩)કરીમ'સ એગ સેન્ટર (૧૪) મારુતિ અલ્પાહાર (૧૫) ગિરિરાજ ઘૂઘરા (૧૬)એચ.કે. ઈડલી સંભાર (૧૭)રાજ સ્નેકસની ચકાસણી કરવામાં આવેલ હતી. ફૂડ વિભાગ દ્વારા આજે ભક્તિનગર સર્કલ પાસે સોનારૂપા પાર્લરમાંથી વેનીલા આઈસ્ક્રીમ લુઝ તથા ઓરિયો કુકીઝ આઈસ્ક્રીમના સેમ્પલ તેમજ જામનગર રોડ ઉપર સાંજ ગોલા એન્ડ રસ સેન્ટરમાંથી કાચીકેરી ફ્લેવરનું સીરપ તેમજ ફ્લોરા આઈકોન શોપ અંબિકા ટાઉનશીપ ખાતેથી ૫૦૦ ગ્રામ પેકીંગમાં ગોળ તેમજ પિનટ ઓઈલ અને મગફળી તેલ સહિતના નમુના લઈ લેબમાં મોકલી આપ્યા હતાં.



# યાર્ડમાં ચણાની રેકોર્ડબ્રેક સાડા ત્રણ લાખ મણની આવક થઈ

## પટાંગણમાં ૧૨૫૦થી વધુ વાહનના થપ્પા લાગ્યા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ માર્કેટ યાર્ડમાં રવિ સિઝન જામી છે અને દૈનિક લાખો જણસીની આવક થઈ રહી છે. આજે ચણાની રેકોડબ્રેક આવક થઈ હતી. ગઈકાલથી સરકારે ટેકાના ભાવે ખરીદી પણ શરૂ કરી છે. આજે યાર્ડમાં સાડાત્રણ લાખથી વધુ જણસી ઠલવાઈ હતી. જ્યારે ૧૨૦૦થી વધારે વાહનોની લાંબી લાઈન લાગી હતી.

યાર્ડમાં આજે ૧૨૫૦થી વધુ વાહનોની લાંબી લાઈન લાગી હતી. તમામ વાહનોને ટોકન આપી અને પ્રવેશ આપવામાં આવ્યો હતો. તમામ વાહનના પાર્કિંગની યાર્ડના મંદિર પાસે વ્યવસ્થા કરવામાં આવી હતી. આજે યાર્ડમાં ચણાની ઐતિહાસિક ૨,૬૨,૫૦૦ મણની આવક થઈ હતી. ધાણાની ૨૯૦૦૦ મણ, મગફળીની ૧૮૦૦૦ મણ અને જીરૂની ૭૨૦૦ મણની આવક થઈ હતી. યાર્ડમાં જણસીઓની મબલખ આવક થતાં યાર્ડના પટાંગણમાં ઉતરાઈની વ્યવસ્થા કરતા યાર્ડના પંટાગણમાં જણસીઓના ઢગલા થયા છે. અને યાર્ડ ગોલ્ડન થયું છે. આ વર્ષે યાર્ડની આવકમાં પણ આવકમાં વધારો થયો છે. યોગ્ય ભાવ મળતા ખેડુતો રાજકોટ યાર્ડ તરફ વળ્યા છે.

# કલેક્ટરે ૧૮ કરોડની સરકારી જમીન દબાણ મુક્ત કરાવી

### ■ બેડી ચોકડી નજીક ત્રણ પાનની દુકાનો, નોનવેજ રેસ્ટોરન્ટ, સ્કેપ, પંચરની દુકાન તોડી પડાઈ

### ■ ખેરડીમાં બે એકર જમીનમાં થયેલા દબાણ પર બુલડોઝર ફર્યુ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ કલેકટરના આદેશ છુટતા આજે રાજકોટ-મોરબી રોડ પર બેડી ચોકડી પાસે રૂા.૧૦ કરોડ અને અમદાવાદ હાઈવે પર ખેરડી જવાના રસ્તે બે એકર સરકારી જમીન પર ખડકી દેવાયેલ દબાણ પર મામલતદારોની સુચનાથી બુલડોઝરની ધણધણાટી બોલાવવામાં આવતા પાનની દુકાનો, નોનવેજ રેસ્ટોરન્ટ, પંચની દુકાન અને એક મકાનને જમીન દોસ્ત કરવામાં આવ્યું હતું.

મામલતદાર એસ.જે. ચાવડા અને તેમની ટીમે આજે સવારે બેડી ચોકડી પાસેના રે.સ.નં. ૨૭ પૈકીની આશરે ૧૦૦૦ ચોરસ મીટર સરકારી ખરાબાની જમીન પરના કુલ સાત ગેરકાયદેસર દબાણોને જમીનદોસ્ત કર્યા હતા. આ દબાણોમાં બુટ ભવાની, પાન એન્ડ કોલ્ડ્રીંકસ, શેરડીનો ચીચોડો, લાજવાબ નોનવેજ રેસ્ટોરન્ટ, લાજવાબ પાન અને કોલ્ડ્રીંકસ, સતગુરુ સ્કેપ અને એક પંચરનું કામચલાઉ સ્ટ્રક્ચરનો સમાવેશ થતો હતો. તંત્ર દ્વારા આ તમામ દબાણોને દૂર કરીને ૧૦ કરોડની જમીનને ખુલ્લી કરવામાં આવી હતી.

આ કાર્યવાહી પહેલાં, સર્કલ ઓફિસર સત્યમભાઈ શેરસીયા અને તલાટી ધારાબેન વ્યાસ દ્વારા તારીખ ૦૮/૦૪/૨૦૨૫ના રોજ દબાણકર્તાઓને નોટિસ આપવામાં આવી હતી. જો કે, દબાણકર્તાઓ દ્વારા નિર્ધારિત સમય મર્યાદામાં દબાણ દૂર કરવામાં ન આવતા, આજે તારીખ ૨૨/૦૪/૨૦૨૫ના રોજ આ દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

અગાઉ અનેક નોટિસો આપવા છતાં પણ દબાણ દૂર કરવામાં ન આવતા કોમર્શિયલ બાંધકાણો પર આજે બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં બે એકર જેટલી સરકારી જમીન પરના ૧૦ પાનના થડા, ત્રણ વાડા અને એક પાકું મકાન સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા આ જમીનની અંદાજિત કિંમત ૭ થી ૮ કરોડ થવા જઈ છે.

આ દબાણ દૂર કરવાની કામગીરીમાં તાલુકા મામલતદાર મકવાણા, નાયબ મામલતદાર રઘુવીર સિંહ વાઘેલા,સર્કલ ઓફિસર સત્યમ શેરસીયા,તેજ લુણાંગરીયા, તલાટી મંત્રી અને પોલીસ અધિકારીની ટીમ સ્થળ પર હાજર રહીને આ દબાણ દૂર કરવાની હાથ ધરવામાં આવી હતી.



તંત્રીલેખ



# મહારાષ્ટ્રમાં ઠાકરે બંધુઓ મનામણાં કરવાના મોડમાં

રાજકીય રીતે અત્યારે ઉદ્ધવની શિવસેના અને મનસે બંને આઈસીયુમાં છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં રાજ ઠાકરેની મનસે અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના એ બંને પક્ષોનું પ્રદર્શન ખૂબ જ નિરાશાનજક હતું. ઉદ્ધવની શિવસેનાને મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી ફક્ત ૨૦ બેઠક મળી જ્યારે રાજ ઠાકરેની મનસેનું તો ખાતું પણ ખૂલ્યું ન હતું. લોકસભામાં ઉદ્ધવની શિવસેના પાસે ૯ સાંસદ છે તેથી રાજ ઠાકરે કરતાં ઉદ્ધવ ચોક્કસ મજબૂત સ્થિતિમાં કહેવાય પણ સત્તા વિનાની તાકાતનો બહુ અર્થ નથી એ જોતાં કોઈની સ્થિતિ વખાણવા યોગ્ય તો નથી જ. રાજ ઠાકરેએ એક જમાનામાં મહારાષ્ટ્રમાં નિર્ણાયક રાજકીય પરિબળ બનવાની આશા ઊભી કરેલી પણ ગાજ્યા મેઘ વરસ્યા નહીં. રાજ ઠાકરેએ ૨૦૦૬માં શિવસેનાથી અલગ થઈને નવા પક્ષ મહારાષ્ટ્રના નવનિર્માણ સેનાની સ્થાપના કરી હતી.

૯ માર્ચ ૨૦૦૬ના રોજ શિવાજી પાર્ક ખાતે રાજ ઠાકરેએ તેમના પક્ષ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ની જાહેરાત કરી ત્યારે મનસેને 'મરાઠી માનુષીઓની પાર્ટી' ગણાવીને કહ્યું હતું કે આ પાર્ટી એક દિવસ મહારાષ્ટ્ર પર શાસન કરશે. રાજ ઠાકરેની પાર્ટીને ૧૯ વર્ષ થઈ ગયાં પણ આ ૧૯ વર્ષમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સત્તા મેળવવાનું તો છોડો પણ સત્તાની નજીક પણ નથી પહોંચી શકી ઉલ્ટાનું નામશેષ થઈને રહી ગઈ છે.

મહારાષ્ટ્રમાં શિવસેનામાં ભંગાણ અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર પછી ઉદ્ધવ ઠાકરે પોતાના રાજકીય અસ્તિત્વ માટે લડાઈ લડી રહ્યા છે ત્યારે ઉદ્ધવ ઠાકરે અને તેમના પિતરાઈ રાજ ઠાકરે હાથ મિલાવે એવા સંકેત રાજ ઠાકરેએ આપ્યા છે. રાજ ઠાકરે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના પ્રમુખ છે પણ મનસેનું પણ કોઈ રાજકીય વજન નથી. આ સંજોગોમાં આવ ભાઈ હરખા, આપણે બેઉ સરખા કરીને રાજ અને ઉદ્ધવ એક થઈ જાય એવા સંકેત ખુદ રાજ ઠાકરેએ આપ્યો છે.

એક યુ-ટ્યુબ ચેનલને આપેલી મુલાકાતમાં રાજ ઠાકરેએ દાવો કર્યો કે, ઉદ્ધવ સાથે તેમને રાજકીય મતભેદો છે, વિવાદો છે, ઝઘડા છે પણ મહારાષ્ટ્રના હિતમાં આ બધી જ બાબતો ખૂબ જ નાની છે. મહારાષ્ટ્ર અને મરાઠી લોકોના હિત માટે સાથે થવામાં કોઈ મુશ્કેલી નથી. મહારાષ્ટ્રના હિતના કોઈપણ મોટા ધ્યેય સામે અમારી વચ્ચેના ઝઘડા નાના છે. રાજ ઠાકરેના કહેવા પ્રમાણે, એ શિવસેનામાં હતા ત્યારે પણ તેમને ઉદ્ધવ સાથે કામ કરવામાં કોઈ વાંધો નહોતો.

રાજ ઠાકરેએ પોતે ઉદ્ધવ સાથે હાથ મિલાવશે કે નહીં તેનો નિર્ણય ઉદ્ધવ પર છોડીને એમ પણ કહ્યું કે, હવે સવાલ એ છે કે, સામેની વ્યક્તિ એટલે કે ઉદ્ધવ હું તેની સાથે કામ કરું કે નહીં એવું ઈચ્છે છે કે નહીં તેનો છે. બાકી હું તો ક્યારેય આવી નાની નાની બાબતોમાં મારો અહંકાર લાવતો નથી. ઉદ્ધવે પણ રાજ ઠાકરે જેવો જ સૂર કાઢ્યો છે ને કહ્યું છે કે, રાજ સાથે મારા તરફથી ક્યારેય કોઈ ઝઘડો થયો નથી. ઉદ્ધવ ઠાકરેએ પોતે રાજ ઠાકરે સાથે હાથ મિલાવવા તૈયાર છે એવું ફોડ પાડીને કહ્યું નથી પણ હાથ નહીં મિલાવે એવું પણ કહ્યું નથી. બલ્કે ઉદ્ધવ ઠાકરેનો સૂર પણ હકારાત્મક છે એ જોતાં બંને ભેગા થઈ જાય તો નવાઈ નહીં લાગે.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના વરસોથી લોકસભાની ચૂંટણી લડે છે પણ અત્યાર સુધીમાં લોકસભામાં એક પણ ઉમેદવાર ચૂંટાયો નથી. ૨૦૦૯માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પહેલી વાર લડી ત્યારે તેનો દેખાવ શાનદાર હતો. રાજ ઠાકરેની મનસેએ ૧૩ બેઠકો જીતી હતી અને ૨૪ વિધાનસભા મતવિસ્તારમાં રાજ ઠાકરેનો પક્ષ બીજા ક્રમે હતો. રાજનો પ્રભાવ પહેલા જ ધડાકે ૩૭ વિધાનસભા બેઠકો પર વર્તાયેલો અને ત્યારે લાગતું હતું કે, ભવિષ્યમાં રાજ ઠાકરેની પાર્ટી સત્તામાં આવી શકે છે.

આ આશા ઠગારી નિવડી અને શાનદાર શરૂઆત પછી રાજ ઠાકરેની મનસેની અધોગતિ થઈ. વિધાનસભામાં સતત બેઠકો ઘટતી રહી ને ઝીરો પર આવી ગઈ. શાનદાર શરૂઆત પછી બીજો કોઈ પક્ષ હોય તો પોતાની સ્થિતિ મજબૂત કરીને આગળ વધે પણ મનસે પાછળ પડતી ગઈ. ૨૦૧૪ની વિધાનસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની બેઠકો ઘટીને માત્ર ૨ થઈ ગઈ હતી.

અત્યારે સ્થિતિ એ છે કે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પાસે સંગઠન નથી કે મજબૂત નેતા નથી. રાજ ઠાકરે નિવેદનો ફટકારીને પોતાનું રાજકારણ ચલાવ્યા કરે છે અને ચર્ચામાં રહે છે. રાજ ઠાકરે હજુય મીડિયાને આકર્ષે છે પણ મતદારોને આકર્ષી શકતા નથી. ભાજપ સહિતના પક્ષોના નેતા વચ્ચે વચ્ચે રાજ ઠાકરેને મળી આવે છે પણ તેમની કોઈ ઉપયોગિતા નથી તેથી કોઈને જોડાણમાં રસ પડતો નથી. રાજ ઠાકરેએ હિંદુત્વનો નાદ જગાવીને જોયો, મરાઠી માનુષીની વાત પણ કરી લીધી ને મોદીનાં વખાણ પણ કરી નાખ્યાં છતાં રાજકીય પ્રભાવ ઊભો થતો નથી. બલ્કે થોડાંક વરસોમાં તેમનું રાજકીય અસ્તિત્વ જ મટી જાય એવો ખતરો છે.

આ સ્થિતિ આવે એ પહેલાં ઉદ્ધવ સાથે હાથ મિલાવી લે તો ક્રમ કે કમ ભવિષ્યની પેઢી માટે તો રાજકીય પ્લેટફોર્મ તૈયાર કરી શકશે. ઉદ્ધવની શિવસેના ભાંગી ભાંગી તોય ભરૂચ છે. તેની પાસે હજુ થોડું સંગઠન છે ને વફાદાર મતબેંક પણ છે તેથી રાજ ઠાકરે ફાયદામાં રહેશે.

મનસે સ્થાનિક રાજકારણમાં પણ કોઈ છાપ છોડી શકી નથી. મનસેએ ૨૦૧૨માં નાસિક મહાનગરપાલિકામાં શાનદાર શરૂઆત કરી હતી. મનસેને નાસિક મનપાની ૧૨૨માંથી ૪૦ બેઠકો મળી હતી પણ ૨૦૧૭માં એમએનએસની બેઠકો ઘટીને ૫ થઈ ગઈ અને અત્યારે મનસે ક્યાંય ચિત્રમાં જ નથી. ૨૦૧૨માં મુંબઈ મહાનગરપાલિકામાં મનસેએ ૨૭ બેઠકો જીતી હતી જે ૨૦૧૭માં ઘટીને સાત થઈ ગઈ હતી. આ સાતમાંથી છ કોર્પોરેટરો શિવસેનામાં જોડાઈ જતાં માત્ર એક કોર્પોરેટર બચ્યો હતો. વિધાનસભામાં મનસે પાસે અત્યારે કોઈ પ્રતિનિધિત્વ નથી તેથી મનસે માત્ર કાગળ પરની પાર્ટી છે.

જો કે રાજકારણીઓ જાહેરમાં બોલે છે એ રીતે વર્તે એ જરૂરી નથી. રાજ અને ઉદ્ધવ બંનેને આ વાત લાગુ પડે છે. બંને જાહેરમાં કોઈ ઝગડો નથી એવું કહ્યા કરતા હોય પણ અંદરખાને એકબીજા માટે કડવાશ ભરીને બેઠા હોય એવું બને. આ સંજોગોમાં બંને સાથે ના થાય ત્યાં સુધી કંઈ પણ કહેવું વહેલું કહેવાય.

# કેથોલિક ચર્ચની દાયકાઓ જૂની વ્યવસ્થા સુધારણા માટે પોપ ફ્રાન્સિસને હંમેશા યાદ રખાશે

## પોપ બન્યાના પાંચ વર્ષ બાદના સર્વેક્ષણોથી ખબર પડી કે તેમની લોકપ્રિયતા કેથોલિક અને અન્ય ધર્મોમાં ખૂબ વધુ છે, દોઢ કરોડ કરતા વધુ લોકો તેને સો. મીડિયા પર ફોલો કરે છે

ખ્રિસ્તીઓના સૌથી મોટા ધર્મગુરુ પોપ ફ્રાન્સિસનું સોમવારે સવારે નિધન થયું. કાડિનલ કેવિન ફેરેલે પોપના નિધનની જાહેરાત કરી. ફેરેલે પોતાની જાહેરાતમાં કહ્યું કે, ''રોમના સ્થાનિક સમયાનુસાર ૭:૩૫ વાગ્યે પોપ ફ્રાન્સિસે અંતિમ શ્વાસ લીધા. ફ્રાન્સિસનું આખું જીવન લોર્ડ અને ચર્ચની સેવામાં સમર્પિત હતું. પોપ ફ્રાન્સિસ લોર્ડ જીસસના સાચા શિષ્ય હતા.''



પોપ ફ્રાન્સિસ કેથલિક ચર્ચોમાં સુધારા માટે પણ ખ્યાત છે. તેમ છતાં પોપ રૂઢિવાદીઓમાં પણ લોકપ્રિય હતા. ફ્રાન્સિસ દક્ષિણ અમેરિકા (આર્જેન્ટિના)થી પોપ બનનાર પ્રથમ હતા.

પોપ ફ્રાન્સિસ ઈસ્ટર સન્ડેના રોજ જ વેટિકનમાં સેન્ટ પીટર્સ સ્ક્વેર પર બધાને મળ્યા હતા. પોપ વ્હીલ ચેર પર બાલકનીમાં લોકોને દેખાયા અને તેમણે કહ્યું હતું - પ્રિય ભાઈઓ અને બહેનો, તમને સૌને ઈસ્ટર મુબારક. કાડિનલ જોર્જ મારિયો બર્ગોગ્લિયો ૨૦૧૩માં જ્યારે બેનેડિક્ટ સોળમાના ઉત્તરાધિકારી તરીકે પસંદ કરાયા ત્યારે તો વેટિકન માટે તેઓ એક પ્રકારે બહારની વ્યક્તિ હતા.

૨૬૬મા પોપ સ્વરૂપે તેમની પસંદગીથી વિશ્લેષકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વિશ્લેષક ૭૬ વર્ષના પોપના સ્થાને કોઈ યુવાન પોપ તરીકે ચૂંટાશે તેવી આશા રાખી રહ્યા હતા. ચૂંટણી દરમિયાન તેમણે રૂઢિવાદીઓ અને સુધારકો બંનેનું જબરદસ્ત સમર્થન મળ્યું. તેમને યૌન મામલામાં રૂઢિવાદી અને સામાજિક મામલામાં ઉદાર માનવામાં આવતા હતા.

સમર્થક તેમને લોકો સાથે જોડાવા, ક્યૂરિયા (વેટિકન નોકરશાહી)માં સુધારો લાવવા, વેટિકન બેન્કમાં ભ્રષ્ટાચાર સમાપ્ત કરવા અને ચર્ચમાં બાલ યૌન શોષણ રોકવાના સંકલ્પના કારણે ઘણા પંસદ કરતા હતા.

પ્રસંગ રંગ - પી.એન.જાડેજા

પોપ અંગે વિશેષજ્ઞોએ કહ્યું કે એ કહેવું ખોટું હશે કે પોપ સંપૂર્ણપણે ઉદારમતવાદી છે. રોમન કેથોલિક મામલાની સમાચાર વેબસાઈટ ક્રૂક્સના સંપાદક જોન એલન જૂનિયરે ૨૦૧૬માં લખ્યું, ''ફ્રાન્સિસ પણ સ્પષ્ટપણે 'રૂઢિવાદી' છે.''

તેમણે ''કેથેશિઝમ''નું એક કોમા પણ નથી બદલ્યું. કેથેશિઝમ ચર્ચના ઉપદેશોનો આધિકારિક સંગ્રહ છે. તેમણે મહિલા પાદરીઓ માટે ના પાડી છે. સમલૈંગિક વિવાહ માટે પણ ના પાડી. ગર્ભપાતને સૌથી ભયાનક અપરાધ ગણાવ્યા, જન્મનિયંત્રણ પર પ્રતિબંધનો બચાવ કર્યો છે અને દરેક બીજા વિવાદિત મુદ્દે પોતાની જાતને એક પ્રામાણિક 'ચર્ચનો દીકરો' સાબિત કર્યો.

જોકે, ક્યૂરિયાને કાબૂ કરવા, પુનર્વિવાહ બાદ પ્રભુભોજ જેવા મુદ્દા પર ચર્ચના વલણને નરમ કરવાની તેમની ઈચ્છાથી અધિકારીઓને પડકાર પણ મળ્યો. તેમણે એવા કાડિનલ્સને બદલવામાં પણ કોઈ ખચકાટ ન અનુભવ્યો, જેઓ તેમનાથી સંમત નહોતા.

પોપ બન્યાનાં ચાર વર્ષ બાદનાં સર્વેક્ષણોથી ખબર પડી કે પોપની લોકપ્રિયતા કેથોલિક અને અન્ય ધર્મોમાં ખૂબ વધુ છે. સોશિયલ મીડિયા ઍક્સ પર તેમને દોઢ કરોડ કરતાં પણ વધુ લોકો ફોલો કરે છે.

જોકે, ઘણા મુદ્દા પર સીધી દખલ ન દેવાને કારણે વેટિકનની અંદર અને બહાર તેમના વિરોધીઓની સંખ્યા પણ નોંધપાત્ર રહી.

રોમ સંવાદદાતા ડેવિડ વિલી અનુસાર, ચૂંટણીના બીજા જ દિવસે સવારે નવા પોપ રોમન બેસિલિકામાં પ્રાર્થના કરવા માટે અજ્ઞાત વાહનોના કાફલામાં વેટિકન સિટીથી બહાર નીકળ્યા હતા. વેટિકન પરત ફરતી વખતે તેમણે ઈટાલિયન પાટનગરના મધ્યમાં પાદરી વર્ગ માટે બનેલી એક હોટલમાં પોતાનું બિલ ભરવાની વાત ભારપૂર્વક જણાવી, આનાથી તેમની શૈલીની છાપ પોપ પદ પર તરત જ પડી ગઈ. તેમણે એ વિશાલ પેન્ટહાઉસ ઍપાર્ટમેન્ટને ત્યાગી દીધો, જેનો પોપ ઘણી સદીઓથી ઉપયોગ કરી રહ્યા હતા. તેઓ વેટિકન ગેસ્ટહાઉસના એક નાનકડા સુઈટમાં રહેવા લાગ્યા. આ સાથે જ તેમણે પોપના ગ્રીષ્મકાલીન નિવાસ કાસલ ગંડોલ્ફોને પણ ત્યાગી દીધો.

તેમણે મુક્ત બજાર અર્થશાસ્ત્ર પર સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું કે ચર્ચે સમલૈંગિક લોકો માટે મત બાંધવાના સ્થાને તેમની માફી માગવી જોઈએ. આ સિવાય તેમણે યુરોપિયન માઈગ્રન્ટ ડિટેન્શન સેન્ટરોની સરખામણી નજરબંદી શિબિરો સાથે કરી.

જોર્જ મારિયો બર્ગોગ્લિયોનો જન્મ ૧૭ ડિસેમ્બર, ૧૯૩૬ના રોજ બ્યૂનસ આયર્સમાં થયો હતો, તેઓ ઈટાલિયન મૂળના હતા.

આધિકારિક વેટિકન જીવનકથા અનુસાર, તેમણે ૧૯૬૯માં જેસુઈટ તરીકે નિયુક્ત કરાયા હતા અને તેઓ અભ્યાસ માટે આર્જેન્ટિના અને જર્મની ગયા હતા.

યુવાનીમાં સંક્રમણના કારણે તેમનું એક ફેફસું કાઢી નાખવું પડેલું, તેઓ ૧૯૯૨માં બિશપ બન્યા અને ૧૯૯૮માં બ્યૂનસ આયર્સના આર્કબિશપ બન્યા.

કાર્ડિનલ બર્ગોગ્લિયો સ્વરૂપે આર્જેન્ટિનામાં તેમની અસર રહી. તેઓ પોતાના ઉપદેશોમાં સામાજિક સમાવેશ પર ભાર આપતા હતા. અપ્રત્યક્ષપણે તેઓ એ સરકારોની પણ ટીકા કરતા જેઓ સમાજમાં હાંસિયે ધકેલાયેલા પર ધ્યાન નહોતી આપતી.

તેમની આત્મકથાનાં સહલેખિકા ફ્રાન્સેસ્કા ઍમ્બ્રોગેટીએ જણાવ્યું કે સાર્વજનિક અપીલનો એક ભાગ તેમની ''શાંત અને સાદગીપૂર્ણ જીવનશૈલી'' હતી.

ચર્ચ માટે એક જેસુઈટને પ્રભારી બનાવવાની વાત એ નવી નથી. તેના સભ્યોથી એવી અપેક્ષા રખાય છે કે તેઓ ચર્ચ સંબંધી સન્માનથી દૂર રહે તથા સ્વયં પોપની સેવા કરે.

પોપના વિચારોની પરીક્ષા આર્જેન્ટિનામાં થઈ. આર્જેન્ટિનામાં સમલૈંગિક વિવાહને કાયદેસર બનાવનાર પ્રથમ લેટિન અમેરિકન દેશ હતો. દેશનાં તત્કાલીન રાષ્ટ્રપતિ ક્રિસ્ટીના ફર્નાન્ડીઝ ડી કિર્ચનરે મફત ગર્ભનિરોધક અને કૃત્રિમ ગર્ભાધાનને પ્રોત્સાહન આપેલું.

તેઓ ૧૯૯૨માં બિશપ અને ૧૯૯૮માં બ્યુનોસ આયરસના આર્કબિશપ બન્યા હતા. ૨૦૦૫ના કોન્ક્લેવમાં તેમને પોપપદના દાવેદાર તરીકે જોવામાં આવતા હતા.

કાડિનલ બર્ગોગ્લિયો તરીકે તેમના ઉપદેશોની હંમેશાં આર્જેન્ટિનામાં અસર થતી હતી અને તેઓ ઘણીવાર સામાજિક સમાવેશ પર ભાર મૂકતા હતા, પરોક્ષ રીતે એવી સરકારોની ટીકા કરતા હતા જે સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો પર ધ્યાન આપતી ન હતી.

પૂર્વ કાડિનલ એક પ્રબળ આર્જેન્ટિના દેશભક્ત પ્રતીત થાય છે, તેમણે ૨૦૧૬માં ફોકલેન્ડ યુદ્ધના આર્જેન્ટિનાના અનુભવી સૈનિકોને કહેલું, ''આપણે એ બધા માટે પ્રાર્થના કરવા માટે આવ્યા છીએ, જેઓ શહીદ થયા છે, માતૃભૂમિના દીકરા જેઓ પોતાની મા, માતૃભૂમિનું રક્ષણ કરવા માટે અને જે તેમનું છે તેને ફરી પ્રાપ્ત કરવા માટે દેશથી બહાર ગયા.''

આર્જેન્ટિનામાં ૧૯૭૬-૮૩ વચ્ચે સૈન્ય તાનાશાહી દરમ્યાન તેમની ભૂમિકા વિવાદિત રહી હતી, તે સમયે તેમણે દેશના જેસુઈટનું નેતૃત્વ કર્યું હતું.

વ્લાદિમીર હર્નાન્ડેઝના રિપોર્ટ અનુસાર આરોપ છે કે ૧૯૭૬માં બ્યૂનસ આયર્સની મલિન વસ્તીઓમાં તેમના સામાજિક કાર્યોને જાહેરમાં સમર્થન આપવાનો બે પાદરીઓએ ઈન્કાર કરી દીધો હતો. તેમણે પછી તેમને સૈન્ય અધિકારીઓને સોંપી દીધા હતા. જેનાથી જુંટા તેમનાથી ઘણા ક્રોધિત હતા.

આ 'ડર્ટી વોર' દરમ્યાન એવા પણ આરોપ લાગ્યા હતા કે અપહરણના શિકાર થયેલાં એક મહિલાના શિશુની શોધના આગ્રહ પર કામ કરવામાં તેઓ નિષ્ફળ રહ્યા હતા. મહિલાનું એવા સમયે અપહરણ કરાયું હતું જ્યારે તેઓ પાંચ મહિનાનાં ગર્ભવતી હતાં. ત્યાર બાદ ૧૯૭૭માં તેમની હત્યા કરી નાખવામાં આવી. એવું માનવામાં આવે છે. કે મહિલાના બાળકને કોઈએ ગેરકાયદેસર રીતે દત્તક લીધું હતું.

વેટિકને આ વાતથી સંપૂર્ણપણે ઈન્કાર કર્યો હતો કે પોપ ફ્રાન્સિસ જુંટાને અધીન કોઈ પણ ખોટાં કાર્ય માટે દોષી હતા.

એ વાત સામે આવી છે કે ૨૦૧૧માં તેમણે સૈન્ય શાસન દરમ્યાન માર્યા ગયેલા આર્જેન્ટિનાના પાદરીઓને સંત બનવાની દિશામાં પ્રારંભિક પગલાં લીધાં. એક બીજા મામલામાં પાંચ કેથોલિક ચર્ચના લોકોને પણ સંતની ઉપાધિ આપવાનો પ્રસ્તાવ તેમણે મૂક્યો હતો. તેમની હત્યા ૧૯૭૬માં બ્યૂનસ આયર્સમાં સેન્ટ પેટ્રિક ચર્ચમાં કરવામાં આવી હતી.

પોપના અનુરોધ પર વેટિકને આર્જેન્ટિના તાનાશાહી સાથે સંબંધિત ફાઈલ્સ પીડિતો અને તેમના સંબંધીઓ માટે ખોલી હતી.

નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા માનવ અધિકાર કાર્યકર્તા એડોલ્ફો પેરેઝ એસ્કિવવેલ જેમને તંત્રએ જેલમાં નાખીને યાતનાઓ આપી હતી, તેમણે બીબીસીને જણાવ્યું કે ''કેટલાક બિશપ હતા જેમની સેના સાથે મિલીભગત હતી, પરંતુ બર્ગોગ્લિયો તેમનામાંથી એક નથી.''

પોપ ફ્રાન્સિસને કેથોલિક ચર્ચોમાં સુધાર માટે પણ યાદ રખાશે. છતાં પોપ પરંપરાવાદીઓ વચ્ચે પણ લોકપ્રિય હતા. ફ્રાન્સિસ લેટિન અમેરિકાથી બનનારા પહેલા પોપ હતા. રવિવારે જ પોપ ફ્રાન્સિસ ઈસ્ટર ડેને વેટિકનમાં સેંટ પીટર્સ સ્ક્વેયર પર સૌને મળ્યા હતા. આ કાર્યક્રમના ૨૪ કલાકમાં જ તેમના નિધનના સમાચાર મળ્યા. પોપે વ્હીલચેર પર બાલ્કનીમાં બેસીને લોકોનું અભિવાદન કર્યું હતું. તેમણે કહ્યું હતું, ''ભાઈઓ અને બહેનો, તમને સૌને ઈસ્ટર ડેની શુભેચ્છાઓ.'' પારંપરિક ઈસ્ટર સંબોધન તેમના સહયોગીએ વાંચ્યું હતું અને પોપ બેઠા હતા. પોપની અંતિમ વિધિ પરંપરાગત રીતે એક મોટો સમારોહ હોય છે, પરંતુ પોપ ફ્રાન્સિસે તાજેતરમાં જ સમગ્ર પ્રક્રિયાને ઓછી જટિલ બનાવવા માટેની યોજના મંજૂર કરી હતી.

અગાઉ પોપની દફનવિધિ સાઈપ્રસ, લેડ અને ઓકના બનેલા ત્રિસ્તરીય તાબૂતમાં કરાતી હતી. જોકે, પોપ ફ્રાન્સિસે પોતાની દફનવિધિ માટે ઝિંકની લાઈનિંગવાળું સાદું તાબૂત પસંદ કર્યું હતું. તેમણે પોપના મૃતદેહને લોકો જોઈ શકે એ માટે ઊંચા પ્લેટફોર્મ પર મૂકવાની પરંપરા પણ ન અનુસરવાનું નક્કી કર્યું હતું. એના સ્થાને શોકગ્રસ્ત લોકો પોતાનું સન્માન વ્યક્ત કરી શકે એ માટે મૃતદેહને તાબૂતમાં ઉપરનું ઢાંકણું હઠાવીને રાખવામાં આવશે. એક સદી કરતાં પણ વધુ સમયમાં પોપ ફ્રાન્સિસ એ પહેલાં એવા પોપ હશે જેમના મૃતદેહને વેટિકનની બહાર દફન કરાશે. તેમને સેન્ટ મેરી મેજર બેસિલિકા (પોપ દ્વારા ખાસ વિશેષાધિકાર અપાયા હોય એવા ચર્ચ) ખાતે દફન કરાશે, જે રોમની મોટી ચાર પેપલ બેસિલિકા પૈકી એક છે.

# મરતા વ્યક્તિ પાસે આ પાંચ વસ્તુઓ રાખવી છે શુભ, મૃતકને મળશે સ્વર્ગ

સનાતન ધર્મમાં અઢાર પુરાણો છે. ગરુડ પુરાણ તેમાંથી એક છે. આ ગરુડ પુરાણના દેવતા ભગવાન વિષ્ણુ છે. આમાં, ભગવાન વિષ્ણુએ તેમના ભક્ત ગરુડમનને વ્યક્તિ દ્વારા કરવામાં આવતા કાર્યો અને મૃત્યુ પછી આત્માની યાત્રા વિશે સમજાવ્યું. મૃત્યુ પછી ૧૩ દિવસ સુધી ગરુડ પુરાણનો પાઠ કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આમ કરવાથી આત્માને શાંતિ મળે છે. જોકે, જો મૃત્યુ સમયે વ્યક્તિની પાસે અમુક વસ્તુઓ રાખવામાં આવે તો આત્માની સ્વર્ગ તરફની યાત્રા ચાલુ રહેશે.



ગરુડ પુરાણ ફક્ત જન્મથી મૃત્યુ સુધીની ઘટનાઓનું વર્ણન કરતું નથી, પરંતુ મૃત્યુ પછી વ્યક્તિને તેના કર્મો માટે મળતી સજાનું પણ વર્ણન કરે છે. આ ઉપરાંત, ભગવાન વિષ્ણુએ સમજાવ્યું કે મૃત્યુ સમયે વ્યક્તિને કેવા પ્રકારનો અનુભવ થાય છે, મૃત્યુ પછી આત્માની યાત્રા કેવી રીતે ચાલુ રહે છે, તે સુખ અને દુઃખનો અનુભવ કેવી રીતે કરે છે અને આત્મા કઈ સ્થિતિમાં સ્વર્ગ કે નર્કમાં પહોંચે છે. જોકે, ગરુડ પુરાણમાં જણાવાયું છે કે જો આત્મા મૃત્યુ પછી નરકને બદલે સ્વર્ગમાં જવા માંગે છે, જો મૃત્યુ સમયે તેની પાસે અમુક વસ્તુઓ રાખવામાં આવે તો તેને નરકમાં જવાની જરૂર નથી.

### તુલસીનો છોડ

કોઈને ખબર પડે કે તેનું મૃત્યુ નજીક છે, તેને તુલસીના છોડ પાસે સુવડાવી દેવો જોઈએ. આ ઉપરાંત, કપાળ પર તુલસી અને મંજરી લગાવવી જોઈએ. તમારા મોંમાં તુલસીનું પાણી નાખો. એવું માનવામાં આવે છે કે આમ કરવાથી આત્મા મૃત્યુ પછી યમલોકમાં જતો નથી.

### ગંગા જળ

જ્યારે કોઈને ખબર પડે છે કે તેનો મૃત્યુનો સમય નજીક છે, ત્યારે તેઓ તેમના મોંમાં તુલસીના પાન ભરેલું પાણી નાખે છે. જોકે, એવું કહેવાય છે કે ગંગાજળમાં તુલસીના પાન ઉમેરીને તેને પાણી પર રેડવું શ્રેષ્ઠ છે. અથવા મરતા પહેલા તેના મોંમાં ગંગાજળ રેડો. એવું માનવામાં આવે છે કે આમ કરવાથી જીવનભર કરેલા પાપો ભૂંસાઈ જાય છે અને મૃત્યુ પછી આત્માને સ્વર્ગમાં સ્થાન મળે છે.

### દર્ભ

દર્ભ એક પવિત્ર ઘાસ છે. તેનો ઉપયોગ પૂજા સેવાઓમાં થાય છે. જોકે, એવું માનવામાં આવે છે કે મૃત્યુ સમયે જો કોઈ વ્યક્તિને દર્ભથી બનેલી સાદડી પર સુવડાવવામાં આવે અને તેના મોંમાં તુલસીનું પાન મૂકવામાં આવે, તો તેનો આત્મા સ્વર્ગમાં પ્રવેશ કરે છે.

### કાળા તલ

ભગવાન વિષ્ણુની ધૂળમાંથી ઉત્પન્ન થતા કાળા તલનું એક ખાસ સ્થાન છે. એવું માનવામાં આવે છે કે મૃત્યુ પહેલાં પોતાના હાથે તલનું દાન કરવાથી, આત્મા મૃત્યુ પછી કોઈપણ મુશ્કેલી વિના સ્વર્ગમાં જાય છે.

### કપડાં

ગરુડ પુરાણ અનુસાર, વ્યક્તિના મૃત્યુ પછી પણ તેનો આત્મા સાંસારિક આસક્તિ છોડતો નથી. તેથી, પરિવારના સભ્યોએ મૃતકના કપડાં પહેરવા ન જોઈએ તે નિયમ છે. કારણ કે તેના કપડાં પહેરવાથી તેમનો આત્મા આકર્ષિત થઈ શકે છે. મૃત્યુ પછી તેના કપડાં અને વસ્તુઓનું દાન કરવું જોઈએ. આમ કરવાથી આત્માને શાંતિ અને મોક્ષ મળે છે.

**મૃત્યુ સમયે જો કોઈ વ્યક્તિને દર્ભથી બનેલી સાદડી પર સુવડાવવામાં આવે અને તેના મોંમાં તુલસીનું પાન મૂકવામાં આવે, તો તેનો આત્મા સ્વર્ગમાં પ્રવેશ કરે છે.**

# ઉનાળામાં સ્વાસ્થ્ય માટે વરદાનરૂપ છે ચીકુ



ઉનાળામાં આ ફળ જેટલું સ્વાદિષ્ટ છે તેટલું જ ફાયદાકારક પણ છે. ચીકુ ખાવાથી ઘણા જરૂરી પોષક તત્વો મળે છે, જેની શરીરને પુષ્કળ માત્રામાં જરૂર હોય છે. આ ફળો વિટામિન અને ખનિજોથી ભરપૂર હોય છે. ચીકુ તમારા હાડકાં, હૃદય, ફેફસાં અને ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. તેમાં વિટામિન બી, સી, ઈ અને કેલ્શિયમ, પોટેશિયમ, ફાઈબર, મેગ્નેશિયમ, મેંગેનીઝ અને એન્ટી-ઓક્સિડન્ટ ગુણધર્મો સારી માત્રામાં જોવા મળે છે. આ ફળ પાચન માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. અહીં જાણો આ સ્વાદિષ્ટ ફળને તમારા આહારમાં શા માટે સામેલ કરવું જોઈએ.

### શરીરને ઠંડક અને ઉર્જા પ્રદાન કરે છે

ઉનાળાની ઋતુમાં આપણું શરીર ઝડપથી થાકી જાય છે અને ડિહાઈડ્રેશનની સમસ્યા સામાન્ય બની જાય છે. ચીકુ નેચરલ શુગર (ફ્રુક્ટોઝ અને સુક્રોઝ)થી ભરપૂર છે, જે તાત્કાલિક ઉર્જા પ્રદાન કરે છે. આ સાથે તે શરીરને ઠંડક આપે છે, જેનાથી ઉનાળાની ગરમીથી રાહત મળે છે.

### પાચનતંત્રને મજબૂત બનાવે છે

ચીકુમાં ફાઈબરનું પ્રમાણ ખૂબ સારું હોય છે, જે સ્વસ્થ પાચન જાળવવામાં મદદ કરે છે. તેનું રોજ સેવન કરવાથી કબજિયાત, ગેસ અને એસિડિટી જેવી સમસ્યાઓથી રાહત મળે છે. આ ફળ આંતરડાને પણ સાફ કરે છે અને ચયાપચયમાં સુધારો કરે છે.

### રોગપ્રતિકારક શક્તિ વધારે છે

ઉનાળામાં વાયરલ ચેપ, ખાંસી-શરદી અને ચેપનું જોખમ વધી જાય છે. ચીકુમાં હાજર વિટામિન સી અને એન્ટીઑકિસડન્ટ શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. આ શરીરને બાહ્ય રોગો સામે લડવા સક્ષમ બનાવે છે અને તમને લાંબા સમય સુધી સ્વસ્થ રાખે છે.

### હાડકાં મજબૂત બનાવે છે

ચીકુમાં કેલ્શિયમ, ફોસ્ફરસ અને આયર્ન જેવા ખનિજો ભરપૂર માત્રામાં હોય છે, જે હાડકાંને મજબૂત બનાવે છે. આ ફળ ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને સ્ત્રીઓ માટે ફાયદાકારક છે. તેનું રોજ સેવન કરવાથી હાડકાની નબળાઈ અને સાંધાના દુખાવામાં પણ રાહત મળે છે.

### ત્વચા અને વાળ માટે ફાયદાકારક

ચીકુમાં વિટામિન E, A અને એન્ટીઑકિસડન્ટ ભરપૂર માત્રામાં હોય છે જે તમારી ત્વચાને ચમકદાર અને વાળને મજબૂત બનાવે છે. તેનું નિયમિત સેવન ત્વચાને ડિટોક્સિફાઈ કરે છે અને વાળના મૂળને મજબૂત બનાવે છે, જેનાથી વાળ ખરતા ઓછા થાય છે.

### ચીકુ ક્યારે અને કેવી રીતે ખાવું?

સવારના નાસ્તામાં અથવા બપોરના ભોજન પછી એક કે બે ચીકુ ખાવી ફાયદાકારક છે.


**તેને સ્મૂધી અથવા મિલ્કશેક બનાવીને પણ લઈ શકાય છે.**

હંમેશા સારી રીતે પાકેલા ચીકુ ખાવાનો પ્રયાસ કરો, કાચા ચીકુ સ્વાદ અને સ્વાસ્થ્ય બંને માટે હાનિકારક હોઈ શકે છે.

# વાઈ આવવાનો રોગ નિર્બળ અને નિઃસહાય મનનો ઉભરો છે

હિસ્ટીરિયા એ આમ તો સદીઓ પુરાણો રોગ છે. પ્રાચીન ગ્રીક અને રોમનકાળના ઈતિહાસને તપાસતા આ રોગનું વર્ણન જોવા મળે છે. મધ્યયુગમાં આ રોગને પ્રેતાત્માઓની અસરના રૂપે કે વળગાડના પરિણામે થતો માનવામાં આવતો હતો. ઓગણીસમી સદીમાં શારકોટ, જેનેટ અને સિગમંડ ફ્રોઈડે આ રોગની વ્યાપક અભ્યાસ કર્યો હતો અને જાગૃત તથા સુષુપ્ત મનની અવસ્થાનો ખ્યાલ આપ્યો હતો. સિગમંડ ફ્રોઈડે હિસ્ટીરિયાના રોગથી પીડાતા દરદીઓના સુષુપ્ત મનના મનોસંઘર્ષને જાણવા માટે હિપનોસીસ અર્થાત સંમોહનનો ઉપયોગ કરેલો. સંમોહનને ત્યારે મેસ્મેરીઝમ તરીકે ઓળખાવાતું હતું. સામેની વ્યક્તિના મનને કાબૂમાં લઈ અને તેના પર કબજો જમાવી તેનું વર્તન હુકમ મુજબ કરાવવામાં આવતું હોવાની માન્યતા મેસ્મેરીઝમ વિશે પ્રચલિત થયેલી. સિગમંડ ફ્રોઈડે મેસ્મેરીઝમને એક જાદુઈ વિદ્યા નહીં પણ મનોચિકિત્સા માટેની અધિકૃત વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે વિકસાવી હતી અને સંમોહનનો હિસ્ટીરિયાના દરદીની સારવાર માટે ઉપયોગ કર્યો હતો. આમ, હિસ્ટીરિયા હિપનોસીસ કે સંમોહનનો જન્મદાતા ગણાવી શકાય. સિગમંડ ફ્રોઈડને આવા દરદીઓમાં રોગની ગંભીરતા અને દરદીનો પ્રતિભાવ તથા વર્તન વચ્ચે અસંગતતા જણાઈ હતી, જેને 'લા-બેલા ઈન્ડીફરન્સ'ના નામથી ઓળખાવવામાં આવે છે. જેથી અન્ય વ્યક્તિઓની ગેરહાજરીમાં તથા દરદીનું ધ્યાન જો બીજી તરફ વાળવામાં આવે તો આ રોગનાં લક્ષણોની તીવ્રતા ઘટતી જણાય છે.

આ રોગનું પ્રમાણ સ્ત્રીઓમાં વધારે જોવા મળે છે. ઓછી શિક્ષિત સ્ત્રીઓમાં તથા ગૃહિણીઓમાં આનું પ્રમાણ વધારે હોય છે. સાસુ-વહુના ઝઘડા, દહેજના પ્રશ્નો, દામ્પત્યજીવનમાં વિસંવાદિતા, લગ્ન પછી સંતાન ન હોવાનું દુઃખ, અને સ્ત્રીઓની વધારે પડતી



સંવેદનશીલતા તથા પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થા આને માટે કારણભૂત હોય છે. વિધવા અને ત્યક્તાઓમાં પણ આનું પ્રમાણ વધારે જોવા મળે છે. આમ, સંવેદનશીલ સ્ત્રીના અસહાય મનનો તરફડાટ હિસ્ટીરિયા છે એમ કહી શકાય.

જોકે હિસ્ટીરિયા જંતુઓથી થતો રોગ નથી પરંતુ તે ચેપી રોગ છે. તેના પુરાવા માનસિ રોગોના વોર્ડમાં મળ્યા છે. વોર્ડમાં આજુબાજુમાં સૂતેલા દરદીઓમાં એક પેશન્ટના રોગનાં શારીરિક લક્ષણો બીજો દરદી સહેલાઈથી પકડી લે છે. અને મનોસંઘર્ષ અનુભવતા બીજા દરદીને પણ બાજુના દરદી જેવી જ તકલીફો થવા લાગે છે. તદ્ઉપરાંત મુલાકાતીઓની હાજરીમાં પણ દરદીને આ પ્રકારની ખેંચ વારંવાર આવે છે. તેથી આ રોગમાં દરદીને એકલા રાખવાની સલાહ અપાય છે. કુદરતી તેમજ માનવસર્જીત આફતો વખતે આ રોગ એક સાથે ઘણી બધી વ્યક્તિઓમાં જોવા મળે છે.

બાલ્યાવસ્થાના વિકાસના તબક્કાઓમાં થયેલાં માતા-પિતા સાથેના અભિસંધાન તથા આધારિત્વથી મુક્તિ ન મળતાં હિસ્ટીરિયા થઈ શકે છે. મોટી ઉંમરની વ્યક્તિ આવાં લક્ષણો દ્વારા આજુબાજુના લોકો તેની લાગણીઓ તરફ ધ્યાન આપે તેવું જ ઝંખે છે. તથા બાલ્યાવસ્થામાં મળેલાં માતા-પિતાના પ્રેમ-હૂંફ, આધારિત્વ, સંભાળ, રક્ષણ અને મદદ, વયસ્ક અવસ્થામાં આવી પડેલી મુંઝવણો વખતે નજીકની વ્યક્તિ પાસેથી મળે એવું ઈચ્છે છે. જોકે, પ્રેમીજનના આધારિત્વની આ જરૂરિયાત સુષુપ્ત મનમાં ઊભી થયેલી હોય છે. પરંતુ તેને જો સંપૂર્ણપણે સંતોષવામાં આવે તો આધારિત્વ વધતું જાય છે અને વ્યક્તિનું પોતાનું સ્વતંત્ર કે આગવું વ્યક્તિત્વ ઊભું થતું નથી. હિસ્ટીરિયાના દરદીઓ આંચકીના હુમલાઓની વચ્ચે વિવિધ વસ્તુઓની માંગણી કરે છે અને તે સંતોષાય તો સ્નેહીજન તેની સંભાળ લેવા તત્પર છે એવું માને છે. શરૂઆતમાં આવી માંગણીઓને સંતોષવાની સલાહ આપવામાં આવે છે, પરંતુ એક વાર સુષુપ્ત મનનો સંઘર્ષ જાણી શકાય પછી કોઈ પણના આધારિત્વથી પર એવું આગવું વ્યક્તિત્વ ઊભું કરવા દરદીઓને સારવાર અપાય છે.

કેટલાક વિશિષ્ટ પ્રકારના વ્યક્તિત્વને કારણે પણ આ રોગ થાય છે. બાહ્ય વાતાવરણનો તનાવ આ રોગ થવા માટે કારણભૂત હોય છે. વ્યક્તિના સુષુપ્ત મનમાં ધરબાયેલી અતૃપ્ત ઈચ્છાઓ, વિચારો, મૂંઝવણો અને મનોસંઘર્ષને કારણે આ રોગ થાય છે. આ રોગ મેલીવિદ્યા, વળગાડ વગેરેથી થતો નથી, એટલે એના વિષચક્રમાં ફસાવા જેવું નથી.

આ રોગમાં મનોચિકિત્સા અનિવાર્ય છે. આવા દરદીને કેટલીકવાર દાખલ કરીને સારવાર કરવી જરૂરી બને છે. આમાં દરદીનો વિશ્વાસ સંપાદિત કરવો જરૂરી હોય છે.

હિસ્ટીરિયાના દરદીઓને એન્ટીએન્ઝાયટી અને એન્ટીડિપ્રેસન્ટ્સ દવાઓ તથા સંમોહનથી સારવાર પણ લાભદાયી નીવડે છે. પરિવર્તનના વિવિધ પ્રત્યાઘાતો અર્થાત ''કન્વર્ઝન રિએક્શન''ને કારણે માનસિક મૂંગાપણું, બહેરાશ, લકવા અને અંધાપો પણ થઈ શકે છે. આવી તમામ તકલીફોમાં વળગાડ ભગાડવાની વિધિ કરાવવા કરતા દરદીમાં સ્વ-અવલોકન કરવાની અને પરિસ્થિતિને પહોંચી વળવાની ક્ષમતા ઊભી કરવી જરૂરી બને છે. આમાં દરદીના તેના સ્નેહીજનના તથા તબીબ સાથેના સંબંધોમાં આધારભૂતતા અને સાતત્ય હોવું જરૂરી છે, પરિવર્તનના પ્રત્યાઘાતોના- હિસ્ટીરિયાના દરદીઓમાંના પચાસ ટકા જેટલા દર્દીઓ રોગના લક્ષણો થવાના એક વર્ષમાં સંપૂર્ણપણે સારા થાય છે. બાકીના ત્રીસ ટકા જેટલા દરદીઓને એકથી પાંચ વર્ષમાં સારું થાય છે. જ્યારે લગભગ વીસ ટકા જેટલા દરદીઓ પંદર કે તેથી વધારે વર્ષ સુધી તનાવયુક્ત પરિસ્થિતિમાં આવા હુમલાઓનો શિકાર બને છે, જોકે તેની તીવ્રતા અને આવૃત્તિ ઘટતાં જાય છે.

## બિમારી દૂર કરવા મેડિકલ ટ્રીટમેન્ટ સાથે આત્મબળ ઉમેરવાથી ઝડપથી સ્વસ્થ થવાય છે



આત્મચિંતન સિવાય તમને કોઈ બીમારી કેમ થઈ એ સાચા અર્થમાં સમજવાનો કોઈ ઉપાય નથી. શક્ય છે ઘણીવાર ખૂબ આત્મ-મંથન પછી પણ તમને જ આ બીમારી કેમ થઈ એ ના સમજાય પરંતુ પોતાની બીમારીને સમજવાના આ પ્રયત્નમાં તમે સારવાર માટે જરૂરી એવું આત્મબળ તો જરૂર મેળવશો. તમે ઝડપથી સાજા થશો, દવાઓ ઉપરની તમારી નિર્ભરતા ઓછી થશે. ડોક્ટર સારવાર કરશે પરંતુ સાજા તો સ્વપ્રયત્ને થવાય. આનો અર્થ એવો ના કાઢતા કે સારવાર ના કરવી જોઈએ. રોગમાંથી સંપૂર્ણપણે સાજા થવું કે રોગને નિયંત્રણમાં રાખવો એ એક જટિલ પ્રક્રિયા છે અને તેમાં સારવાર-ચિકિત્સક તમારા મદદકર્તા છે. તમને સાજા કરવાની જવાબદારી ડોક્ટર ઉપર ઢોળવાને બદલે પોતાના શિરે લેવાથી બીમારી ઝડપથી કાબૂમાં આવે છે અને રોગ ક્રોનિક બનતો અટકે છે ફરિયાદોના ટોપલા લઈને ફરનારા હજી ફરતા જ રહ્યા છે અને અન્ય કોઈએ જ નહીં પણ પોતે જ કંઈ કરવું પડશે એવું સ્વીકારી લેનારા જીવનમાં આગળ વધી ગયા છે !

સ્વાસ્થ્ય કે તબિયતની બાબતમાં મોટાભાગના લોકોનો અભિગમ એક જ હોય છે. થોડું ચાલતા શ્વાસ ચડવાની ફરિયાદ કરતી વ્યક્તિને સ્મોકિંગ બંધ કે ઓછું કરવાની સલાહ આપો તો દિવસની દસ સિગરેટ્સ પીનારો પણ તમને એમ કહેશે કે હું કંઈ ખાસ પીતો નથી તો'ય શ્વાસ ચડે છે ! બરાબર એ જ પ્રમાણે 'મને જ આ રોગ કેમ થયો ?' એવું પૂછતી વ્યક્તિને આ પ્રશ્ન અન્યને પૂછતાં પહેલા પોતાની જાતને પૂછવો, એ દિશામાં આત્મ-ચિંતન અને આત્મ-વિશ્લેષણ કરવાનું કહીએ ત્યારે અણગમો થાય કે રોષ આવે.

જનીની બંધારણ (જિનેટિક મેકઅપ) પણ પ્રકૃતિનો જ ભાગ છે. આપણા મા-બાપ જનીન સ્વરૂપે આપણામાં જીવતા રહે છે, એમણે ભોગવેલી દરેક લાંબાગાળાની બીમારીઓ આપણામાં વ્યક્ત થાય તેની શક્યતાઓ હંમેશા હોય છે. એક જમાનામાં એવું માનવામાં આવતું હતું કે જીન્સની અભિવ્યક્તિ માટે કશું ના કરી શકાય, પરંતુ આજે જિનેટિક સાયન્સ એ સાબિત કરી ચૂક્યું છે કે તમે જીન્સને સ્વિચ ઓન થતાં અટકાવી પણ શકો. આ માટે પણ પૂર્વશરત તો સ્વીકૃતિની જ છે. 'તમારા માતા-પિતા, ભાઈ-બેન કે અન્ય કુટુંબીઓમાં ડિપ્રેશનની હિસ્ટ્રી ખરી ?' આ પ્રશ્નના જવાબમાં લોકો વારસાગત પરિબળો પ્રત્યે સ્વીકૃતિ કેળવવાને બદલે એમની બીમારીઓને એ રીતે જસ્ટિફાય કરવામાં લાગી પડતા હોય છે કે એમના સંજોગો-કારણો અલગ હતા એટલે એને અને પોતાની બીમારીને કંઈ લેવા-દેવા નથી ! સો વાતની એક વાત, આપણા વડીલો ભૌતિક વારસો આપે કે ના આપે, જૈવિક વારસો તો આપીને જ જવાના. તેમની ટેવો-કુટેવો, પ્રકૃતિ, સ્વભાવ, વ્યક્તિત્વ, આયુષ્ય, રોગો વગેરે બધી જ સંભાવનાઓ તમારામાં છોડતાં જવાના. હા, એ વ્યક્ત થતી અટકાવવા બીજા કોઈએ નહીં પણ પોતે જ જવાબદારી લઈને પોતાની ઉપર કામ કરવું પડશે.

રોગ તમને થયો છે તો તેની પાછળ જવાબદાર તમે, તમારી પ્રકૃતિ અને તમારી રોગપ્રતિકારક શક્તિ જ હશે તેવી જવાબદારી સ્વીકારવી એ અસલી સ્વીકૃતિની શરૂઆત છે. એક મચ્છર ગાર્ડનમાં એક સાથે બેઠેલા દસ વ્યક્તિને કરડે તો બધાને કંઈ મેલેરિયા કે ડેન્ગ્યુ નથી થવાનો. એનો મતલબ એ થયો કે મચ્છર મેલેરિયા-ડેન્ગ્યુનું દેખીતું કારણ છે પરંતુ અસલમાં તો વ્યક્તિની પોતાની પ્રકૃતિ-રોગપ્રતિકારક શક્તિ જ કામ કરે છે. મોટાભાગની વ્યક્તિઓ બીમારીની જવાબદારી પોતાની ઉપર લેવાને બદલે અન્ય લોકો-પરિસ્થિતિઓ ઉપર ઢોળવાનું વલણ ધરાવે છે. આવી વ્યક્તિઓ પોતાની બીમારીનું ફ્રસ્ટ્રેશન અન્ય કુટુંબીઓ, પરિસ્થિતિઓ, દવાઓ, ડોક્ટરો, હોસ્પિટલો વગેરે પર કાઢતા ફરે છે પરંતુ એકવાર પણ પોતાની અંદર જોઈને પોતાની બીમારીને સમજવાનો પ્રયત્ન કરતા નથી હોતા.

# સરળ કરતાં અઘરાં કામની ચેલેન્જ ઉપાડવી સમજદારીભર્યો નિર્ણય છે

એક યુવાન ખૂબ જ તાકાતવર પહેલવાન હતો. રોજે રોજ કસરત કરી પોતાની જાતને તંદુરસ્ત રાખતો. પોતાની શક્તિ અને બળથી તે જાતે જ વાકેફ હતો. પરંતુ આ યુવાન પોતાની શક્તિ, પોતાની તાકાત સારા માર્ગે વાપરવાને બદલે ખોટા માર્ગે વાપરતો. અન્ય લોકોના બીજા સાથેના ઝઘડા માટે વચ્ચે પડી માર ધાડ કરતો. રોજે રોજ સવાર સાંજ કોઈને ને કોઈ સાથે ક્યાંક ને ક્યાંક મારામારી કરતો. દાદાગીરી કરતો. યુવાનના આવા વર્તાવથી તેની છાપ ચારે બાજુ ખરડાઈ રહી હતી. બધા મોટે ભાગે તેનાથી દૂર રહેવાનું જ પસંદ કરતા હતા.

યુવાનના વડીલોએ યુવાનને રોજ ઝઘડા ન કરવા, મારામારી ન કરવા માટે ખૂબ સમજાવ્યો પરંતુ યુવાનના વર્તનમાં કોઈ સુધારો થતો ન હતો. તેનો સ્વભાવ પણ રોજે રોજ વધુ ને વધુ ગુસ્સાવાળો થતો જતો હતો અને તે લોકોથી દૂર થતો જતો હતો. યુવાનને સમજાવવા માટે હવે તેના વડીલો પ્રખ્યાત ચિંતક સોક્રેટિસ પાસે ગયા. બધી પરિસ્થિતિ સમજાવી યુવાનની સતત ગુસ્સે થવાને કારણે,રોજેરોજ મારામારી કરવાને કારણે થતા નુકસાન વિશે યુવાનને સમજણ આપવા માટે વિનંતી કરી.

સોક્રેટીસે કહ્યું, ભલે તેને મારી પાસે મોકલજો. હું તેને સમજાવીશ. બીજે દિવસે સવારે યુવાન સોક્રેટિસને મળવા માટે આવ્યો. તેમણે યુવાનને જોયો. ઊંચા કદ



કાઠી અલમસ્ત પહેલવાન જેવું શરીર. તેમણે યુવાનને પૂછ્યું, 'તું બળવાન અને બહુ તાકાતવાળો છે પણ હવે હું તને જે પૂછું એનો ખૂબ જ વિચાર કરીને સમજણપૂર્વક મને જવાબ આપજે.'યુવાને કહ્યું, 'હા પૂછો, તમે જે પૂછશો તેનો હું મારી સમજણ પ્રમાણે જવાબ આપીશ.'સોક્રેટીસે કહ્યું, 'કોઈ તારા જેવો યુવાન જે ખૂબ તાકાતવર પહેલવાન હોય તે આવીને તને ગાલીગલોચ કરે, મુક્કો મારે તો તું શું કરે? તને કયું કામ અઘરું લાગે પેલા યુવાનને સામે મુક્કો મારવાનું કે પછી તે સમયે પોતાના બંને હાથ ખિસ્સામાં રાખી, શાંત રહી, તે જે બોલે તે સાંભળી લેવાનું અને હસીને આગળ વધી જવાનું?' યુવાન બે ઘડી વિચારમાં પડી ગયો. પછી તેણે વિચારીને જવાબ આપ્યો.

બંને હાથ આવા સમયે ખિસ્સામાં રાખી મૂકવાનું કામ મને અઘરું લાગે કારણ કે હું તો પળવારમાં સામેવાળાને મુક્કો મારી સહેલાઈથી નીચે પાડી દઉં. મુક્કો મારવાનું કામ જ સહેલું પડે. સોક્રેટીસે કહ્યું, 'મને તારો આ જવાબ હશે તેની તો ખબર જ હતી પણ હવે તું મને કહે કે તારા જેવા વીર બહાદુર યુવાને કેવું કામ કરવું જોઈએ? સાવ સહેલું કે અઘરું કામ કરવું જોઈએ.

યુવાન બોલ્યો, આમ તો મને ચેલેન્જ લેવી ગમે છે એટલે અઘરું કામ જે હોય તો તે જ કરવું જોઈએ.'અને યુવાન પોતાનો જ જવાબ સાંભળીને વિચારમાં પડી ગયો.જવાબ સાંભળતાં જ યુવાનની આંખો ઉઘડી ગઈ અને યુવાને પછી ધીરજ, શાંતિ અને ક્ષમાના ગુણો કેવી રીતે મેળવવા તે વિશે સેક્રેટિસને જ માર્ગ દેખાડવાની વિનંતી કરી.

# મોબાઈલ પર વેડફાતો સમય ફરી ક્યારેય પાછો મળવાનો નથી!

સમયને બાંધી શકાતો નથી, સમયને રોકી શકાતો નથી; પરંતુ આપણા જીવનના અભિગમ યા સંજોગો મુજબ આપણને ઘણી વાર સમય રોકાઈ ગયો હોય અથવા બંધાઈ ગયો હોય એવું લાગે છે. કોઈ પણ વ્યક્તિના સમયનો બગાડ આપણા કારણે થાય નહીં એનું પણ આપણે ધ્યાન રાખવું જોઈએ; કારણ કે સમય માત્ર પસાર કરવાનો હોતો નથી, જીવી લેવાનો અને માણી લેવાનો પણ હોય છે.

તમને થશે કે આજકાલ સમયની ચર્ચા બહુ થાય છે. સમય જેટલો મૂલ્યવાન છે એટલો જ જાણે વેડફાઈ રહ્યો હોય એવી જિંદગી મોટા ભાગના માણસો જીવી રહ્યા છે. માણસો જેટલા એકબીજાથી દૂર થતા જાય છે એટલા મોબાઇલની વધુ નજીક આવતા જાય છે કારણ કે હવે માણસો મોબાઇલને પોતાનો સૌથી મોટો આધાર બનાવવા લાગ્યા છે. વાસ્તવમાં આપણે એ જાણવા-સમજવા તૈયાર જ નથી કે આ અતિરેક આપણા શારીરિક અને માનસિક બન્ને પ્રકારના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. પરંતુ સમયનું શું? શરીર અને મન બન્ને એક દિવસ ખતમ થઈ જ જવાનાં છે એ સૌ જાણે છે, પણ જીવનનો સમય જે ગયો છે યા જાય છે એ તો પાછો આવવાનો જ નથી. જો આપણી પાસે સમય જ નથી તો બચે છે શું? કોના માટે? આપણે પોતે જ નક્કી કરવું જોઈશે કે આપણને સમય વધુ જોઈએ છે કે મોબાઇલ?

આજકાલ સમજુ વર્ગમાં એક ટ્રેન્ડ ડેવલપ થયો છે. કોઈને



પણ મોબાઇલ પર ફોન કરતાં પહેલાં મેસેજ કરીને પૂછી લેવાનું કે કેટલા વાગ્યે વાત થઈ શકે? વોટ ઇઝ યોર રાઇટ ઑર કમ્ફર્ટેબલ ટાઇમ ટુ ટોક? આજકાલ તમે કોઈને ફોન કરો ત્યારે ૨૦-૨૫ ટકા કેસમાં જ એવું બને કે ફોન તરત કનેક્ટ થઈ જાય, બાકી ૭૫ ટકા ફોન તો એન્ગેજ જ આવે. તમને એ જ સાંભળવા મળે કે આપને જિસ વ્યક્તિ કો ફોન કિયા હૈ વો ઇસ સમય વ્યસ્ત હૈ, કૃપયા થોડી દેર કે બાદ ફોન કીજિએ... અથવા સામેના ફોનથી ઑટો મેસેજ આવી જાય કે કેન આઇ કોલ યુ લેટર? અથવા આઇ કેન નોટ ટોક રાઇટ નાવ.

આવું અજાણ્યા લોકો સાથે બને તો ઠીક છે, પરંતુ પરિચિતોમાં પણ આવું જ બને છે. મિત્રોને, સગાંને કે કોઈને પણ ફોન કરો ત્યારે સમયનું ધ્યાન રાખવું પડે છે. અલબત્ત, સમયની શિસ્ત પાળવી પણ જોઈએ. જેમ-જેમ મોબાઇલ વધતા ગયા, લોકો વચ્ચેની વાતો સતત વધતી ગઈ છે. કોઈ ફોન બિઝી ન મળે તો સુખદ આશ્ચર્ય પણ થાય. કાર, રિક્ષા, સાઇકલ, સ્કૂટર ચલાવતાં-ચલાવતાં મોબાઇલ પર વાત કરવાનું સહજ બની ગયું છે.

# બાળકો હંમેશા માતા-પિતાનું અનુકરણ કરે છે

ટ્રેન શરૂ થઇ.મુંબઈથી દિલ્હી જતી હતી.એ.સી. કોચમાં છ જણ હતાં.એક આધેડ દંપતી.એક યુવાન નવપરિણીત દંપતી.એક યુવાન માતા રેખા અને તેનો આઠ વર્ષનો પુત્ર કૃનાલ ટ્રેન શરૂ થઇ,ક્યાં જવું છે? શું કામ જવું છે? જેવી થોડી ઔપચારિક વાતચીત પછી બધા શાંત થયાં.આધેડ દંપતીમાંથી કાકી સૂઈ ગયાં.કાકા છાપું વાંચવા લાગ્યા. યુવાન નવપરિણીત દંપતી બંને પોતપોતાના મોબાઈલ ફોનમાં વ્યસ્ત થઇ ગયા. રેખા એક સરસ ગુજરાતી નવલકથા વાંચવા લાગી અને નાનકડો કૃનાલ પણ હેરી પોટરની સ્ટોરી બુક વાંચવા લાગ્યો.લગભગ એક કલાક વીતી



ગયો. રેખા અને કૃનાલ બંને પોતપોતાની ફેવરીટ વાર્તા વાંચી રહ્યાં હતાં.આજના જમાનામાં એક નાનકડો છોકરો મોબાઈલ ફોનને ભૂલીને ગેમ રમવાનું છોડીને, વાર્તાની ચોપડી વાંચી રહ્યો હતો તે જોઇને આજુબાજુ બેઠેલાં લગભગ બધાંને નવાઈ લાગી.છાપું વાંચતાં કાકા ઘણી વાર તેની સામું જોતા હતા.કાકાના મનમાં હતું હમણાં થોડી વારમાં મમ્મીનો મોબાઈલ માંગશે અથવા ટેબ્લેટ કાઢશે.ઘણો સમય વીતી ગયો પણ કૃનાલ તો મોજથી વાર્તા વાંચી રહ્યો હતો.બસ મમ્મી પાસે એક વાર પાણી માંગ્યું અને એક વાર નાસ્તો અને પછી વાંચવામાં મસ્ત. કાકીએ રેખાને કહ્યું, બહેન,તને મારે અભિનંદન આપવા છે.આજ કાલના જન્મેલાં છોકરાઓ મોબાઈલમાંથી ઊંચા નથી આવતાં.જમે મોબાઈલ જોતાં જોતાં.રમે પણ મોબાઈલમાં.મેદાનમાં રમવાનું ભૂલી ગયાં છે.વાંચવાનું ભૂલી ગયાં છે અને તેં બરાબર કડક રહી છોકરાને વાંચવાની ટેવ પાડી છે અને મોબાઈલ આપ્યો નથી, સારી વાત છે.બીજા બધાએ પણ કાકીની વાતમાં સૂર પુરાવ્યો કે સારું કર્યું છોકરાને મોબાઈલની ટેવ પાડી નથી.બધાએ તમારા જેવા કડક બનવું જોઈએ. બધાએ સાચી વાત બાળકોને શીખવવી જોઈએ,વગેરે વગેરે.બધાં બોલતાં હતાં. રેખા મીઠું મલકતી સાંભળતી હતી. પછી ધીમેથી બોલી, 'આભાર ,પણ એક વાત કહું હું કડક માતા નથી પણ એટલું સમજું છું કે બાળકો બધું અનુકરણ કરી શીખે છે માટે જો તમારે બાળકોમાં કોઈ રીતભાત સંસ્કાર રોપવા હોય તો તે તમારે પોતે આચરણમાં મૂકી તેને શીખવાડવાં પડે.હું પોતે પણ જરૂર સિવાય મોબાઈલ વાપરતી નથી.મારા મોબાઈલમાં કોઈ ગેમ નથી.હું કૃનાલ માટે જાતે ઉદાહરણ બનું છું જેનું તે અનુકરણ કરે અને શીખે.હું વાંચું છું. મારું જોઇને તે પણ વાંચતાં શીખી ગયો છે. રેખાએ એકદમ સાચો પેરેન્ટીંગનો પાઠ શીખવી દીધો.

# અટકી પડેલી ગ્રામ પંચાયતની ચૂંટણીનો માર્ગ મોકળો, રોટેશન જાહેર કરવા સૂચના

**સમય મિરર | અમદાવાદ**

ગુજરાતમાં તાજેતરમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ હતી. હવે અટકી પડેલી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેનો માર્ગ મોકળો થયો છે.તમામ જિલ્લા કલેક્ટરને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવા સૂચના આપવામાં આવી છે. ઓબીસી અનામત અંગેના નિર્ણય બાદ નિર્ણય લેવામાં આવ્યો છે. કેટલાક જિલ્લાઓમાં રોટેશન જાહેર થયાં છે. આગામી સમયમાં ચૂંટણીપંચ ચૂંટણીની જાહેરાત કરી શકે છે.



ગુજરાતમાં પાલિકા અને પંચાયતોની ચૂંટણી બાદ ઓબીસી અનામત મુદ્દે અટકી પડેલી ગ્રામ પંચાયતોની સામાન્ય અને મધ્યસત્ર ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે. રાજ્ય ચૂંટણી આયોગે અગાઉ તમામ જિલ્લા કલેક્ટરોને પત્ર લખી ચૂંટણી માટે એલર્ટ થઈ જવા સૂચના આપી હતી. અધિકારી સુત્રોના જણાવ્યા પ્રમાણે ૩૦ જૂન ૨૦૨૫ સુધી જે ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે તેવી સાતેક હજાર ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે.

ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે રોટેશન પ્રક્રિયામાં ઓબીસી માટે અનામત ૧૦ ટકાથી વધારી ૨૭ ટકા કરવાની પ્રક્રિયા વિચારણા હેઠળ હતી. આ માટે રાજ્ય સરકારે ઝવેરી કમિશનની રચના કરીને વિધાનસભા ગૃહમાં કાયદો પસાર કર્યો હતો. આ કાયદાને લગતી પ્રક્રિયા પૂર્ણ નહીં થતા ગ્રામ પંચાયતોની ચૂંટણી લંબાઈ હતી. પરંતુ હવે તમામ જિલ્લા કલેક્ટરોને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવા સૂચના આપવામાં આવી છે.

# રશિયા - યુક્રેન યુદ્ધ મામલે પુતિને પહેલીવાર શાંતિ કરારની તૈયારી દર્શાવી

## ફેબ્રુઆરી ૨૦૨૨થી ચાલતા યુદ્ધનાં કાયમી વિરામની ઊજળી સંભાવના

**સમય મિરર | નવી દિલ્હી**

ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયાએ યુક્રેન પર આક્રમણ શરુ કર્યું હતું, જેમાં બંને પક્ષે ભારે ખુંવારી થઇ છે. આ યુદ્ધને કારણે વૈશ્વિક વેપારને પણ મોટો ફટકો પડ્યો છે. આંતરરાષ્ટ્રીય દબાણ છતાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન યુદ્ધવિરામ માટે તૈયાર થઇ રહ્યા ન હતાં. હવે પહેલી વાર પુતિન નરમ પડ્યા હોય એવું લાગી રહ્યું છે. તેમણે સોમવારે જણાવ્યું હતું કે મોસ્કો યુક્રેન સાથે દ્વિપક્ષીય શાંતિ વાટાઘાટો માટે તૈયાર છે. તેમણે યુદ્ધવિરામની તૈયારી દર્શાવી છે.

નોંધનીય છે કે ઈસ્ટરના તહેવાર નિમિતે ૩૦ કલાકના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ બંને પક્ષો દ્વારા તેનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું ન હતું. યુક્રેને ઈસ્ટર પર પુતિનના યુદ્ધવિરામને વિશ્વાસઘાત ગણાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે ૩૦ કલાકમાં યુક્રેન પર લગભગ ૩,૦૦૦ હુમલા થયા હતા.



પુતિને રશિયન સ્ટેટ ટેલિવિઝન સાથેની એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું, ઈસ્ટર યુદ્ધવિરામ પછી લડાઈ ફરી શરૂ ગઈ થઈ છે, પણ અમે શાંતિ પહેલ માટે તૈયાર છીએ અને કિવ પાસેથી પણ એવી જ અપેક્ષા રાખીએ છીએ.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે, જ્યારે રાષ્ટ્રપતિએ સિવિલિયન ટાર્ગેટ્સ પર હુમલો ન કરવાના મુદ્દા પર ચર્ચા કરવાની વાત કરી હતી, ત્યારે તેમનો અર્થ યુક્રેનિયન પક્ષ સાથે સીધી વાટાઘાટો અને પરામર્શ કરવાનો હતો. રશિયા ઉકેલ શોધવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે કામ કરતુ રહેશે અને અમને આશા છે કે આ પ્રયાસો સફળ થશે.

નોંધનીય છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર ઘણા સમયથી રશિયા પર શાંતિ કરાર માટે દબાણ કરી રહ્યું છે, એવામાં પુતિનની આ વાત મહત્વની છે. ટ્રમ્પ અને વિદેશ સચિવ માર્કો રુબિયોએ તાજેતરમાં કહ્યું હતું કે જો શાંતિ કરાર અંગે કોઈ પ્રગતિ નહીં થાય તો અમેરિકા વાટાઘાટોમાંથી ખસી શકે છે. જોકે, રવિવારે ટ્રમ્પે કહ્યું હતું કે, આશા છે કે બંને પક્ષો આ અઠવાડિયે કોઈ કરાર પર પહોંચી શકશે.

## ગુરૂવારે ઉપલેટા ખાતે કાર્યક્રમ આપવાની જાહેરાત કરાઈ

# સ્માર્ટ મિટરના વિરોધમાં કોંગ્રેસ પીજીવીસીએલ કચેરીનો કરશે ઘેરાવ



**સમય મિરર | ઉપલેટા**

શહેર કોંગ્રેસ પ્રમુખ કૃષ્ણકાંત ચોટાઈ એ એક નિવેદનમાં જણાવેલ છે કે ગરીબ અને ખેડૂત વિરોધી કેન્દ્ર અને રાજ્ય ની ભાજપ સરકારે પેટ્રોલ ડિઝલ રાંધણગેસ એસટી ના ભાડા વધારી ટોલટેક્ષ અને જીવન જરૂરયાત ની ખાણી પીણી ના ભાવો આસમાને પહોંચાડી ગરીબ અને સામાન્ય પરિવારની કમર તોડી નાખી છે.

ગત કોર્પોરેશન જિલ્લા તાલુકા અને નગરપાલિકા ની સ્થાનિક ચુંટણી ને કારણે મુલતવી રાખેલ સ્માર્ટ મિટર બદલવાનું છાને ખુણે શરૂ કરેલ છે અને ઉપલેટા મા પણ છાને ખુણે શરૂ થયુછે જે માત્ર ને માત્ર ભાજપે ચુંટણી મા મોટા મોટા ચુંટણી ફંડો લીધા હતા તેવા ને કમાવી આપવાનું કાવત્રુ છે અને વધુ આક્ષેપ કરતા ચોટાઈ એ જણાવ્યું હતુ કે, આ સ્માર્ટ મીટર કોમ્પ્યુરાઈઝ હોય એટલે તેમા EVMની જેમ ઘાલમેલ થવાની પુરી શક્યતા છે.

ઉપરોક્ત સ્માર્ટ મીટર નો વિરોધ કરવતા ૨૪ ના ગુરુવારે શહેર અને તાલુકા કોંગ્રેસ દ્વારા કોંગ્રેસ ના હોદેદારો આગેવાનો કાર્યકરો સવારે ૧૦/૩૦ કલાકે રાજમાર્ગ પીજીવીસીએલ કચેરીએ આવેદનપત્ર આપવા આવવાનું કૃષ્ણકાંત ચોટાઈ તથા ભુપતભાઈ કનેરીયા એ એક યાદીમાં જણાવેલ છે.

# દેશના બેરોજગારોનાં આંકડા દર મહિને જાહેર કરવામાં આવશે

**સમય મિરર | નવી દિલ્હી**

દેશમાં બેરોજગારી હંમેશા મોટી સમસ્યા રહી છે, બેરોજગારોની સંખ્યા અંગે સતત વાદવિવાદ થતા રહે છે. એવામાં ભારત સરકારે એક મહત્વનું પગલું ભર્યું છે. હવે દર મહિને દેશમાં બેરોજગાર લોકોની સંખ્યા જાહેર કરવામાં આવશે, અગાઉ દર ત્રણ મહીને આ માહિતી જાહેર કરવામાં આવતી હતી.

એક વરિષ્ઠ અધિકારીએ જાહેરાત કરતા જણાવ્યું હતું કે સરકાર ૧૫ મેથી ત્રિમાસિકને બદલે માસિક ધોરણે બેરોજગારીના આંકડા જાહેર કરવાનું શરૂ કરશે. ૧૫ મેના રોજ જાહેર થનારા ડેટામાં જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચનો ડેટા શામેલ હશે અને ત્યારબાદ દર મહિને ડેટા જાહેર કરવામાં આવશે.




મીનીસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટીક એન્ડ ઈમ્પ્લીમેન્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે, વર્ષાના પ્રથમ ત્રણ મહિના માટે દેતા અમે ૧૫ મેના રોજ જાહેર કરીશું. આ પહેલી વાર છે જ્યારે અમે આવું કરી રહ્યા છીએ. અન્ય મુખ્ય અર્થતંત્રોથી વિપરીત, ભારતમાં બેરોજગારી પર હાઈ ફ્રિકવન્સી ડેટા કલેક્શન એન્ડ ડિસ્કલોઝરની સિસ્ટમ નથી.

અધિકારીએ જણાવ્યું કે અત્યાર સુધી, સરકાર ત્રિમાસિક ધોરણે શહેરી બેરોજગારીનો ડેટા અને વાર્ષિક ધોરણે ગ્રામીણ અને શહેરી બેરોજગારીનો ડેટા સંયુક્ત રીતે જાહેર કરતી રહી છે. અધિકારીએ જણાવ્યું કે ડેટા સંગ્રહ આંકડાકીય રીતે મજબૂત છે.

## પાણી સહિતના પ્રશ્ને મતદાતાઓએ જીતુ વાઘાણીનો ઉધડો લીધો' તો

# ભાવનગરમાં ધારાસભ્યોને ઘેરાવ કર્યા બાદ વાલ્વમેનની બદલી કરતું તંત્ર

**સમય મિરર | ભાવનગર**

ભાવનગરમાં થોડા દિવસ પહેલા પાણીના પ્રશ્ને ધારાસભ્ય અને મેયરનો ઘેરાવ કરવામાં આવ્યો હતો. કુંભારવાડાની ગિરનાર સોસાયટીમાં વિકાસના કામોના ખાતમૂહુર્ત પ્રસંગે મેયર અને ધારાસભ્યનો લોકોએ ઘેરાવ કર્યો હતો. પાણીની ફરિયાદના પગલે કી મેનની બદલી કરવામાં આવી છે. પાણી વિતરણ માટે કી-મેન રૂપિયા લેતા હોવાનો પણ લોકો એ મેયર અને ધારાસભ્યને આક્ષેપ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગરમાં કુંભારવાડા વિસ્તારમાં વિકાસકામોના ખાતમૂહુર્ત પ્રસંગે આવેલા ધારાસભ્ય જીતુ વાઘાણી અને મહાનગર પાલિકાના મેયરને સ્થાનિક લોકોએ ઘેરી લીધા હતાં. લોકોએ પાણી અને ડ્રેનેજ અંગેની ફરિયાદો કરી હતી. ત્યાર બાદ કી મેનની બદલી કરી દેવામાં આવી હતી. કી મેન દેવાભાઈ ચાવડાની બદલી કરી અધેવાડા ખાતે મૂકી દેવામાં આવ્યા હતાં. લોકોએ કી મેન પાણી વિતરણ માટે રૂપિયા લેતા હોવાનો ધારાસભ્ય અને મેયર સામે આક્ષેપ કર્યો હતો.

ભાવનગરમાં સ્થાનિકોએ કરેલા આક્ષેપ મુદ્દે કી મેન સામે તપાસ શરૂ કરીને રોજકામ શરૂ કરી દેવાયું છે. તપાસ અને રોજકામ દરમિયાન આક્ષેપ સાચા સાબિત થશે તો કી મેન સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે તેવું મહાનગર પાલિકાના સુત્રોએ જણાવ્યું હતું. ધારાસભ્ય જીતુ વાઘાણીને લોકોના રોષનો ભોગ બનવું પડ્યું હતું.

આ દરમિયાન તેમને લોકોએ ઘેરી લેતા મીડિયા કર્મીઓના કેમેરા બંધ કરાવવાનો ઈશારો કરતો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

# માણાવદરના આંબલિયામાં અધિકારીઓ દાદ નહીં આપતા મહિલા સરપંચનું રાજીનામું

## ગૌચરની જમીન ખાલીકરાવવા ત્રણ વર્ષથી કરી રહ્યા છે રજૂઆત

**સમય મિરર | જૂનાગઢ**

જૂનાગઢનાં માણાવદર તાલુકાનાં આંબલિયા ગામનાં મહિલા સરપંચ દ્વારા આખરે હેરાનગતિથી કંટાળી રાજીનામું આપી દીધું હતું. માણાવદરનાં આંબલિયા ગામના દક્ષાબેને આજે એકાએક જીલ્લા પંચાયત ઓફીસ પહોંચી રાજીનામું આપી દીધું હતું.

કામગીરીમાં નિષ્ઠા દાખવવા છતાં થતી હેરાનગતિથી કંટાળી મહિલા સરપંચે રાજીનામું આપી દીધું હતું. માણાવદરનાં આંબલિયા ગામનાં દક્ષાબેન હાથલિયાએ ટીડીઓ અને ડીડીઓને પોતાનું રાજીનામું સુપ્રત કર્યું હતું. ગૌચરની જમીન ખાલી કરાવવા ત્રણ વર્ષ સુધી રજૂઆતો કરી તેમ છતાં પણ કંઈ પરિણામ ન આવતા આખરે મહિલા સરપંચ દ્વારા રાજીનામું આપી દીધું હતું. ટીડીઓ અને ડીડીઓએ અન્ય સુવિધાના કામો અંગે સવાલો ઉઠાવ્યા હતા. અનેક ધક્કાઓ ખાવા છતાં દબાણ કરેલી જમીનોનાં પ્રશ્નો હલ નહી થતા મહિલા સરપંચ લાચાર બન્યા હતા. આખરે કંટાળી મહિલા સરપંચ જિલ્લા પંચાયત ઓફીસ જઈ રાજીનામું આપી દીધુ હતું.





આ બાબતે મહિલા સરપંચ દક્ષાબેને જણાવ્યું હતું કે, એક તરફ સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ મહિલાને આગળ વધારો, હું એજ્યુકેટેડ છું. ભણેલી છું, સક્ષમ છું તો પણ જો આ લોકો મને આટલું હેરાન કરે છે આજે મારે વિવશ થઈને રાજીનામું આપી દીધું છે. મારા વિકાસનાં કામો અટક્યા છે. આજ પછી બીજી કોઈ મહિલા સરપંચ બનતા પહેલા વિચાર કરશે. આ તંત્ર મને આટલી હદે હેરાન કરી શકે તો બીજી અન્ય સ્ત્રીઓ હશે તેમની તો શું હાલત કરતા હશે.

## અમદાવાદના જિલ્લા શિક્ષણાધિકારીનો આદેશ : પરિપત્ર જાહેર

# સ્કૂલોને ખાનગી ક્લાસીસ નહીં ચલાવવા અધિકારીની કડક સૂચના

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદમાં જિલ્લા શિક્ષણ અધિકારીએ એક પરિપત્ર જાહેર કરીને તમામ સ્કૂલોને અવગત કરી છે. ડમી વિદ્યાર્થીઓ મુદ્દે આ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. સ્કૂલોમાં વિદ્યાર્થી ઓની ૮૦ ટકા હાજરી ફરજિયાત કરાઈ છે. તે ઉપરાંત પાંચ કલાક શૈક્ષણિક કાર્ય પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. જિલ્લા શિક્ષણ અધિકારીની ટીમ સ્કૂલોમાં સરપ્રાઈઝ ચેકિંગ કરશે. કોઈપણ સ્કૂલ ખાનગી ક્લાસ ચલાવી શકશે નહીં.

જિલ્લા શિક્ષણ અધિકારીએ જાહેર કરેલા પરિપત્રમાં તમામ સ્કૂલોને જણાવ્યું છે કે, કોઈપણ સ્કૂલમાં વિદ્યાર્થિની અનિયમિતતા જણાશે તો માન્યતા રદ કરવામાં આવશે. સ્કૂલોમા નિયમિત પણે ચકાસણી કરવામાં આવશે. વિદ્યાર્થીઓ ગેરહાજર હોવા છતાં હાજરી પૂરાઈ રહી હોવાની ફરિયાદો ઉઠી હતી. ૧૧-૧૨ ના વિદ્યાર્થીઓ JEE, NEET પરીક્ષાની તૈયારીઓ માટે શાળાએ આવવાનું ટાળતા હોવાની પણ હતી ફરિયાદો મળી હતી. કેટલીક શાળાઓમાં વિદ્યાર્થી ઓ શાળાએ ના આવતા હોવા છતાં ચોપડે હાજરી પૂરતી હતી.

નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય એ પૂર્વે શાળાઓને તાકીદ કરવા ૮૦% હાજરી ફરજિયાતનો પરિપત્ર જાહેર કરાયો છે. અમદાવાદ ગ્રામ્ય DEOની ટીમ શાળાઓમાં સરપ્રાઈઝ ચેકીંગ કરશે. જો શાળાઓમાં વિદ્યાર્થીની અનિયમિતતા જણાશે તો માન્યતા રદ થશે. કોઇ પણ શાળા ખાનગી ક્લાસ ચલાવી શકશે નહીં. તમામ શાળાઓને અવગત કરવા માટે જિલ્લા શિક્ષણ અધિકારીએ પરિપત્ર જાહેર કર્યો છે. શાળાઓમાં નિયમિત રીતે ચકાસણી કરવામા આવશે.

# ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા બાળકોનું રસીકરણ અભિયાન

## ૯ મહિનાથી ૫ વર્ષ સુધીના બાળકોને ઓરી રૂબેલા જેવા રોગ સામે રક્ષણાત્મક રસી અપાશે

**સમય મિરર | વેરાવળ**

બાળકના સ્વસ્થ જીવન અને સર્વાંગી વિકાસ માટે તમામ પ્રકારની રસીના માધ્યમથી રક્ષણ મેળવવું અનિવાર્ય છે. ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૨૪/૦૪/૨૦૨૫ થી તા.૩૦/૦૪/૨૦૨૫ દરમિયાન 'વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક' ની ઉજવણી કરવામાં આવી રહી છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બાળકોના સ્વાસ્થ્ય માટે વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમોની કડીમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ મહત્વનો ભાગ ભજવે છે. આ કાર્યક્રમ દ્વારા બાળકોને ૧૧ ગંભીર રોગથી રક્ષણ આપવામાં આવશે.



જિલ્લામાં તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ વય આધારિત એનાલિસીસ મુજબ ખિલખિલાટ વાહન થકી બાકી રહી ગયેલા બાળકોનું રસીકરણ દર મહિનાના ચોથા ગુરૂવારે કરવામાં આવશે. કોઈ પણ બાળક રસીકરણથી વંચિત ન રહી જાય તે ધ્યાનમાં રાખીને કામગીરી કરવામાં આવશે.

આ જ રીતે તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ મિઝલ્સ અને રૂબેલા માટે બાકી રહી ગયેલા ડોઝ હોય તેવા ૯ મહિનાથી ૫ વર્ષ સુધીના તમામ બાળકોનું ઝુંબેશરૂપે સઘન રસીકરણ કરવામાં આવશે. આ રસીકરણ કાર્યક્રમ અંતર્ગત નિયમિત રસીકરણ સેશન યોજાતા હોય છે અને દર બુધવારે મમતા દિવસને ધ્યાને લઈ તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ પાંચમા બુધવારે રૂટીન મમતા દિવસ યોજાશે. આમ, વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીકની ઉજવણીના ભાગરૂપે તા.૨૪/૦૪/૨૦૨૫ના રોજ ખિલખિલાટ રસીકરણ, તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ ઓરી રસીકરણ અને તા.૩૦/૦૪/૨૦૨૫ના રોજ (પાંચમો બુધવાર) મમતા દિવસ યોજાશે.

## પેરોલ જમ્પ કરી પોલીસને હાથ તાળી આપતો હતો

# ગીર સોમનાથ જિલ્લાનો ફરાર આરોપી સુરત ખાતેથી ઝડપાયો

**સમય મિરર | વેરાવળ**

જુનાગઢ રેન્જ ડી.આઇ.જી.પી. નિલેશ જાજડીયા, જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાએ જીલ્લાના તથા જીલ્લા બહારના પેરોલ ફર્લો રજા તથા વચગાળાના જામીન પરથી ફરાર થતા કેદીઓને પકડી પાડવા સુચના આપતા ગીર સોમનાથ એલ.સી.બી. ના ઇન્ચાર્જ પો.ઇન્સ. એ.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ પો.સબ ઇન્સ. એ.સી.સિંધવ, એ.એસ.આઇ. રામદેવસિંહ જાડેજા, અજીતસિંહ પરમાર, શૈલેષભાઇ ડોડીયા, ભુપેન્દ્રસિંહ ચાવડા, પો.હેડ કોન્સ. નટુભા બસીયા, લલીતભાઈ ચુડાસમા, મીસીંગ પર્સન સ્કવોડના પો.હેડ કોન્સ. નરેન્દ્રભાઇ પટાટ સહીતના પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન મળેલ બાતમીના આધારે અશોક ધનજી સોલંકી, રહે.શાહીગરા કોલોની, ઝુપડપટ્ટીની પાછળ, વેરાવળ, જી. ગીર સોમનાથ વાળા



જુનાગઢ જીલ્લાના ચોરવાડ પોલીસમાં આઇ.પી.સી. કલમ ૩૦૨ ના કામે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવતો હોય અને પેરોલ રજા પરથી જેલ ખાતે હાજર થવાના બદલે છેલ્લા એક મહીનાથી ફરાર હોય જે કેદીને સુરતના ઇચ્છાપોર પોલીસની હદ વિસ્તારમાંથી એ.એસ.આઈ શૈલેષભાઇ ડોડીયા, પો.હેડ.કોન્સ. લલીતભાઈ ચુડાસમા એ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# વાહનોમાં કર્કશ હોર્નના બદલે હવે ઢોલ-વાંસળીની ધૂન સંભળાશે : નીતિન ગડકરી

**સમય મિરર | નવી દિલ્હી**

દેશમાં ટૂંક સમયમાં રસ્તાઓ પર તમને કારના હોર્નમાંથી ઢોલની થાપ, વાંસળીની ધૂન અને સિતારના સૂર સંભળાઈ શકે છે. થોડા વર્ષો પહેલા કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે તેઓ એક એવી યોજના પર કામ કરી રહ્યા છે જેમાં કારના હોર્નમાં ભારતીય સંગીતનાં વાદ્યોની ધૂન સંભળાશે. હવે તેમની આ યોજના સાકાર થવા જઈ રહી છે. આ માટે દેશમાં એક નવો કાયદો બનાવવામાં આવી રહ્યો છે.

સડક પરિવહન મંત્રીએ તાજેતરમાં આ અંગેની પોતાની ઈચ્છા વ્યક્ત કરતાં જણાવ્યું કે તેઓ આ સંબંધમાં ટૂંક સમયમાં એક કાયદો લાવવાના છે. અહેવાલ મુજબ, નીતિન ગડકરીનું મંત્રાલય એક એવો કાયદો લાવવાનું વિચારી રહ્યું છે, જેના કારણે તમામ પ્રકારના વાહનોના



હોર્ન માટે ભારતીય વાદ્યોની ધૂનોનો ઉપયોગ કરી શકાશે. આનાથી રસ્તાઓ પર લોકોને હોર્નની કર્કશ અવાજોથી રાહત મળશે.

તેમનું કહેવું છે કે કાયદો બન્યા બાદ વાહનોના હોર્નમાં તબલા, વાંસળી, વાયોલિન, ઢોલક અને હાર્મોનિયમ જેવા ભારતીય વાદ્ય યંત્રોની ધૂનોને સામેલ કરી શકાશે. આ નિર્ણય ધ્વનિ પ્રદૂષણ ઘટાડવામાં મદદ કરશે.

જોકે, મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસે ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને નીતિન ગડકરીના આ નિર્ણય પર મજાક પણ ઉડાવી છે.

નીતિન ગડકરીએ દેશમાં હવાની ગુણવત્તા સુધારવા માટે વાહનો દ્વારા થતા પ્રદૂષણને ઘટાડવાનું એક મહત્ત્વપૂર્ણ લક્ષ્ય ગણાવ્યું. તેમણે જણાવ્યું કે દેશના કુલ વાયુ પ્રદૂષણમાં ૪૦ ટકા હિસ્સો વાહનોના ધુમાડાથી થતા પ્રદૂષણનો છે.

તેમણે કહ્યું કે આથી મોદી સરકાર સતત એવા વાહનોને પ્રોત્સાહન આપી રહી છે, જે ગ્રીન અથવા બાયોફ્યુઅલથી ચાલે છે. સાથે જ મિથેનોલ અને ઈથેનોલના ઉપયોગને પણ વધારવામાં આવી રહ્યો છે. સરકારે ઇલેક્ટ્રિક વાહનો માટે સબસિડી આપવાનું કામ કર્યું છે.

નીતિન ગડકરીએ જણાવ્યું કે હવે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઇલ માર્કેટ બની ગયું છે. માત્ર અમેરિકા અને ચીન જ તેનાથી આગળ છે. આ સેક્ટર દેશના નિકાસમાં પણ મોટો હિસ્સો ધરાવે છે.

# ઉનામાં ટેકાના ભાવે ખરીદી નહીં કરતાં ખેડુતો હેરાન

## જણસી ઘરમાં પડી રહેતા પડ્યા પર પાટું : ચણા અને રાયડાના ઢગલા થયા : ૭૦૦થી વધારે ખેડૂતોના રજીસ્ટ્રેશન રદ


**સમય મિરર । ઉના**

ગુજરાત સરકાર નાં ખેતિવાડી દ્વારા ૦૯મી માર્ચ સુધી ખેડૂતો વિનામૂલ્યે ઈ-સમૃધ્ધિ પોર્ટલ થકી ઓનલાઈન નોંધણી કરાવી ચણા,રાયડા નું વેચાણ કરી શકશે તેવી જાહેરાત કરાયાં બાદ સેટેલાઈટ સર્વે કરાતાં ઉના ગીરગઢડા તાલુકા નાં ખેડૂતો નાં ખેતર માં ચણા રાયડા નો પાક નહીં હોવાનું જણાવી એક સાથે ૭૦૦ થી વધું ખેડૂતો નાં રજીસ્ટ્રેશન રદ કરી નાખતા દેકારો મચી ગયો છે.

તદનુસાર રાજ્યના તમામ જિલ્લાઓમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા તા.૦૯મી માર્ચ સુધી ખેડૂતોની ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે વી.સી.ઈ મારફતે વિના મૂલ્યે ઓનલાઈન નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર કરવામાં જણાવ્યું હતું જેમાં ગીર સોમનાથ જિલ્લા નાં ઊના, ગીરગઢડા પંથક નાં ૭૦૦ થી વધારે ખેડૂતો એ પોતાનાં ખેતરો માં ચણા રાયડા નું વાવેતર કર્યું હોય રજીસ્ટ્રેશન કર્યા બાદ સેટેલાઈટ સર્વે માં પાક નહીં હોવાનું જણાવી રજીસ્ટ્રેશન એક ઝાટકે રદ કર્યાના મેસેજ આવતાં દોડતાં થયાં હતાં અને ઉના ખરીદ વેચાણ સંઘ ની ઓફીસે આવતાં પોતાની રજૂઆત કરતાં આ બાબતે



રજૂઆત કરાતાં ગ્રામસેવક દ્વારા ગીર સોમનાથ જિલ્લા ખેતીવાડી અધિકારી એ સ્થળ તપાસ કરતાં વાસ્તવિક રીતે



ખેડૂતો નાં ચણા રાયડા નું વાવેતર નજરે પડતાં અને ખુલ્લા ખેતરમાં અવશેષો મળી આવતાં આ બાબતે પોઝેટીવ રીપોર્ટ કર્યો હોવા છતાંય પણ રજીસ્ટ્રેશન કરી ચણા રાયડા ની ખરીદી નહીં કરાતાં ખેડૂતો માં ભારે રોષ સાથે નારાજગી વ્યાપી ગઈ છે

ઉના, ગીરગઢડા તાલુકા માં ચણા અને રાયડો પકવતાં ખેડુતભાઈઓ પોષણ યુગ ભાવ નો લાભલેવા પોતાનો માલ વેંચવા કેન્દ્ર પર જતાં હોય પરંતુ રજીસ્ટ્રેશન રદ બતાવતું હોવાનાં કારણે ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે.

### ગ્રામસેવક દ્વારા સર્વે કર્યા વગર રજીસ્ટ્રેશન રદ કરી દીધું છે : ખેડૂત

ગીરગઢડા પંથકનાં ખેડૂત ધરમશી ભાઈ દુધાત એ જણાવ્યું હતું કે મારાં ખેતરમાં મખમલ પાક રાયડા નો વાવેતર કર્યો છે અમે રજીસ્ટ્રેશન પણ કરાવ્યું હતું અને ક્યારે સરકારે સેટેલા-ઈટ સર્વે કર્યો તે અમને ખબર નથી પરંતુ વાવેતર ઊભું હોવાં છતાંય તમારાં ખેતરમાં વાવેતર નથી એટલે રજીસ્ટ્રેશન રદ કર્યા નો મેસેજ આવતાં હાલ અમારી સ્થિતિ નાજુક બની રહીં છે બજાર માં પુરતાં ભાવ નહીં મળવા છતાં અમારે નુકશાની વેઠી આ માલ વેચવાનો સમય આવ્યો છે.

# કેન્દ્રીય વિદ્યાલયના છાત્રો ગાંધીનગર જવા રવાના

## રનીંગ અને ગોળાફેંક સ્પર્ધામાં ભાગ લેશે



**સમય મિરર । દીવ**

કેન્દ્રીય વિદ્યાલયના દસ વિદ્યાર્થીઓ રમત ગમતમાં ભાગ લેવા ગાંધીનગર જવા રવાના થયા છે.

દીવ કેન્દ્રીય વિદ્યાલયમાં અભ્યાસ કરતા દસ વિદ્યાર્થીઓ ગાંધીનગર ખાતે રનીંગ અને ગોળાફેંક સ્પર્ધામાં ભાગ લેવા ગયા. તે રવાના સમયે મ્યુ. ઉપપ્રમુખ કરૂણાબેન રવિ અને માજી કાઉન્સીલર રવિભાઇ સોલંકી અને વાલીઓએ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી.

# વેરાવળ શિશુ મંદિર એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખના ત્રણ પુસ્તકોનું વિમોચન કરાયું

## ગૌરવ ગુજરાતનું , અંતરંગ અને સાંપ્રત સમયનો પડકાર લોકો વાંચી શકશે

**સમય મિરર । વેરાવળ**

વેરાવળમાં આવેલ શિશુમંદિર એજયુકેશન ટ્રસ્ટ ના પ્રમુખ પ્રવિણભાઈ કે. લહેરી એ ચાર દાયકાઓ સુધી ગુજરાત સરકારમાં વિવિધ હોદ્દાઓ પર રહી વિશિષ્ટ યોગદાન આપેલ જેમાં સાહીત્યિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓના રાહબરનો અભિવાદક સમારંભ ''જે.બી. ઓડીટોરીયમ'' વસ્ત્રાપુર અમદાવાદ ખાતે યોજાયેલ હતો. આ સમારંભમા પી.કે.લહેરીના ત્રણ પુસ્તકો 'ગૌરવ ગુજરાતનું', 'અંતરંગ' અને 'સાંપ્રત સમયનો પડકાર' નું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ પૂજ્ય સ્વામી પરમાનંદ સરસ્વતીજી (શિવાનંદ આશ્રમ અમદાવાદ) અતિથિ વિશેષ તરીકે પૂજ્ય સાધુ બ્રહમ વિહારી દાસજી વરિષ્ઠ સંતવર્ય (બીએપીએસ) અને પૂજય સ્વામી નિખિલેશ્વરાનંદજી (અધ્યક્ષ રાધાકૃષ્ણ આશ્રમ, રાજકોટ) સહીતના હાજર રહેલ હતા અને સહયોગી સંસ્થાઓ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ,



સદ્વિચાર પરિવાર અમદાવાદ, શ્રીમદ્ રાજચંદ્ર સેવા કેન્દ્ર (ઉમંગ મૂકબધિર શાળા) બી.એમ.ઈન્સીટયુટ ઓફ મેન્ટલ હેલ્થ, ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ-ભાવનગર, ગુજરાત ડેઈલી ન્યુઝ પેપર એસોસિએશન ટ્રસ્ટ, સૌરાષ્ટ્ર ગાંધીજી ગ્રામોદ્યોગ ટ્રસ્ટ-ગઢડા, ફતેહસિંહરાવ ગાયકવાડ, જનરલ હોસ્પીટલ-વાત્રક, ભિક્ષુ અખંડાનંદ ટ્રસ્ટ, સદ્વિચાર પરિવાર- મણિનગર, હિંમતનગર, કસ્તુરબા સેવાશ્રમ-મરોલી, એડવાન્સ ઈન્ફોર્મેશન નેટવર્ક ઓફ લાઈબ્રેરીઝ ઈન ગુજરાત દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં અમદાવાદના અગ્રગણ્ય ઉદ્યોગપતિઓ, ડોકટરો, રાજકીય નેતાઓ અને સેવાકીય સંસ્થાઓના ટ્રસ્ટીઓ બહોળી સંખ્યામાં હાજર રહયા હતા. આ વેરાવળ શિશુમંદિર એજયુકેશન ટ્રસ્ટના જીતેન્દ્રભાઈ બી. મહેતા, રિતેશભાઈ પી. પંડયા અને જગમાલભાઈ જે. વાળા પરિવાર સાથે ઉપસ્થિત રહયા હતા. પી.કે.લહેરી એ તેની નોંધ લીધેલ હોવાનું ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રમેશભાઈ પી. ચોપડકરે યાદીમાં જણાવેલ છે.

# દીવના વણાંકબારામાં કોળી સમાજના નવા હોદ્દેદારોની વરણી

## સંગઠન દ્વારા વાર્ષિક હિસાબ રજૂ કરાયા




**સમય મિરર । દીવ**

વણાંકબારામાં સંયુક્ત કોળી સમાજના નવા હોદેદારોની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

દીવના વણાંકબારામાં વણાંકબારા સંયુક્ત કોળી સમાજની જનરલ મીટીંગ મળી જેમાં વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ અને વાર્ષિક હિસાબ રજૂ કરાયા બાદ નવા હોદેદારોની વરણી કરવામાં આવી જતાં માનદ મંત્રી તરીકે ઉમેશભાઈ છગનભાઈ બારીયા તેમજ સહમંત્રી તરીકે જયંતભાઈ પ્રેમજી બામણીયાની સર્વસમિતિથી નિયુક્તિ થઈ નવા હોદેદારોને અભિનંદન પાઠવ્યા.

# પોરબંદરમાં કૌટુંબિકોની હેરાનગતિથી ઘરેથી નીકળેલા વૃદ્ધાને મળ્યો સધિયારો

## ૧૮૧ની ટીમે સખી વન સ્ટોપમાં આશ્રય અપાવ્યો

**સમય મિરર । ગોસા (ઘેડ)**

મહિલાઓની વિશ્વનીય સહેલી અભયમ ૧૮૧ પોરબંદર નિઃસહાય મહિલાની મદદે આવી સફળ કાઉન્સેલિંગ સાથે મહિલાને સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય આપવામાં આવ્યો છે.

પોરબંદરની જાગૃત મહિલા શિક્ષિકાએ ૧૮૧ અભયમ જાણ કરી હતી. કે, ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલા હાઉસિંગ બોર્ડ કોલોની વિસ્તારમાં તેઓના પડોશીના ઘર નજીક નિસહાય બેઠા છે અને કોઈ બાબતે વૃદ્ધ મહિલા પરેશાન છે.

ત્યારબાદ પોરબંદર અભયમ ૧૮૧ ટીમ દ્વારા વૃદ્ધ મહિલાનું કાઉન્સેલિંગ કરતા મહિલાએ જણાવ્યું કે તેઓ કડિયા પ્લોટમાં વિસ્તારમાં



નાના એવા મકાનમાં એકલવાયું જીવન પસાર કરે છે પરંતુ તેમના દેર દ્વારા થતી હેરાનગતિના લીધે તેઓ ઘર છોડી હાઉસિંગ બોર્ડ કોલોની વિસ્તારમાં સબંધીના ઘરે આવ્યા હતા પરંતુ તેમનું ઘર ના મળતા તેઓ નિરાશ બન્યા હતા તેમ સમગ્ર વિગતો વૃદ્ધાએ જણાવી હતી ત્યારબાદ પોરબંદર ૧૮૧ ટીમ દ્વારા મહિલા પોલીસ સ્ટેશનના સંકલનમાં વૃદ્ધ મહિલાનું વધુ કાઉન્સેલિંગ અને માહિતી મેળવ્યા બાદ નિસહાય વૃદ્ધાને પોરબંદરના સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય આપવામાં આવ્યો હતો. આ કામગીરીમાં ૧૮૧ ટીમના કાઉન્સેલર નિરૂપાબેન બાબરીયા, કોન્સ્ટેબલ જાનકીબેન ભાલુ તથા મહિલા પોલીસ સ્ટેશન સંકલનમાં કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલાના મેરીયાણામાં સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા ડાયરો યોજાયો

## હેમંત ચૌહાણ સહિતના કલાકારોએ રમઝટ બોલાવી




**સમય મિરર । સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે મહા શિવ પુરાણ જ્ઞાનયજ્ઞમાં ભવ્ય લોક ડાયરો યોજવામાં આવેલ હતો જેમાં પદ્મશ્રી હેમંતભાઈ ચૌહાણ તેમજ ભુપતભાઈ ધાધલ તેમજ જયંતીભાઈ ભાટ ઉપસ્થિત રહ્યા હતા જેમાં સર્વપ્રથમ આવેલા મહેમાનોનું પુષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવ્યા. ત્યારબાદ ભવ્ય લોક ડાયરો શરૂ કરવામાં આવેલ હતો.

જેમાં પદ્મશ્રી હેમંતભાઈ ચૌહાણ દ્વારા ભજનો રજૂ કરવામાં આવ્યા તેમજ શિવ તાંડવ પણ રજૂ કરવામાં આવેલ અને ભુપતભાઈ ધાધલ દ્વારા પણ જુના પૌરાણિક ભજનો અને સાહિત્ય શૈલીમાં રજૂઆતો કરવામાં આવેલ અને જયંતીભાઈ ભાટ દ્વારા અત્યારે હાલનું સમાજનું મોટામાં મોટું દુષણ વ્યસન એને અનુરૂપ કૃતિઓ રજૂઆત કરવામાં આવેલ મોટી સંખ્યામાં આજુબાજુના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ હિતેશભાઈ ખાતરાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું

# કુતિયાણાનો ડબલ મર્ડરનો આરોપી જામીન મેળવી ફરાર થતાં થરાદથી ઝડપી લેવાયો

## પોરબંદર પોલીસે જામનગર જિલ્લા જેલ હવાલે કર્યો : જામીન પૂર્ણ બાદ હાજર નહીં થતાં કાર્યવાહી

**સમય મિરર । ગોસા (ઘેડ)**

રાણાવાવ પોલીસ સ્ટેશનમાં સને ૨૦૧૮ના ઈ.પી.કો.ક.૩૦૨ના ડબલ મર્ડર ગુન્હામાં આદિત્યાણા ના માલદે ગીગાભાઈ મોઢવાડીયા જામનગર જેલમાં કાચા કામના આરોપી તરીકે સજા ભોગવતો હતો. ત્યારે તેઓને હાઈકોર્ટ દ્વારા વચગાળા ના જમીન પર છોડાવામાં આવેલ હોય અને મજકુર આરોપી ને તા. ૧૬/૦૫/૨૦૨૩ ના હાજર થવાનું હોય પરંતુ આપેલ તારીખે હાજર ન થતા ફરાર હતો. ત્યારે પોરબંદર પેરોલ ફર્લો સ્કોડે વાવ ના થરાદ ખાતે થી પકડી પાડી જામનગર જીલ્લા જેલ ખાતે આગળની સજા કાપવા મોકલી આપેલ છે.

જૂનાગઢ રેંજના પોલીસ મહા નિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોરબંદર જીલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા નાઓ દ્વારા પેરોલ



ફર્લો વચગાળા ના જમીન ઉપરથી ફરાર, પોલીસ જાપ્તામાં થી ફરાર પકડી પાડવા સારૂ સૂચના કરવામાં આવેલ તેમજ તા. ૧૫/૦૪/૨૦૨૫ થી તા. ૩૦/૦૪/૨૦૨૫ સુધી પેરોલ ફર્લો વચગાળા ના જમીન ઉપરથી ફરાર આરોપીઓને પકડવા અંગે ડ્રાઈવ રાખવામાં આવેલ હોય,

જે અનુસંધાને પેરોલ ફર્લો સ્કોડ પોરબંદર ના પોલીસ સબ ઈન્સ્પેકટર એચ. એમ. જાડેજા તથા પેરોલ ફર્લો સ્કોડના માણસો પ્રયત્નશીલ હતાં. તે દરમ્યાન એ. એસ.આઈ જે. આર. કટારા તથા પી કે. બોદર તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ વજશીભાઈ વરૂ તથા પિયુષભાઇ સીસોદીયાઓને સંયુક્ત બાતમી રાહે હકીકત મળેલ કે રાણાવાવ પોલીસ સ્ટેશન ના (૧) ગુ. ર. નં.ફ ૧૮/૨૦૧૮ તથા (૨) ગુ. ર. નં.ફ ૨૦/૨૦૧૮ ઈ.પી.કો.ક.૩૦૨ મુજબના કામે આરોપી માલદે ગીગાભાઈ મોઢવાડીયા ઉ.વ.૨૮ રહે, આદિત્યાણા તા. રાણાવાવ જી. પોરબંદર વાળા જામનગર જીલ્લા જેલ ખાતે કાચા કામના કેદી તરીકે સજા ભોગવતાં હોય અને નામદાર હાઈકોર્ટ દ્વારા વચગાળાના જમીન પર છોડવામાં આવેલ. મજકુર આરોપી ને ગઈ . તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ જામનગર જીલ્લા જેલ ખાતે હાજર થવાનું હતું. પરંતુ મજકુર આરોપી હાજર ન થયેલ હોય અને ફરાર થયેલ. જે આરોપી/કેદી હાલ વાવ થરાદ જિલ્લાના થરાદ ખાતે હોવાની હકીકત મળતા ત્યાં જઈ ને તપાસ કરતા મજકુર આરોપી મળી આવતા પકડી જામનગર જીલ્લા જેલ ખાતે આગળની સજા કાપવા સારૂ મોકલી આપેલ છે.

આ કામગીરી કરનાર અધિકારી / કર્મચારીઓમાં પેરોલ ફર્લો સ્કોડ પોલીસ સબ ઈન્સ્પેકટર એચ. એમજાડેજા, તથા એએસ.આઈ એચ. કે. પરમાર, તથા જે. આર. કટારા તથા પિયુષભાઈ બોદર તથા પિયુષભાઈ સીસોદીયા, પ્રકાશભાઈ નકુમ તથા જેતમલ ભાઈ મોઢવાડીયા તથા વજશી ભાઈ વરૂ તથા કેશુભાઈ ગોરાણીયા તથા હરેશભાઇ સીસોદીયા તથા પોલીસ કોન્સ્ટેબલ આકાશભાઈ શાહ તથા ટેક્નિકલ ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

# વિરમગામના થોરી મુબારક ગામે મારું ઘર ઉદ્ઘાટન સમારોહ યોજાયો

## ધર્મપ્રસાદ સ્મૃતિધામ ખાતે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી



**સમય મિરર । વિરમગામ**

વિરમગામ તાલુકાના થોરી મુબારક મુકામે ધર્મપ્રસાદ સ્વામીની સપ્તમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે સ્વામિનારાયણ સંપ્રદાયના સમસ્ત સત્સંગી શિષ્યો દ્વારા તૈયાર થયેલ ધર્મપ્રસાદ સ્મૃતિધામ ખાતે મારૂ ઘર ઉદ્ઘાટન મહોત્સવ અને હનુમાનજી મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને વડતાલ સ્વામિનારાયણ મંદિરના નવનિયુક્ત ચેરમેન સંત વલ્લભદાસજી સ્વામી અને પૂ. પ્રેમપ્રકાશ સ્વામીના આશિર્વાદ મેળવ્યા હતા. વિરમગામ તાલુકાના સમસ્ત હરિભક્તોએ આ ધાર્મિક પ્રસંગને સફળ બનાવવા સેવા આપી હતી.

# ગીર સોમનાથ હિન્દુ સંગઠનો દ્વારા બંગાળ હુમલાના વિરોધમાં રજૂઆત

## રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા આવેદન પાઠવી માંગણી

**સમય મિરર । વેરાવળ**

ગીર સોમનાથ વિશ્વ હિન્દુ પરીષદ તથા બજરંગ દળ અને દુર્ગા વાહીની દ્વારા બંગાળમાં હિન્દુઓ પર થતાં હુમલાના વિરોધમાં એસડીએમને આવેદન પત્ર સુપત્ર કરી રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માંગ તથા હિંસા ફેલાવનારોઓને કડક સજા કરવાની માંગ કરેલ છે.

ગીર સોમનાથ વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ અને દુર્ગા વાહીની દ્વારા પશ્ચિમ બંગાળમાં વકફ કાયદાના વિરોધના નામે થઈ રહેલા હિન્દુ પર નિંલજ હુમલાઓ તથા રાજય સરકારની દમનકારી હિન્દુ વિરોધી નીતીનાં વિરોધમાં આજે જીલ્લા કલેકટર કચેરી ખાતે એસ.ડી.એમ રાજેશભાઈ આલ ને આવેદન પત્ર



રામધુન બોલાવતાં સુપત્ર કરેલ હતું.

આ આવેદન પત્રમાં જણાવેલ કે, મમતા સરકારને બરતરફ કરી રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માંગ તથા હિંસા ફેલાવનારોઓને કડક સજા કરવાની માંગ કરેલ છે. આ તકે હિન્દુ સંગઠન વિશ્વ હિન્દુ પરિષદનાં વિભાગ અધ્યક્ષ ભુપેન્દ્રભાઈ વિઠલાણી, બજરંગ દળ જીલ્લા સંયોજક ભરતભાઈ બારડ, જીલ્લા સહમંત્રી કનકભાઈ બોરીચાંગર, વેરાવળ પ્રખંડ અધ્યક્ષ ગોવિંદભાઈ ભાનુશાળી, પ્રખર મંત્રી, બજરંગદળ સુત્રાપાડા પ્રમુખ ધવલભાઈ, તાલાળાનાં વિશ્વ હિન્દુ પરિષદના સદસ્યો સહીતના ઉપસ્થિત રહેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# દીવની વડલી માતા શાળામાં વાર્ષિક ઉત્સવ, ઇનામ વિતરણ

## વિવિધ રમતોના વિજેતા છાત્રોનું સન્માન




**સમય મિરર । દીવ**

વણાંકબારા ઉચ્ચતર માધ્યમિક શાળા વડલી માતાનો વાર્ષિક ઉત્સવ કાર્યક્રમ સરપંચ કાન્તાબેનની અધ્યક્ષતામાં યોજાયો. જેમાં શાબ્દિક સ્વાગત બાદ દિપ પ્રાગટય અને પુષ્પગુચ્છથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાનો વાર્ષિક અહેવાલ રજૂ કરાયો અને ત્યારબાદ ધોરણ દસ અને ધોરણ બારમાં શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓ અને વિવિધ પ્રવૃત્તિઓમાં બેસ્ટ પરફોમ કરનારા વિદ્યાર્થીઓને ઇનામો આપી સન્માનિત કરાયા. આ પ્રસંગે એનએસએસ સ્પેશ્યલ કેમ્પનો ઈનોગ્રેસન કરાયો. શાળાના પ્રાચાર્ય રજનીકાંત સોલંકી અને દરેક શિક્ષક ભાઇ/બહેનોએ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો.

# ઉનામાં ટ્રાફિક સહિતના પ્રશ્નો અને માર્ગદર્શન અંગે ઓપન હાઉસ યોજાયું

## ગીર સોમનાથ જિલ્લા પોલીસ દ્વારા માર્ગદર્શન અપાયું

**સમય મિરર । ઉના**

ગીર સોમનાથ જિલ્લા પોલીસ દ્વારા ઊના ખાતે ૨૧ એપ્રિલ ના દેલવાડા રોડ ઉપર આવેલ નગરપાલિકા ટાઉનહોલ ખાતે લોક જાગૃતિ સેમિનાર યોજાયો હતો. જેમા વ્યાજખોરો,સાયબર ક્રાઈમ, આરટીઆઈના દૂરપયોગ જેવા મુદા અંગે પોલીસ અને જીલ્લા નાં અધિકારી દ્વારા માર્ગદર્શન અપાયુ હતુ.

ગીર સોમનાથ જિલ્લા પોલીસ દ્વારા અધિક્ષક મનોહર સિંહ જાડેજા ની અધ્યક્ષતામાં અને નાયબ પોલીસ અધિક્ષક એફ એમ ચૌધરી ઉના પીઆઇ મહેન્દ્રસિંહ રાણા માર્ગદર્શન હેઠળ ઉના,કોડીનાર, ગીર ગઢડા, નવાબંદર મરીન પો સ્ટે ના સયુંકત ઉપક્રમે લોકો ને સરળ રીતે લોન મળે તેમાં બેંકોના સહયોગથી લોકો રોજગારી મળી રહે અને વ્યાજ નાં દુષણો ને અટકાવી શકાય તેવાં હેતુસર ઓપન હાઉસ સેમીનાર માં અધિકારી કર્મચારીઓ હાજર રાખી બેંક ની પ્રકિયા સરળતાથી સમજાવી હતી વ્યાજખોરો ના ચંગુલ માં ફસાયેલ લોકો ને બહાર લાવવા થયેલી રજુઆત બેંક દ્વારા આપવામાં આવતી સસ્તા દરે લોન આર ટી આઈ નો દુરુપયોગ કરીને તોડ કરતા ઇસમો વિરુદ્ધ કાર્યવાહી સાઈબર



અવેરનેશ વિગેરે બાબતે જરૂરી માર્ગદર્શન જીલ્લા એસ પી તેમજ દરેક પોલીસ અધિકારી દ્વારા અપાયું હતું અને કાયદાકીય સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉના કોડીનાર ગીર ગઢડા તથા નવા બંદર વિસ્તારના સામાજિક આગેવાનો નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણિયા,બાર એસોસિયેશન નાં પ્રમુખ બાંભણિયા ભાઈ, રામજીભાઈ વકીલ ઉના ગીરગઢડા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ પ્રમુખ ભવ્ય પોપટ તેમજ વિવિધ હોદ્દેદારો પ્રજાના પ્રતિનિધિઓ હાજર રહેલ.

# સરકારી હોસ્પિટલના એક્સ-રે વિભાગમાં આગ : દર્દીઓમાં ભાગદોડ

## પેનલબોક્સ સળગતાં દર્દીઓ સ્ટ્રેચર મુકી ભાગ્યા : અન્નક્ષેત્રએ વીજ જોડાણ લેતાં અવરલોડના કારણે શોટસર્કિટ થયું હોવાનું પ્રાથમિક અનુમાન : સિવિલ સર્જન સહિતના જવાબદાર અધિકારીઓ દોડી ગયા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ વારંવાર વિવાદમાં આવી રહી છે. દર્દીઓને પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાનું ઘણીવાર ફરિયાદ ઉઠી છે.

તેમજ સીવીલમાં આવેલ અન્ન ક્ષેત્રના કારણે પણ ઘણી વખત દર્દીઓને હાલાકી પડી રહી હોવાની રાવ મળી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતા આજે તેનો ભોગ દર્દીઓ બની રહ્યા છે. આજે સિવિલ હોસ્પિટલના એક્સરે વિભાગમાં શોટસર્કિટના કારણે આગનું છમકલુ થતાં નાસભાગ મચી ગઈ હતી. સીતારામ અન્નક્ષેત્રએ વિજ જોડાણ ખેંચી લેતા અવરલોડના કારણે સોટસર્કિટ થયું હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ ઘટના બનતા સિવિલ અધ્યક્ષ સહિતના જવાબદાર અધિકારીઓ ઘટના સ્થળે તાત્કાલીક દોડી આવ્યા હતાં.

મળતી માહિતી મુજબ આજે સવારે ૧૧:૩૦ વાગ્યા આસપાસ સિવિલ હોસ્પિટલના એક્સરે વિભાગના રૂમ નં. ૨૧માં ઓવરલોડના કારણે ઈલેક્ટ્રીક પેનલ બોક્સમાં આગ લાગી હતી. અચાનક આગ લાગતા અને ધુમાડાના ગોટા નિકળવા જતાં એક્સરે વિભાગમાં હાજર ૩૦૦થી વધુ દર્દીઓ અને લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. હાલ અમરનાથ યાત્રાના યાત્રિકોના મડિકલ ચેકઅપ ચાલી રહ્યા હોવાથી એક્સરે વિભાગાં ૩૦૦થી વધુ દર્દીઓ હાજર હતાં. ફુલ ગીર્દી સમયે જ આગનું છમકલું થતાં નાસભાગ મચી હતી. સ્ટ્રેચરમાં સુતેલા દર્દીઓ પણ સ્ટ્રેચર મુકીને ભાગ્યા હતાં.

હોસ્પિટલના સ્ટાફની કહેવા મુજબ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં જ આવેલ સિતારામ અન્નક્ષેત્રના સંચાલકોએ એક્સરે વિભાગમાંથી વિજળીનું જોડાણ ખેંચ્યુ હોય, ઓવર લોડના કારણે પેનલબોક્સમાં શોર્ટ સર્કીટથી આગ લાગી હતી. જો કે, સ્ટાફે સમયસર અગ્નિશામક બાટલાની મદદથી આગ કાબુમાં લઈ લેતા કોઈ મોટી દુર્ઘટના અટકી હતી. આ બારામાં એક્સરે વિભાગના એચ.ઓ.ડી, સિવિલ સર્જન, તબીબી અધિક્ષક અને આર.એમ.ઓ. સહિતના જવાબદાર અધિકારીઓને જાણ કરી અન્ન ક્ષેત્રનું વીજજોડાણ દૂર કરવા જણાવાયું છે.



### અન્નક્ષેત્રએ જમાવી દીધેલો પગદંડો

સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલી વિશાળ જગ્યામાંસીતારામ અન્નક્ષેત્રનો કબજો છે અને વીજ જોડાણ પણ સિવિલ હોસ્પિટલ-ાંથી બારોબાર ખેંચી લીધું હોવાનું હોસ્પિટલના જવાબદાર અધિકારીઓએ જણાવ્યું હતું. સિવિલ હોસ્પિટલના અધિકારીઓએ આ બારામાં જિલ્લા કલેક્ટરથી માંડી ગાંધીનગર સુધી લેખિત ફરિયાદો કરી છે. પરંતુ અન્ન ક્ષેત્ર વાળી જગ્યા ખાલી કરાવવામાં તંત્ર આંખ આડા કાન કરતું હોવાનું જણાવાય છે. અન્નક્ષેત્ર દ્વારા સિવિલમાં અપાતા ગરીબ દર્દીઓ અને લોકોને ભોજન આપવા સહિતની સેવા કરવામાં આવતી હોવાથી તંત્ર જગ્યાખાલી કરાવતુ નથી.

# રાજકોટ જિલ્લાના બાળકો, યુવાનો પર્વતારોહણ માટે થઈ જાઓ તૈયાર

## ઓસમ ખાતે સરકાર દ્વારા યોજાશે પર્વતારોહણની સાહસિક શિબિર



**સમય મિરર | રાજકોટ**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રાજકોટ દ્વારા ઓસમ ખાતે પર્વતારોહણની સાહસિક શિબિરનું આયોજન કરાયું છે.

આ શિબિરમાં ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે એડવેન્ચર કોર્ષ,૧૪ થી ૩૫ વર્ષના યુવક-યુવતિઓ માટે બેઝિક કોર્ષ અને ૮ થી ૩૫ વર્ષના યુવક-યુવતિઓ માટે બિનનિવાસી એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન ઓસમ (પાટણવાવ) તા.ધોરાજી જિ. રાજકોટ ખાતે યોજાનાર છે.

યુવાનોમાં સાહસિકતાના ગુણ વિકસે અને બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તે હેતુથી સરકારશ્રી દ્વારા તાલીમાર્થીઓને પર્વતારોહણની એડવેન્ચર, બેઝિક અને એક દિવસીય બિનનિવાસી સાહસિક તાલીમ શિબિર યોજવામાં આવે છે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક તાલિમાર્થીઓએ નિયત નમુનામાં અરજી ફોર્મ સંપુર્ણ વિગતો ભરીને તા.૨૮/૦૪/૨૦૨૫ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,૫/૫, બહુમાળી ભવન, રાજકોટ ખાતે મોકલી આપવા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી રાજકોટ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

### ગુજરાતમાં સૌ પ્રથમ રાજકોટમાં યોજાયું 'મા–બેટી સંમેલન'

# આંગણવાડી બહેનો ભૂલકાંઓની સારસંભાળ રાખીને માતા યશોદાની ભૂમિકા સુપેરે નિભાવી રહી છે : મેયર

## મેયર નયનાબેન પેઢડીયાની અધ્યક્ષતામાં ''પોષણ પખવાડિયા''નું સમાપન

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને મહાનગરપાલિકાની આઇ. સી.ડી.એસ. (સંકલિત બાળ વિકાસ યોજના) કચેરી દ્વારા પોષણ પખવાડિયા અંતર્ગત 'માબેટી સંમેલન' યોજાયું હતું. પોષણ પખવાડિયાના સમાપન અર્થે કિશોરીઓને પૂર્ણા યોજના વિશે જાગૃત કરવા માટે 'માબેટી સંમેલન' ગુજરાતમાં સૌ પ્રથમવાર યોજાયું હતું. આ સાથે શાળાએ ન જતી કિશોરીઓ માટે આરોગ્ય ચકાસણી કેમ્પ પણ યોજાયો હતો.





મેયર નયનાબેન પેઢડીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે અહીં કિશોરીઓના પગપૂજન અને સગર્ભાઓની ગોદભરાઈ કરીને સરકાર ભારતીય પરંપરાને પ્રોત્સાહન આપી રહી છે, જે ખુશીની વાત છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રીશ્રી તરીકેના કાર્યકાળ દરમિયાન માતા અને બાળકોના હિતાર્થે અમલી મૂકેલી વિવિધ યોજનાઓને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે જાળવી રાખી છે. જેનાથી કિશોરીઓ, સગર્ભાઓ, ધાત્રી માતાઓ સહિત અનેક બહેનોના સ્વાસ્થ્યમાં સુધારો થયો છે. તેમજ આંગણવાડી બહેનો ભૂલકાંઓની સારસંભાળ રાખીને માતા યશોદાની ભૂમિકા સુપેરે નિભાવી રહી છે. સાથેસાથે અભ્યાસ અધૂરો છોડી દેતી કિશોરીઓના વાલીઓને વિનંતી છે કે દીકરીઓને ખૂબ ભણાવો અને આત્મનિર્ભર બનાવો.

આ કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્યથી કરાયા બાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. પ્રોગ્રામ ઓફિસરશ્રી શારદાબેન દેસાઈએ શાબ્દિક ઉદબોધન અને અગ્રણીશ્રી મનીષભાઈ રાડિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે ચરણ પૂજન, અન્નપ્રાશન અને ગોદભરાઈની વિધિ કરાઈ હતી. ફુગ્ગા ફૂલાવવા, સોયદોરા પરોવવા, ચાંદલા લગાવવા જેવી એક મિનિટ ગેમ રમાડીને વિજેતાઓને ઈનામ અપાયા હતા. કિશોરીઓને કટલેરી કીટ અપાઈ હતી. આંગણવાડીની બહેનોએ બનાવેલી વિવિધ પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન કરાયું હતું. આ તકે માતા અને દીકરીઓના ચહેરા પર અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. નિષ્ણાતોએ પોષણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ ૧૧૭ બહેનોની આરોગ્ય તપાસ કરાઈ હતી.

આ તકે રીજીયોનલ કો-ઓર્ડીનેટરશ્રી વિપુલભાઈ ઠાકર, શિશુ કલ્યાણ અને અગ્નિશામક દળ સમિતિના ચેરમેનશ્રી દિલિપભાઈ લુણાગરિયા, સી.ડી.પી.ઓ.શ્રી જયશ્રીબેન સાકરીયા, અગ્રણીઓ શ્રી કપિલભાઈ, શ્રી ઋષભભાઈ સહીત આંગણવાડી બહેનો, મુખ્ય સેવિકાઓ, તેડાગર બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ધોરાજી હોસ્પિટલમાં લાગી આગ : સાવચેતીના પગલાં સાથે જાનહાનિ ટળી : મોકડ્રીલ જાહેર કરાઈ




**સમય મિરર | ધોરાજી**

ધોરાજી શહેરની હોસ્પિટલ ખાતે આગ લાગી હતી. જેમાં હોસ્પિટલના સ્ટાફ દ્વારા તાત્કાલિક ડિઝાસ્ટર કચેરીને જાણ કરાતા ફાયર ફાઈટર, પોલીસ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો તેમજ આગને કાબૂમાં લીધી હતી. સાવચેતીના તમામ પગલાથી જાનહાનિ ટળી હતી. અંતે આ ઘટનાને મોકડ્રીલ જાહેર કરવામાં આવી હતી.

સરકારી હોસ્પિટલ ખાતે સામાન્ય દિવસોમાં જાહેર જનતા બહોળી સંખ્યામાં સારવાર અર્થે આવતી હોય છે ત્યારે આકસ્મિક રીતે આગ લાગવાના બનાવ બને તો ક્યા પગલા દ્વારા લોકોનો બચાવ કરી શકાય અને પ્રાથમિક સ્તરે કયા પગલાં દ્વારા આગજનીની મોટી દુર્ઘટના બનતી ટાળી શકાય તે હેતુ સાથે ધોરાજી હોસ્પિટલ ખાતે ફાયર મોકડ્રીલ યોજાઈ હતી.

આ મોકડ્રીલમાં નગરપાલિકાના ફાયર સ્ટાફ દ્વારા હોસ્પિટલના કર્મચારીઓને આકસ્મિક આગ લાગે તો આગ પર તાત્કાલિક કઈ રીતે કાબુ મેળવવો, આગની ઘટના સમયે ક્યા પ્રકારના સાવચેતીના પગલાં લઈ જાનહાનિ ટાળવી, ફાયર એક્સ્ટીંગ્વીશર ચલાવવા જેવી બાબતો વિષે પ્રત્યક્ષ નિદર્શન સાથે માહિતી આપવામાં આવી હતી.

# વિંછીયા તાલુકાના સનાળી ગામે લાગેલી આગને ફાયર ફાઈટરની ટીમે સત્વરે કાબૂમાં લીધી

## વહીવટી તંત્ર દ્વારા સમગ્ર ઘટનાને મોકડ્રીલ જાહેર કરાઈ





**સમય મિરર | રાજકોટ**

ગતરોજ રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના સનાળી ગામે સ્મશાનની સામે બાવળ તથા ઘાસના જથ્થા ઉપરથી પસાર થતી વીજ લાઈનમાંથી તણખો ઝરતા આગ લાગી હતી. ત્યાંથી પસાર થતાં કોઈ રાહગીરે સરપંચને જાણ કરી અને સરપંચે કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી.

જસદણ નગરપાલિકાના ફાયર ફાઈટરને તુરંત જ સનાળી ગામે પહોંચવા સૂચના આપવામાં આવી. પોલીસ તથા ફાયર ફાઈટરની ટીમે તુરંત જ ઘટના સ્થળે પહોંચીને આગને કાબુમાં લીધી હતી. જેમાં કોઈ પણ પ્રકારની જાનહાની કે અન્ય કોઈ આર્થિક નુકસાન થયેલ નથી. અંતે વહીવટી તંત્ર દ્વારા સમગ્ર ઘટનાને મોકડ્રીલ જાહેર કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા વહીવટી તંત્ર, પોલીસ અને ફાયર વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# મતદાર નોંધણી પ્રક્રિયાની પારદર્શિતા અને મતદાર યાદીની ક્ષતિરહિતતા સત્ય છે

## ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર ગુજરાતમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદી સામે એક પણ અપીલ નહીં

**સમય મિરર | રાજકોટ**

ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સામે અપીલ બાબતે તૈયાર કરવામાં આવેલા રિપોર્ટ મુજબ ગુજરાતમાં ગત તા.૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદી સામે રાજ્યમાંથી એક પણ અપીલ પ્રાપ્ત થઈ નથી. આ રિપોર્ટ પરથી સ્વયંસ્પષ્ટ છે કે, મતદાર નોંધણી પ્રક્રિયાની પારદર્શિતા તથા શુદ્ધતા તે સત્ય છે.

ભારતમાં લોકશાહી એ માત્ર વિશ્વની સૌથી મોટી લોકશાહી વ્યવસ્થા જ નહીં પણ પારદર્શિતાનું પણ શ્રેષ્ઠ ઉદાહરણ છે. સતત થતા રહેતાં વસતી વિષયક ફેરફારોને અનુરૂપ થઈ ચૂંટણી વ્યવસ્થાની સૌથી પાયાની બાબત એવી મતદાર યાદી અદ્યતન અને ક્ષતિરહિત બને તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં બુથ લેવલ ઑફિસર્સ અને મતદાર નોંધણી અધિકારીશ્રીઓ દ્વારા પૂરતી તપાસ બાદ લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ ની કલમ ૨૨ અને કલમ ૨૩ મુજબ મતદાર યાદીમાં નામ ઉમેરવા તથા કમી કરવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવે છે.

મતદાર નોંધણી પ્રક્રિયામાં રાજકીય પક્ષોની સહભાગીતા સુનિશ્ચિત થાય તે માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી આ પ્રક્રિયા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે જ તેમને બૂથ લેવલ એજન્ટ્સની નિમણૂક કરવા માટે પણ સૂચના આપવામાં આવી હતી. રાજ્યના તમામ બુથ પર રાજકીય પક્ષો દ્વારા નિયુક્ત ૪૧,૪૮૮ બુથ લેવલ એજન્ટ્સ દ્વારા મતદાર યાદીમાં થતા સુધારા અને ફેરફાર માટે સહયોગ આપવામાં આવે છે. મતદાર યાદીમાં કરવામાં આવતા ફેરફારો સામે જરૂર જણાય તેવા કિસ્સાઓમાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ ની કલમ ૨૪ મુજબ જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ પ્રથમ અપીલ કરી શકે છે. ત્યારબાદ પણ જો જરૂરી જણાય તો મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી સમક્ષ બીજી અપીલ પણ કરી શકે છે.

તાજેતરમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલા એક રિપોર્ટ અનુસાર ગુજરાતમાં ગત તા.૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ પૂર્વે તેમાં કરવામાં આવેલા નામ ઉમેરવા અને નામ કમી કરવા સહિતના અનેક સુધારાઓ સામે એક પણ અપીલ કરવામાં આવી નથી. ભારતના ચૂંટણી પંચ, સર્વોચ્ચ અદાલત અને બંધારણ દ્વારા સ્થાપિત નિયમો અને માર્ગદર્શિકાઓના સુચારૂ પાલન સાથે રાજ્યના ચૂંટણી તંત્રના ફૂટ સોલ્જર્સ ગણાતા બુથ લેવલ ઑફિસર્સથી લઈ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી સુધીના સમગ્ર તંત્ર દ્વારા કાર્યદક્ષતા સાથે બજાવવામાં આવતી ફરજની આ ફલશ્રુતિ છે.

### વિગતઃ ભારત – ગુજરાત

| | ભારત | ગુજરાત |
|---|---|---|
| કુલ મતદારોઃ | ૯૯.૨૨ કરોડ | ૦૫.૦૩ કરોડ |
| બુથ લેવલ ઑફિસર્સઃ | ૧૦,૪૯,૨૩૬ - | ૫૦,૭૮૭ |
| બુથ લેવલ એજન્ટ્સઃ | ૧૩,૮૭,૩૫૯ - | ૪૧,૪૮૮ |
| પ્રથમ અપીલઃ | ૮૯ - | 0 |
| બીજી અપીલઃ | ૧ - | 0 |




# ગુલાબી ઈયળ-પિંક બોલવોર્મ નામની જીવાતથી કપાસના પાકને બચાવવા અનુરોધ

**સમય મિરર | રાજકોટ**

વર્ષ-૨૦૨૫માં ખરીફ ઋતુમાં ખેતરમાં ગુલાબી ઈયળ-પિંક બોલવોર્મ નામની જીવાતથી કપાસના પાકને બચાવવા માટે હાલ ઉનાળામાં અગમચેતીના પગલાં ભરવા રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ ભલામણ કરી છે.

જે મુજબ ઉનાળામાં ઊંડી ખેડ કરવી જેથી જમીનમાં અગાઉના કપાસના પાકના અવશેષોમાં રહેલા ગુલાબી ઈયળના કોશેટા સૂર્યપ્રકાશની ગરમીથી તેમજ કુદરતી ભક્ષકો દ્વારા નાશ પામે. કપાસના પાકની વાવણી કરતાં પહેલાં ખેતરમાં રહેલ જૂના પાકના અવશેષો/જળિયાંનો વીણીને નાશ કરવો. કપાસના ખેતરની ફરતે/ આજુબાજુના વિસ્તારમાં પાકનો કચરો/ કરસાંઠી/ અવશેષોના ઢગલાં કરવા નહિ.

આ અંગે વધુ જાણકારી જે-તે વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકાર, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), નાયબ ખેતી નિયામકશ્રી(તાલીમ)નો સંપર્ક કરવો તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# પ્રવાસન માહિતી કેન્દ્રની કચેરી નવા સરનામે કાર્યરત

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસીઓને વિવિધ પ્રવાસન સ્થળોની માહિતી પૂરી પાડવા માટે પ્રવાસી માહિતી કેન્દ્રની કચેરી, કોસ્મો કોમ્પલેક્સ, રાજકોટ ખાતે કાર્યરત હતી, જે હવેથી ભાવનગરનો ઉતારો, જવાહર રોડ,ત્રિકોણ બાગ, એસ.બી.આઇ. જીમખાના બ્રાંચની પાછળ, રાજકોટ ખાતે કાર્યરત થયેલ છે જેની જાહેર જનતાને નોંધ લેવા પ્રવાસી અધિકારીશ્રી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

**રાજકોટ :** જગદીશભાઈ હરિકૃષ્ણ શુકલના ધર્મપત્ની અને દીપેનભાઈના માતા અને હેમાબેનના સાસુ અને કું. તન્વીના દાદીમા સ્વ. ચંદ્રિકાબેન જગદીશચંદ્ર શુકલ (ઉ.વ.૭૫) (નિવૃત હેડ ક્લાર્ક સહાયક વિદ્યુત નિરિક્ષ-કની કચેરી)નું તા. ૨૧ સોમવાર ચૈત્ર વદ આઠમ-૮ના રોજ કૈલાસવાસી થયેલ છે. સદગતનું બેસણું (પ્રાર્થનાસભા) તા. ૨૪ને ગુરૂવારના રોજ સવારે ૯થી ૧૦:૩૦ કલાકે એસ્ટ્રોન સોસાયટી હોલ એસ્ટ્રોન સોસાયટી રાજકોટ ખાતે રાખેલ છે.

# રાજકોટમાં કપૂતે જનેતાનું કારમાં અપહરણ કરી ફડાકા ઝીંક્યા

## પત્નીના અવસાન બાદ ચાર વર્ષથી અલગ રહેતા શખ્સે સંતાનોને મળવા મુદ્દે છરીની અણીએ પરિવારને પતાવી દેવાની આપી ધમકી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં પત્નીના અવસાન બાદ છેલ્લા ચાર વર્ષથી માતા-પિતા અને સંતાનોથી અલગ રહેતા પુત્રએ ગઈકાલે ઘરે ધસી આવી તેણીની માતાને ઓફિસે પિતા સાથે ઝઘડો કરીને આવ્યો હોવાનું કહી પિતાને કહેજે મારા વિરુદ્ધ ફરિયાદ ન નોંધાવે તેમ કહી તમે મારા સંતાનોને મળવા કેમ નથી દેતા તેમ કહી સ્કૂલે ગયેલાસંતાનોને મળવા માતાને કારમાં બેસાડી કાર હંકારી મુકી હતી. કાર સ્કૂલે લઈ જવાના બદલે જામનગર રોડ પર આવેલ વચલી ઘોડી ખાતે લઈ ગયો હતો અને ચાલુ કારે માતાને છરી દેખાડી ફડાકા ઝીંકી દીધા હતાં. અને તમામને જાનથી મારી નાખવાની ધણકી આપી હોવાની પોલીસે દફતરે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના પગલે ચકચાર મચી જવા પામી છે.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં જામનગર રોડ ઉપર આવેલ વર્ધમાન સોસાયટીમાં શ્રીરામ બંગ્લોઝમાં રહેતા ધ્રૃપતબા મહેન્દ્રસિંહ ઝાલા નામના ૫૪ વર્ષના પ્રોઢાએ તેના જ પુત્ર સંજયસિંહ મહેન્દ્રસિંહ ઝાલા વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ધૃપતબા ઝાલાએ ફરિયાદમાં નોંધાવ્યું છે કે, સંજયસિંહ ઝાલાનીપત્ની પ્રિયાબાનું ૧૦ મહિના પહેલા અવસાન થયું છે. સંજયસિંહ ઝાલા છેલ્લા ચાર વર્ષથી પરિવાર સાથે રહેતો નથી. અને તેને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. જેમાનું એકપુત્રી તેના મામાના ઘરે રહે છે. જ્યારે એક પુત્રી અને પુત્ર ધ્રુપતબા ઝાલા સાથે રહે છે. ગઈકાલે સંજયસિંહ ઝાલા પોતાની કાર લઈને ઘરે ધસી આવ્યો હતો અને જણાવ્યું હતું કે, હું મારા પિતા સાથે તેમની ઓફિસે ઝઘડો કરીને આવ્યો છું મારા પપ્પાને કહેજો કે તે મારી વિરુદ્ધ ફરિયાદ ન કરે તેવુ જણાવતા ધૃપતબા ઝાલાએ તેને સમજાવ્યો હતો.

જેથી સંજયસિંહ ઝાલા ઉશ્કેરાઈ ગયો હતો અને કહ્યું હતું કે, મને રોજે રોજ ખર્ચનાપૈસા નહીં આપો તો હું તમારા તમામનું જીવવાનું હરામ કરી નાખીશ. અને તમે મને મારા બાળકો વંશીકાબા અને કર્મરાજસિંહને મળવા કેમ દેતા નથી. તે બન્નેને મનેસોંપી દો તેવુ કહેતા ધ્રુપતબા ઝાલાએ તારુ કોઈ ઠેકાણુ નથી જેથી તને છોકરા આપવાના નથી તુ એકલો ગમે ત્યાં નશાની હાલતમાં પડ્યો રહે છે. જેથી છોકરાની કાળજી કોણ રાખશે અને મારે તારા જેવા સંસ્કાર તારા બાળકોમાં પડવા દેવા નથી.

તેવુ કહેતા સંજયસિંહ ઝાલાએ ઝઘડો કરી સંતાનોને મળવાની જીદ કરતા ધૃપતબા ઝાલાએ બન્ને બાળકોસ્કૂલે ગયા હોવાથી ત્યાં મળવા ગયા હોવાનું કહેતા માતા-પુત્ર કારમાં સ્કૂલે જવા નિકળ્યા હતા પરંતુ સંજયસિંહ ઝાલાએ કાર સ્કૂલે લઈ જવાનાબદલે જામનગર રોડ પર આવેલ વચલી ઘોડી ખાતે લઈ ગયો હતો. અને રસ્તામાં માતાને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી માતાનો રૂા. ૧૪ હજારની કિંમતનો ફોન આંચકી લઈ તોડી નાખ્યો હતો અને વચલી ઘોડી ખાતે જનેતાને ઉતારી નાશી છુટ્યો હતો. ધૃપતબા ઝાલા ઈકો કાર મારફતે રાજકોટમાં આવ્યા હતા અને પોતાના પરિવારને આપવિતિ વર્ણવ્યા બાદ ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળ્યું છે. ફરિયાદના આધારે યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ કોર્ટમાં મહિલા PSI અને ફાયરિંગના આરોપી વચ્ચે બબાલ

## આરોપીના સગાને મળવા અને જમવા મુદ્દે ઉગ્ર બોલાચાલી થતા પીઆઈ અને ક્રાઈમ બ્રાંચના કોન્સ્ટેબલે મામલો થાળે પાડયો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના જામગનર રોડ ઉપર આવેલ નવી કોર્ટ બિલ્ડિંગના કોર્ટ રૂમ બહાર મહિલા પીએસઆઈ અને મુદતે હાજર થવા આવેલ આરોપી વચ્ચે માથાકૂટ થતા વાતાવરણ તંગ બની ગયું હતું અને આ મામલે મહિલા પીએસઆઈએ પોલીસ કંટ્રોલ રૂમમાં નોંધ કરાવવા સુધીની તૈયારી કરી હતી જોકે ત્યાં હાજર એક પી.આઈ અને ક્રાઈમ બ્રાંચના સ્ટાફે મામલો થાળે પાડયો હતો. કોર્ટ રૂમ બહાર આરોપીના સગા ને મળવા અને જમવા બાબતે મહિલા પીએસઆઈ અને આરોપી વચ્ચે માથાકૂટ થતા કોર્ટ રૂમ બહાર લોકોના ટોળા ભેગા થયા હતા.

મળતી વિગતો મુજબ રાજકોટના જામનગર રોડ ઉપર આવેલ નવી કોર્ટ ખાતે ફાયરીંગ અને હત્યાના પ્રયાસના આરોપીને કોર્ટ મુદતે લઈ એક મહિલા પીએસઆઈ કોર્ટના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ નીચલી અદાલતમાં લઈને આવ્યા હતા. કોર્ટમાં આરોપીની મુદત હોય જેને હાજર રાખવાનો હોય અને નંબર આવવામાં હજુ સમય હતો ત્યારે આરોપીના સગા અને તેના મિત્રો આરોપીને મળવા કોર્ટ રૂમ બહાર ટોળે વળ્યા હતા. કોર્ટ કાર્યવાહીમાં લાંબો સમય પસાર થતા આરોપીએ પાણી પીવા અને જમવા જવા બાબતે મહિલા પીએસઆઈ સાથે બોલાચાલી થઈ હતી અને મામલો ઉગ્ર બન્યો હતો આરોપી પોલીસ જાપ્તા માંથી




દોડી ન્યાયાધીશ સમક્ષ પીએસઆઈની ફરિયાદ કરવા કોર્ટ રૂમના દરવાજા સુધી પહોંચી ગયો હતો જોકે ત્યાર હાજર એક પી.આઈ અને કોર્ટના કામ માટે આવેલ ક્રાઈમ બ્રાંચના કોન્સ્ટેબલે મામલો થાળે પાડી આરોપીને તેની ભાષામાં ચેતવણી આપી સમજાવ્યો હતો. આ ઘટના સમયે કોર્ટ રૂમ બહાર વકીલો અને અસીલો સહિતના ટોળા તમાશો જોવા એકઠા થઈ ગયા હતા.

# ઘરેલું હિંસાના ગુનામાં પતિ સહિતના સાસરીયાને નિર્દોષ મુક્ત કરતી અદાલત

## લગ્નજીવનના માત્ર બે માસમાં શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતા હોવાની ફરિયાદ નોંધાઈ'તી

**સમય મિરર | રાજકોટ**

માત્ર બે એક માસના લગ્નજીવનમાં શારિરીક અને માનસીક ત્રાસ આપી કુળવધુને હેરાન પરેશાન કરવાના કેસમાં ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ દ્વારા પતિ સાસરિયાનો નિર્દોષ છુટકારો ફરમાવાયો છે.

આ અંગેની હકીકત મુજબ, આ કામનાં આરોપીઓ ફરિયાદી પરિણીતાના પતિ તથા સાસુ, સસરા અને નણંદ થતા હોય ફરિયાદીના લગ્નના બેક મહીના બાદથી જ ઘરકામ તેમજ રસોઈકામ જેવી નાની નાની બાબતોમાં જગડા કરી બધા આરોપીઓ દ્વારા એક સંપ કરી શારિરીક માનસીક ત્રાસની શહેર મહિલા પોલીસ સ્ટેશનમાં ૪૯૮




એડવોકેટ

(ક), ૧૧૪ મુજબની ફરિયાદ આપેલ હતી. ત્યારબાદ ધોરણસરની કાર્યવાહી અને તપાસ બાદ તપાસનીસ અધિકારી દ્વારા પુરતા પુરાવા મેળવી કોર્ટ સમક્ષ આઈ.પી.સી કલમ ૪૯૮(ક), ૧૧૪ મુજબ આરોપીઓ સામે ચાર્જશીટ મુકાયું હતું.

જે કેસમાં આરોપીઓએ તેમના વકીલ મારફત હાજર થયા હતા. હાલના કેસમાં ફરિયાદી તથા સાહેદોને તપાસ્યા બાદ કોર્ટ દ્વારા આરોપીઓનું ફરધર સ્ટેટમેન્ટ નોધવામાં આવેલ હતું, ત્યારબાદ આરોપીઓના વકીલ દ્વારા મૌખીક દલીલો કરી હતી અને આઈ.પી.સી. કલમ ૪૯૮(ક), ૧૧૪ મુજબના આ કામનાં આરોપી સાગર ભરતભાઈ ગોહીલ, હર્ષાબેન ભરતભાઈ ગોહીલ, ભરતભાઈ મોહનભાઈ ગોહીલ, બીનલબેન ભરતભાઈ ગોહીલને રાજકોટના છઠ્ઠા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ દ્વારા નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરેલ હતો. આ કામે આરોપીઓ તરફે બલરામ એસ. પંડીત, મોતીભાઈ એન. સિંધવ, ધારા એસ. પંડીત, વંદના જે ગોસ્વામી એડવોકેટ તરીકે રોકાયા હતા.

# ચેક રિટર્ન કેસમાં નિર્દોષ છૂટેલા કારખાનેદાર વિરુદ્ધ ફરી ફરિયાદ નોંધવાની માંગણી ફગાવતી કોર્ટ

**સમય મિરર | રાજકોટ**

શહેરમાં રહેતા મયુર લાભશંકર ધાંધિયા અને લલિતા તારાચંદ શાહ પાસેથી મિત્રતાના દાવે શિવમ મશીન ટૂલ્સવાળા મહેશ જીવાભાઈ ટીલારાએ પોતાના ધંધામાં આર્થિક જરૂરિયાત ઉપસ્થિત થતા રોકડા ૨૦ લાખ લીધા હતા, તે રકમ સમયસર પરતના આપતા લલિત શાહ અને મયુર ધાંધિયા દ્વારા જે તે સમયે પોલીસ કમિશનરને અરજી કરી હતી. જેની તપાસમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મહેશ ટીલાળા નિવેદન લઇ અલગ અલગ ચેકો પોલીસની હાજરીમાં ફરિયાદી અને તેના મળતીયાઓને આપેલા જે પૈકી ૭૦ લાખના બે ચેક બેંકમાં જમા કરાવતા, જે ચેક રિટર્ન થતા બે અલગ અલગ ફરિયાદ અદાલતમાં દાખલ કરેલ, જેમાં મહેશ ટીલાળાને બે વર્ષની કેદ અને ૧.૨૫ કરોડ, ૮૦ હજારનો દંડનો હુકમ કરેલો, જે હુકમ સામે આરોપી મહેશભાઈએ તેમના એડવોકેટ તુષાર ગોકાણી મારફતે અદાલતમાં અપીલ દાખલ કરી હતી.જે અપીલની સુનાવણી ચાલતા દ્વારા અદાલતના ચુકાદામાં રહેલ ગંભીર કાયદાકીય ભૂલો અંગે વકીલ ગોકાણી દ્વારા દલીલો કરેલી. જેમાં ફરિયાદ નિયમ કરતા વહેલી કરવામાં આવી છે, જેથી લલીત શાહ તથા મયુર ધાંધીયાએ કરેલ ફરીયાદ કાયદાની પરીભાષા મુજબ ફરીયાદ જ ન હોય અને ક્ષતિયુક્ત ફરિયાદ હોય, મેજિસ્ટ્રેટ દ્વારા ગંભીર ભૂલ કરવામાં આવેલ હોવાનું ઠરાવી સેશન્સ કોર્ટે મહેશ



એડવોકેટ

ટીલારા દ્વારા કરવામાં આવેલ બન્ને અપીલો મંજુર કરી બે વર્ષની કેદની સજા તેમજ સવા કરોડથી વધુ રકમના દંડના હુકમો રદ કરી કારખાનેદાર મહેશભાઈ ટીલારાને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ચુકાદો જાહેર કરેલ હતો. જે પછી બન્ને ફરિયાદીઓ દ્વારા ફરી વખત ફરિયાદ દાખલ કરવા પરવાનગી માંગતી અરજી કરવામાં આવેલ હતી. આ અરજી ચાલવા ઉપર આવતા અગાઉ ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ સુચીત આરોપી મહેશ ટીલારાના એડવોકેટ તુષાર ગોકાણીએ દલીલો કરી હતી કે ફરીયાદી તરફથી ફરીયાદ પાછી દાખલ લેવા અંગે કોઈ વ્યાજબી અને પર્યાપ્ત કારણો દર્શાવવામાં આવ્યા નથી. તેમજ પ્રિમેચ્યોર ફરીયાદ ઢીલ માફીની અરજીથી નિયમિત થઈ શકે નહી, ભારતના બંધારણના અનુચ્છેદ-૨૦ મુજબ કોઈપણ વ્યકિત વિરૂધ્ધ એક જ ગુન્હા માટે એકથી વધુ વખત કાયદાકીય કાર્યવાહી ચલાવી શકાય નહી તેવી સ્પષ્ટ જોગવાઈની ભાર પૂર્વક રજૂઆતો કરેલ હતી. બન્ને પક્ષકારોની રજૂઆતોના અંતે સ્પેશ્યલ અદાલત દ્વારા આરોપી મહેશભાઈ ટીલારાને સેશન્સ અદાલત દ્વારા નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ હુકમ બહાલ રહયો હતો.

આ કેસમાં બચાવ પક્ષે રાજકોટના ખ્યાતનામ ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નંદિમ ધંધુક્રિયા, વિશાલ કૌશીક, ભૂમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા, કેવિન ભીમાણી રોકાયા હતા.

# પાણી ભરતી વેળાએ પગ લપસતાં કૂવામાં પટકાયેલી પરણિતાનું મોત

## રાજકોટના બેડી હડમતીયા ગામની ઘટના; મહિલાના મૃત્યુથી બે સંતાનોએ માતાની મમતા ગુમાવી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં મોરબી રોડ પર આવેલા બેડી હડમતીયા ગામે રહેતી પરિણીતા પાણી ભરવા ગઈ ત્યારે પગ લપસી જતાં કૂવામાં પડી જતાં મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.



જાણવા મળ્યા મુજબ બેડી હડમતીયા ગામે રહેતી હેતલબેન સુરેશભાઈ સુરાણી (ઉ.વ.૨૭) નામની પરિણીતા પોતાની વાડીના કૂવામાંથી પાણી ભરવા ગઈ ત્યારે અંદર પડી ગઈ હતી. મોડે સુધી તેણી પાણી ભરીને પરત ન આવતાં પરિવારજનો તપાસ કરવાં જતાં તેણી અંદર પડી ગયાનું જણાતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પરિવારજનોએ તેણીને બેભાન હાલતમાં બહાર કાઢી હતી. ૧૦૮ને જાણ કરવામાં આવતાં તેના ડોક્ટર અક્ષય બાંભણીયાએ તેણીને મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

પોલીસ કન્ટ્રોલ રૂમના ઈન્ચાર્જ ફતેહસિંહ સોલંકીએ જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. પ્રશાંતભાઈ સહિતે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. તેણીના લગ્ન આઠ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં બે પુત્ર છે. પતિ ખેતી મજૂરી કરે છે. તેણી બે ભાઈની એકની એક બહેન હતી. તેના માતા-પિતા રાજકોટ રૈયા રોડ પર નહેરૂનગર વિસ્તારમાં રહે છે. પ્રાથમિક તપાસમાં તેણી પાણી ભરવા ગઈ ત્યારે પગ લપસી જતાં અંદર પડી ગયાનું ખુલ્યું હતું. આમ છતાં પોલીસે તપાસ યથાવત રાખી છે.ઘટનાથી બે માસુમ દિકરા મા વિહોણા થઈ ગયા છે.

# રાજકોટમાં ઓનલાઈન જુગારને પ્રમોશન કરનાર વધુ અડધો ડઝન ઈન્ફલુએન્સર ઝડપાયા

## પ્રમોશનના ૭ થી ૧૦ હજાર અને લિંકો જોઈ જે ગેમ રમે તેનું કમિશન અલગથી મેળવતા'તા

**સમય મિરર | રાજકોટ**

છેલ્લા કેટલાય સમયથી યુવાધનને ઓનલાઈન ગેમ્બલિંગના રવાડે ચડાવતી લલચામણી જુદા જુદા માધ્યમોમાં તેમજ સોશિયલ મીડિયામાં પ્રકાશિત થતી જાહેરાત કરી જુગારની પ્રવુતને પ્રોત્સાહન આપનાર સોશિયલ મીડિયાના ઈન્ફલુએન્સરો સામે અચાનક રાજકોટ સાયબર ક્રાઈમ સક્રિય બની છે અને આજે વધુ છ સોશિયલ મીડિયાના ઈન્ફલુએન્સરોની ધરપકડ કરી હતી.

સાયબર ક્રાઈમની ટીમે છેલ્લા બે દિવસમાં કુલ ૮ જેટલા સોશિયલ મીડિયાના ઈન્ફલુએન્સરો વિરુદ્ધ કાયર્વાહી કરી હતી. સાઈબર કાઈમની પ્રાથમિક તપાસમાં સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરો દ્વારા ઓનલાઈન જુગારની સુવિધા પૂરી પાડતી વેબસાઈટ તેમજ એપ્લિકેશનની લીંક બાબતનું પ્રમોશન કરી ઘર બેઠા લાખો રૂપિયાની આવક મેળવતા હોવાનું સામે આવ્યું છે.

સાયબર ક્રાઈમ બ્રાંચ છેલ્લા બે દિવસથી અચાનક એક્શનમાં આવી હતી અને ઓનલાઈન ગેમનું પ્રમોશન કરનારા લોકો સામે સાયબર ક્રાઈમે લાલ આંખ કરીને વધુ ૬ લોકો સામે ગુનો નોંધ્યો છે. યુવાધનને ઓનલાઈન ગેમિંગના રવાડે ચઢાવતા વધુ ૬ ઈન્સ્ટાગ્રામ ઈન્ફલુએન્સર સામે કાર્યવાહી કરવામાં આવી છે. સાયબર ક્રાઈમ બ્રાંચે ઓનલાઈન જુગારના રવાડે ચડાવતા સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર નિલેશ ચાવડા, ભાવેશ રાઠોડ,લક્ષ્મણ જંજવાડીયા, સાગર છૈયા, ઈલેશ દેરવાડિયા, વિજય મજેઠીયા સહિતના વ્યક્તિઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સાયબર ક્રાઈમની સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે, છેલ્લા કેટલાય સમયથી સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર ઓનલાઈન ગેમ્બલિંગ બાબતેની વેબસાઈટ તેમજ એપ્લિકેશનની લીંક પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર પ્રમોશન કરી રહ્યા છે. જે બાતમીના આધારે સોશિયલ મીડિયા ઉપર વોચ રાખવામાં આવતા ગઈકાલે ઈન્સ્ટાગ્રામ આઈડી ધરાવનાર દીપ ગોસ્વામી અને ધાર્મિક વાઘાણી નામના સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરની ધરપકડ બાદ આજે વધુ છને ધરપકડ કરવામાં આવી છે. અને હજુ પણ બે સાયબર ક્રાઈમના રડારમાં હોવાનું જાણવા મળ્યું છે.

સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને માધ્યમથી ઓનલાઈન ગેમ્બલિંગનું પ્રમોશન કરી મહિને લાખો રૂપિયા કમાઈ રહ્યાં છે. ઓનલાઈન જુગારને લગતી ગેમને સોશિયલ મીડીયા ઉપર પ્રોત્સાહન આપવું ગુનો છે.જેના આધારે આ સાયબર ક્રાઈમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટમાં પહેલી વખત સાયબર ક્રાઈમ પોલીસે આ પ્રકારની કાર્યવાહી કરી છે.

સાઈબર ક્રાઈમ પોલીસની પ્રાથમિક તપાસમાં જે તે ગેમ્બલિંગ વેબસાઈટ તેમજ એપ્લિકેશન સાથે સંકળાયેલા લોકો સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરનો ઈન્સ્ટાગ્રામ તેમજ ટેલિગ્રામ મારફતે સંપર્ક કરતા હતા. સંપર્ક કર્યા બાદ તેઓ રીલ બનાવવાનું કહેતા હતા. તેમજ રીલ બનાવ્યા બાદ પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી મારફતે જેટલા વ્યક્તિઓ પોતાનું ગેમ્બલિંગ વેબસાઈટ ઉપર આઈડી ક્રિએટ કરે તેમ જ હાર જીત કરે તે મુજબ તેમને કમિશન પણ આપવામાં આવતું હતું. સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરને બોલાવીને તેમની પૂછપરછ કરતા તેઓ ઓનલાઈન ગેમિંગ ના પ્રમોશન માટે રીલ બનાવતા હતા. તેમજ રીલ બનાવવા માટે અંદાજિત પ્રતિ રીલ ૭,૦૦૦ રૂપિયા જે તે ગેમ્બલિંગ એપ્લિકેશન તેમજ વેબસાઈટ સાથે સંકળાયેલા લોકો દ્વારા રૂપિયા આપવામાં આવતા હતા. તેમજ જ્યારે તેમના કોઈ ફોલોવર્સ તેમના ઈન્સ્ટાગ્રામ આઈડી મારફતે ગેમ્બલિંગ વેબસાઈટ તેમજ એપ્લિકેશનમાં આઈડી બનાવી રૂપિયાની હાર જીત કરે તે અંતર્ગત પણ તેમને કમિશન મળતું હતું. આમ, પોતાના માધ્યમથી અન્ય લોકો જ્યારે ઓનલાઇન ગેમ્બલિંગ સાથે વધુ અને વધુ જોડાતા હતા તેમ તેમ બંને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરને વધુ અને વધુ કમિશન હાર જીત થતા મળતું હતું.

# સુઝુકી સર્વિસ સ્ટેશનના મેનેજરને માર મારવાના કેસમાં ત્રણ આરોપીને એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

## સ્કૂટર સર્વિસ કરવા મુદ્દે ઝઘડો કરી માર માર્યાની ફરિયાદ નોંધાઈ'તી

**સમય મિરર | રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ઇન્દિરા સર્કલ પાસે પટેલ સુઝુકી સર્વિસ સ્ટેશનના મેનેજરને સ્કૂટર સર્વિસ કરવા મુદ્દે ઝઘડો કરી માર મારવાના કેસમાં સંડોવાયેલા ત્રણ આરોપીને કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા અને ત્રણેય આરોપીઓ રૂપિયા એક હજારનો દંડ ન ભરે તો વધુ એક માસની સજાનો હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ઇન્દિરા સર્કલ પાસે પટેલ સુઝુકી સર્વિસ સ્ટેશનમાં આરોપી કરણ ઉર્ફે ગટુ અશ્વિનભાઈ ચૌહાણ પોતાનું સ્કૂટર સર્વિસમાં આપી ગયો હતો. બાદમાં બીજા દિવસે તા.૨૨-૭-૨૨ ના રોજ સવારના અગિયારેક વાગ્યાના અરસામાં સર્વિસ સ્ટેશન ખાતે સ્કૂટર લેવા આવ્યો હતો. ત્યારે હાજર રહેલા પટેલ સુઝુકી સર્વિસ સ્ટેશનના મેનેજર જયદીપભાઈ કિશોરભાઈ ચૌહાણ સ્કૂટરમાં થોડી સર્વિસ બાકી હોવાથી બપોર બાદ લઈ જવાનું કહેતા કરણ ઉર્ફે ગટુ



એડવોકેટ

અશ્વિનભાઈ ચૌહાણ અને તેની સાથે આવેલા નિકુંજ ઉર્ફે મહાજન વલ્લભભાઈ કડેચા અને સુનિલ ઉર્ફે ચુની આનંદભાઈ પ્રસાદ નામના ત્રણેય શખ્સોએ મેનેજર જયદીપભાઇ ચૌહાણ સાથે ઝઘડો કરી બીભત્સ ગાળો ભાંડી ધોકા વડે માર માર્યો હતો. આ અંગે ઇજાગ્રસ્ત જયદીપભાઇ ચૌહાણે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ત્રણેય આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં ત્રણેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ ૨૩માં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જે.એમ. સોલંકીએ ત્રણેય આરોપીઓને તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૧,૦૦૦ નો દંડ ન ચૂકવે તો વધુ એક માસની સજાનો હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ ધર્મીલાબેન બી. જોષી રોકાયા હતા.

# રાજકોટમાં જીવલેણ બનતો રોગચાળો : દોઢ વર્ષની બાળકીનું તાવ અને ઝાડાની બિમારી સબબ મોત

## શ્રમિક પરિવારની બાળકીએ ત્રણ દિવસની બિમારીની સારવારમાં દમ તોડ્યો

**સમય મિરર | રાજકોટ**

કાળઝાળ ગરમી વચ્ચે રોગચાળાએ માજા મૂકી હોય તેમ જીવલેણ બન્યો છે. રોગચાળાના કારણે છાશવારે લોકોના મોતની ઘટના સામે આવી રહી છે ત્યારે વધુ એક બનાવમાં રાજકોટમાં રહેતા શ્રમિક પરિવારની દોઢ વર્ષની બાળકીનું તાવ અને ઝાડાની બીમારી સબબ મોત નીપજતા શ્રમિક પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આવેલ શીતળાધાર વિસ્તારમાં સરદાર ગૌશાળા પાછળ રહેતા શ્રમિક પરિવારની સ્વાતિબેન અનિલકુમાર જેસ્વાલ નામની દોઢ વર્ષની બાળકીને તાવ અને ઝાડાની બીમારી સબબ જનાના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ટૂંકી સારવાર દરમિયાન બાળકીએ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક બાળકીનો પરિવાર મૂળ ઉત્તર પ્રદેશનો વતની હતો અને કારખાનામાં મજૂરી કામ કરતો હતો. સ્વાતિબેન જેસ્વાલ એકના એક ભાઈની એકની એક નાની બહેન હતી સ્વાતિબેન જેસ્વાલ છેલ્લા ત્રણ દિવસથી તાવ અને ઝાડાની બીમારીમાં સપડાતા સારવાર માટે ખસેડવામાં આવી હતી. સારવાર દરમિયાન સ્વાતીબેન જેસ્વાલનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગેરકાયદેસર ગર્ભપરિક્ષણ અને ગર્ભપાત કરવાના ગુનામાં મહિલા આરોપીને જામીન મુક્ત કરતી કોર્ટ

## હોમકેર નર્સિંગ સારવારના અનુભવના આધારે ભાડાના મકાનમાં ગેરકાયદે ધંધો શરૂ કર્યો'તો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં આવેલ સિતાજી ટાઉનશીપમાં ભાડાના મકાનમાં હોમકેર નર્સીંગ સારવારના અનુભવના આધારે ગેરકાયદેસર ગર્ભપરિક્ષણ અને ગર્ભપાત કરવાના ગુનામાં સંડોવાયેલી મહિલાને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે આવેલ આવાસ યોજનાના સિતાજી ટાઉનશીપમાં સી વીંગમાં રૂમ નંબર ૪૦૪માં ગેરકાયદેસર ગર્ભપરિક્ષણ અને ગર્ભપાતનો ધંધો ચાલી રહ્યો હોવાની બાતમીના આધારે એસઓજી પોલીસે ટ્રેપ ગોઠવી મહિલા કોન્સ્ટેબલને ડમી સગર્ભા ગ્રાહક તરીકે મોકલી ગેરકાયદેસર ગર્ભપરીક્ષણ કરતી સરોજબેન વિનોદભાઈ ડોડિયા (રહે. રઘુવીર સોસાયટી શેરી નં. ૪ શ્રી સહકાર મેઈન રોડ રાજકોટ)ને ઝડપી લીધી હતી. અને ચાર લાખની કિંમતનું સોનોગ્રાફી મશીન, પરિક્ષણ કરવામાં ઉપયોગમાં લેવાતી જેલ બોટલ, પ્લાસ્ટિકનું ટેબલ અને બોટલ મળી રૂ.૪,૧૦૧૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસ દ્વારા આરોપી સરોજબેન ડોડીયાની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવ્યા હતા. જે કેસમાં જેલ હવાલે રહેલી સરોજબેન ડોડીયાએ પોતાના વકીલ મારફત જામીન મુક્ત થવા કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં



એડવોકેટ

આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપીઓને જામીન મુકત કરવા હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી કૌશિક એમ. ખચલિયા, તેજસ એમ. ખરચલીયા, હિતેશ ભાયાણી, સન્ની પોપટાણી, ઈમરાન હિંગોરજા અને હેલ્પીંગમાં જેનીશાબેન વ્યાસ રોકાયા હતા.

અમરેલીમાં ખાનગી કંપનીનું

# ચાર્ટર્ડ પ્લેન ક્રેશ : પાઈલટનું મોત, બ્લાસ્ટમાં ત્રણને ઈજા

## વિઝન ફ્લાઈંગ ઈન્સ્ટિ.ના સિંગલ એન્જિન પ્લેન દ્વારા પાઈલટને તાલિમ અપાતી હતી : એક વાછરડીનું પણ મોત : ફાયર વિભાગ દ્વારા પ્લેનના બ્લેકબોક્સને કાઢી તંત્રને સોંપ્યું

**સમય મિરર | અમરેલી**

અમરેલી ખાતે આવેલા એક ખાનગી કંપનીના ફ્લાંઈગ ઈન્સ્ટિટ્યુટ દ્વારા પાયલટને તૈયાર કરવામાં આવતા હોય પ્રાથમિક માહિતી અને અભ્યાસમાં તૈયાર કર્યા બાદ આ વિદ્યાર્થીઓના ટ્રેનીંગ માટે ચાર્ટડ પ્લેન ફાળવવામાં આવેલ ત્યારે આજે સવારે એક વિદ્યાર્થી પાઈલટ ચાર્ટડ પ્લેન લઈ ટ્રેનીંગ માટે નિકળ્યો હતો. ચાર વખત ટેકઓફ અને લેન્ડીંગ કર્યુ હતું. પરંતુ ચોથીવાર ટેકઓફ કર્યા બાદ ચાર્ટડ પ્લેન અમરેલીના ગીરીયા રોડ ઉપર આવેલા શાસ્ત્રીનગર વિસ્તારમાં ખાબક્યું હતું. આ પ્લેન સીધુ એક વાછરડી પર પડતા તે મોતને ભેટી હતી. જ્યારે પાયલટનું પણ મોત નિપજ્યું હતું. ઘટના બાદ પ્લેનમાં બ્લાસ્ટ થતાં ત્યાં હાજર ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. બાદમાં પોલીસ સહિતના સ્ટાફે સ્થળ ઉપર પહોંચી એરિયા કોર્ડન કરી લીધો હતો. ફાયર બ્રિગેડે આગ બુઝાવી નાખી પ્લેનનું બ્લેક બોક્સ કાઢી વહીવટી તંત્રને સોંપ્યું હતું.

જાણવા મળતી વિગત મુજબ અમરેલી ખાતે આવેલી વિઝન ફ્લાઈંગ ઈન્સ્ટિટ્યુટ દ્વારા પોતાના સિંગલ એન્જિન પ્લેન્સ દ્વારા વિદ્યાર્થીઓને પાયલટ તરીકે તૈયાર કરી તેમને તાલીમ અપાતી હોય છે ત્યારે આજે અનિકેત મહાજન, જે પોતે પોતાની તાલીમ દરમિયાન લેન્ડિંગ એન્ડ સર્કિટ ટ્રેનિંગ દરમિયાન ચારેય વાર ટેકઓફ કર્યું. લેન્ડ કરીને પાછું ફરીવાર ટેકઓફ કર્યું ત્યારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન







વિસ્તારના શાસ્ત્રીનગર ખાતે કોઈપણ કારણસર તેનું પ્લેન ક્રેશ થયું હતું. તાત્કાલિક તેમને કોલ આવ્યો હતો, સ્થળ પર પહોંચીને ફાયર, પોલીસ અને ટીમ ડિઝાસ્ટરની ટીમે એરિયા કોર્ડન કર્યો હતો. તેને રેસ્ક્યૂ કરવા પ્રયત્નો કર્યા. હાલમાં અનિકેત મહાજનનું મૃત્યુ થયું છે અને આગળ પ્રોસિજર ચાલુ છે. પ્લેનમાં ટ્રેઈની અનિકેત એકલો હતો અને તે જ પ્લેન ઉડાડતો હતો. ઘટના સંદર્ભે ફાયર બ્રિગેડને જાણ કરાતા તુરંત બહોળો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પાણીમારો શરૂ કરી દીધો હતો. ત્યારે આ ઘટના મામલે ફાયર ઓફિસર એસ. સી. ગઢવીએ જણાવ્યું હતું કે ૧૨:૩૦ કલાકની આસપાસના સમયગાળા દરમિયાન અમરેલી એરપોર્ટની અંદર ચાલી રહેલી ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટના ક્રેશ થવાની દુર્ઘટના બની હતી, જેને ટેલિફોનિક ફાયરિંગ ઈમર્જન્સી સર્વિસની અંદર કરતાં તાત્કાલિક ધોરણે ત્રણ મિનિટ અને ૨૨ સેકંડની અંદર અમારી ટીમ દ્વારા એપ્રોચ કરવામાં આવ્યો હતો. એપ્રોચ કરતાંની સાથે રેસ્ક્યૂ ટીમ દ્વારા અંદર એક પાઈલટ ફસાયેલો હતો, જેને બહાર કાઢીને ૧૦૮ને સોંપવામાં આવેલા હતા અને સંપૂર્ણપણે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. હાલના તબક્કે કોર્ડન કરીને એરક્રાફ્ટની અંદર ઘણા બધા ઈક્વિપમેન્ટ હોઈ શકે, જેની અંદર મેસેજ પણ આવતા હોય છે, એવા બ્લેકબોક્સને શોધીને અત્યારે અમે વહીવટી તંત્રને સોંપવાના પ્રયત્નો અમે ચાલુ કર્યા છે. આ રેસિડેન્શિયલ એરિયા શાસ્ત્રીનગર છે, જેના કારણે સર્ચિંગ કરતાં અમને જોવા મળ્યું છે કે અકસ્માત એક વાછરડી માટે જીવલેણ બન્યો હતો.

પ્લેન ક્રેશનાં કારણો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે અને અધિકારીઓ ઘટનાની વિગતવાર તપાસ કરી રહ્યા છે. સ્થાનિક લોકોમાં આ ઘટનાને લઈને ચિંતા વ્યાપી રહી છે, અને અધિકારીઓએ સુરક્ષા વ્યવસ્થાઓને વધુ મજબૂત બનાવવાની ખાતરી આપી છે.

# પૈસા આપવાનો ઈન્કાર કરનાર પિતાની કપાતર પુત્રએ તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી કરી હત્યા

## બનાવ છૂપાવવા લોહીવાળા વાળ કાપ્યા, કપડા ધોઈ નાંખ્યા : અંતે પોલીસે દબોચી લીધો

**સમય મિરર | ભીલોડા**

ગુજરાતના તમામ શહેરોમાં આજે ક્રાઈમનો રેટ ઉંચો જઈ રહ્યો છે. પોલીસ તંત્ર દ્વારા ગુનેગારોને ડામવા કરાતી કામગીરી અમુક અંશે નિષ્ફળ રહી હોય તેવું સાબિત થાય છે. તેવા સમયે ભીલોડાના કિશાનગઢ ગામે રખડુ જીવન પસાર કરતા કપાતર પુત્રએ પિતા પાસે નાણાની માંગણી કરી હતી. ત્યારે પિતાએ નાણા આપવાનું ઈન્કાર કરતા ઉશ્કેરાયેલા કપાતરે તિક્ષણ હથિયાર વડે પિતાનું માથુ ફોડી હત્યા નિપજાવી હતી. આ મામલે પોલીસ દ્વારા કપાતર પુત્રની ધરપકડ કરવામાં આવી છે. કિશનગઢ ગામમાં રહેતા તુલસીભાઈ સડાત અને તેમનો પુત્ર શેખર સડાત ખેતી કરીને જીવન ગુજારતા હતા. શેખરે પિતા પાસે પૈસાની માંગણી કરી હતી. પિતાએ ના પાડતાં બંને વચ્ચે ઝઘડો થયો હતો. ગુસ્સામાં આવેલા શેખરે ઘરમાં રહેલા તીક્ષ્ણ હથિયારથી પિતાના માથામાં બે-ત્રણ ઘા ઝીંક્યા હતા. જેથી તુલસીભાઈ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા અને તેમનું મૃત્યુ થયું. પુરાવા છુપાવવા માટે શેખરે માથામાંથી લોહીવાળા વાળ કાપી નાખ્યા અને ઘઉંનો લોટ ઘા પર લગાવી લોહી બંધ કરવાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહિ તેણે લોહીવાળાં કપડાં ધોઈ નાખ્યાં અને પિતાને મૃત અવસ્થામાં ઘરમાં સુવડાવી ભાગી ગયો હતો.

આરોપી પુત્ર 'પપ્પાની હત્યા કરી' એવી બૂમો પાડતો હતો. જેથી તેના મામાના દીકરાને આ આખી હકીકત અંગે જાણ થઇ હતી. જેથી તેણે ૧૯ એપ્રિલે તુલસીભાઈની સાસરે રહેતી દીકરી ગૌતમીને જાણ કરી હતી. ૧૯ એપ્રિલે તુલસીભાઈની દીકરી ગૌતમીને આ ઘટનાની જાણ થતાં જ તેણે ભાઈ શેખરને ફોન કર્યો હતો. જે બાદ શેખરે પિતાની હત્યા કર્યાની કબૂલાત કરી હતી. ગૌતમી અને તેના પતિએ ઘરે આવીને જોયું તો તુલસીભાઈ મૃત હાલતમાં પડ્યા હતા. મૃતક તુલસીભાઇની દીકરીએ રડતાં રડતાં જણાવ્યું હતું કે, સવારે મારા મામાના છોકરાનો મારા પર ફોન આવ્યો કે, તારો ભાઇ તારા પપ્પાની હત્યા કરી હોય તેવી બૂમો પાડતો પાડતો જાય છે. જેથી મેં પહેલાં મારા પપ્પાને ફોન કર્યો પણ, તેમણે ફોન ન ઉપાડ્યો. જે બાદ મેં મારા ભાઇ શેખરને ફોન કર્યો હતો. પહેલાં તો તેણે મારો ફોન ના ઉપાડ્યો પણ, બે-ત્રણ વખત ટ્રાય કરતાં આખરે તેણે ફોન ઉપાડીને મને બધી હકીકત જણાવી હતી. જેના આધારે કપાતર વિરુદ્ધ બહેને ભિલોડા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં ધરપકડ કરવામાં આવી છે.

ઘટના બનવાથી પ્રોજેક્ટમાં વિલંબ સર્જાશે : સ્થાનિક અર્થવ્યવસ્થા પર અસર પડવાની સંભાવના

# દાહોદમાં કંપનીના નિર્માણાધિન સોલાર પ્લાન્ટમાં લાગી ભીષણ આગ : ૪૦૦ કરોડનો માલ સ્વાહા

**સમય મિરર | દાહોદ**

દાહોદના ભાટીવાડા વિસ્તારમાં ખાનગી કંપની દ્વારા મોટા પ્રમાણમાં સોલાર પ્લાન્ટનું નવનિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ પાછળ દાહોદ પંથકનું નામ જોડાયેલું છે`. અને ઉર્જાક્ષેત્રે આ સોલાર પ્લાન્ટ મહત્વનો ગણવામાં આવે છે. તેવા સમયે ગત રાત્રીના સોલાર પ્લાન્ટમાં આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ રૂપ ધારણ કરી લીધું હતું. જેથી આસપાસના વિસ્તારોમાંથી ફાયર બ્રિગેડની ટીમોને બોલાવી સતત પાણીમારો કરવામાં આવ્યો હતો. વહેલી સવારે આગ કાબુમાં આવી હતી. આ આગથી તમામ મશીનરી અને જરૂરી સાધન સામગ્રી બળીને ખાખ થઈ ગઈ હતી. અંદાજે ૪૦૦ કરોડનુ નુકશાન થયું હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. દાહોદના ભાટીવાડા વિસ્તારમાં આવેલા NTPC કંપનીના નિર્માણાધીન સોલર પ્લાન્ટમાં સોમવારે રાત્રે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી હતી.



દાહોદના ચાર અને ઝાલોદના એક ફાયર ફાઈટરે આખી રાત સતત પાણીનો મારો ચલાવીને આગ પર માંડ માંડ કાબૂ મેળવ્યો છે. આગની આ ઘટનામાં ૪૦૦ કરોડનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. આગ લાગતાંની સાથે જ દાહોદ ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સિક્યોરિટી ગાર્ડ સહિતના તમામ કર્મચારીઓને સમયસર સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, આથી કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાની ગંભીરતાને જોતાં દાહોદના એસપી, ડીવાયએસપી અને મામલતદાર સહિતના અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. એસપીના માર્ગદર્શન હેઠળ પોલીસે વિસ્તારને સુરક્ષિત કરી ફાયર વિભાગને મદદ કરી હતી. પ્રાથમિક અંદાજ મુજબ આગથી ૪૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. મશીનરી અને સાધનોને ભારે નુકસાન પહોંચ્યું છે. આગનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. NTPC અને પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે નિર્માણાધીન સ્થળો પર આગ નિવારણનાં પૂરતાં સાધનો અને તાલીમબદ્ધ સ્ટાફની હાજરી આવી ઘટનાઓનું જોખમ ઘટાડી શકે છે. આ ઉપરાંત ફાયર વિભાગે પોતાની ક્ષમતાઓને વધારવા માટે આધુનિક સાધનો અને વધુ માનવબળની જરૂરિયાત વ્યક્ત કરી છે. દાહોદના નવીન ઊર્જાક્ષેત્રે આ સોલર પ્લાન્ટ મહત્ત્વનો છે. આ ઘટનાથી પ્રોજેક્ટમાં વિલંબ થવાની અને સ્થાનિક અર્થવ્યવસ્થા પર અસર પડવાની આશંકા છે.

# કચ્છના હાજીપીરની પદયાત્રાનો પ્રારંભ તા. ૨૮થી ત્રિદિવસીય લોકમેળો યોજાશે

## સૌરાષ્ટ્રભરમાંથી પદયાત્રીઓ નિકળી પડતાં સેવા કેમ્પ શરૂ કરાયા

**સમય મિરર | ભૂજ**

કચ્છના સરહદી વિસ્તાર પર વર્ષો જૂની હાજીપીરની દરગાહ આવેલી છે. ત્યારે દર વર્ષની જેમ હાજીપીરની આદરગાહ ખાતે ત્રિદિવસીય લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. તે પૂર્વે હાજીપીર જવા માટે પદયાત્રીઓ સૌરાષ્ટ્રભરમાંથી નિકળી પડ્યા છે. રસ્તા પર બહોળા કાફલાને જોઈ સેવાભાવીઓ દ્વારા કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. કચ્છના પ્રવેશદ્વાર સુરજબારીથી સામખિયારી સુધીના ધોરીમાર્ગ પર સૌરાષ્ટ્રથી આવતા પદયાત્રીઓની સંખ્યા વધી રહી છે. યાત્રિકોની સુવિધા માટે માર્ગ પર સેવાભાવી લોકોએ કેમ્પની વ્યવસ્થા કરી છે, જેમાં રહેવા, જમવા, ચા-નાસ્તો અને સ્નાન જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. હાલ કચ્છ તરફના માર્ગો પર હાજીપીરના ગુણગાન ગાતા ગીતો વાગી રહ્યા છે. યાત્રિકો નાચતા-ઝૂમતા આગળ વધી રહ્યા છે. ભીષણ ગરમીમાં પણ શ્રદ્ધાળુઓ અતૂટ શ્રદ્ધાથી યાત્રા કરી રહ્યા છે. ત્રણ દિવસીય આ મેળામાં કચ્છ ઉપરાંત સમગ્ર ગુજરાત અને મહારાષ્ટ્ર-મુંબઈથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. મેળાને ધ્યાનમાં રાખી, જિલ્લા વહીવટી તંત્રે દેશલપરથી હાજીપીર તરફના



માર્ગે માલવાહક વાહનો પર પ્રતિબંધ મૂક્યો છે. નખત્રાણા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાનું સમારકામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. ભુજ તાલુકાના રણ કાંધીએ આવેલા સોદ્રાણાના શહેનશાહ હાજીપીર બાબા કોમી એકતાના પ્રતીક છે. તેમણે ગાયોના રક્ષણ માટે યુદ્ધ કરી શહીદી વહોરી હતી. તેમના પ્રત્યે કચ્છ-ગુજરાત જ નહીં, પાકિસ્તાનમાં પણ લોકોની અપાર શ્રદ્ધા છે. સ્થાનિક અબ્દુલ મુંજાવરે જણાવ્યું હતું કે, હાજીપીર ખાતે આયોજન વ્યવસ્થા પૂર્ણ કરી લેવામાં આવી છે.

માથા-શરીરે ઈજાના નિશાનથી હત્યાની શંકા

# મોરબીના નાની વાવડીમાં યુવકની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી

**સમય મિરર | મોરબી**

મોરબીના નાની વાવડી ગામે તળાવના કાંઠે એક યુવકની લાશ પડી હોવાની જાણ પોલીસને કરાતા મોરબી તાલુકા પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક દ્રષ્ટીએ યુવકના શરીર પર ઈજાના નિશાનો જોવા મળતા હત્યાની શંકાના આધારે લાશને ફોરેન્સીક પી.એમ. અર્થે હોસ્પિટલે ખસેડી છે.

મોરબીના નાનીવાવડી ગામમાં દશામાના મંદિરની પાછળ તળાવ કાંઠેથી એક યુવકની લાશ મળી આવી છે. મૃતક યુવકની ઓળખ દિપકભાઈ ભાણજીભાઈ મકવાણા (૩૨) તરીકે થઈ છે. મૃતકના પિતા ભાણજીભાઈ મોતીભાઈ મકવાણા (૭૫)એ મોરબી તાલુકા પોલીસ



સ્ટેશનમાં જાણ કરી હતી. યુવકના માથા અને શરીર પર ઈજાના નિશાન જોવા મળ્યા છે. આ કારણે હત્યાની આશંકા સેવાઈ રહી છે. પોલીસ સ્ટેશનના PSI ડી.ડી. જોગેલા અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહને પ્રથમ મોરબીની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડવામાં આવ્યો છે. પોલીસે ઘટનાની નોંધ લઈને તપાસ શરૂ કરી છે. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ વિસ્તૃત તપાસ કરી રહી છે.

# હળવદ ગુરૂકુળમાં વિદ્યાર્થિની પરના દુષ્કર્મ કેસમાં સંચાલક મામા-ભાણેજને ૧૦ વર્ષની કેદ

## સજા ઉપરાંત ૧-૧ લાખ દંડ : પીડિતાને ૪ લાખનું વળતર

**સમય મિરર | હળવદ**

હળવદના ચરાડવા ગામ ખાતે આવેલા ગુરૂકુળમાં નર્સિંગનોકોર્સ થતો હોવાથી તે પંથકની એક યુવતિ એડમીશન લેવા માટે આવી હતી. તે સમયે અલગ અલગ વાતો કરી યુવતિને ઓફિસમાં લઈ ગયા બાદ તેના પર સંચાલન દ્વારા દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. થોડીવાર બાદ ઓફિસમાં આવેલા ભાણેજે પણ તેના પર દુષ્કર્મ આચર્યુ હતું. જે અંગે ફરિયાદ નોંધાયા બાદ કેસ ચાલી જતાં આજે અદાલતે મામા-ભાણેજ બન્નેને ૧૦-૧૦ વર્ષ કેદની સજા ફટકારી છે.

આ કેસની વિગતો મુજબ, યુવતીએ હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. યુવતીએ જણાવ્યું હતું કે શાસ્ત્રીજીએ તેમની ઓફિસમાં દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના અંગે કોઈને જાણ કરશે તો જીવન બરબાદ કરી નાખવાની ધમકી પણ આપી હતી. બીજા દિવસે જ્યારે યુવતી ગુરુકુળમાં ગઈ ત્યારે શાસ્ત્રીજીના ભાણેજ અલ્કેશભાઈએ તેની સાથે પણ દુષ્કર્મ આચર્યું હતું. તેણે યુવતીને ગુરુકુળનો સંપૂર્ણ ચાર્જ આપવાની લાલચ આપી હતી. સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ કે.આર. પંડ્યાએ સરકારી વકીલ એન.ડી. કારીઆની દલીલો અને



પુરાવાઓને ધ્યાનમાં લીધા. કોર્ટે બંને આરોપીઓને દોષિત ઠેરવ્યા અને દરેકને રૂ.૧ લાખનો દંડ ફટકાર્યો છે. વિક્ટિમ કમ્પેન્સેશન સ્કીમ હેઠળ પીડિતાને રૂ.૨ લાખ તેમજ આરોપીઓ દ્વારા ભરવામાં આવનાર દંડની રકમ મળીને કુલ રૂ.૪ લાખનું વળતર ચૂકવવાનો આદેશ પણ કોર્ટે આપ્યો છે.

# સુરતમાં ધો. ૮ની છાત્રા પર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી

## મધ્યપ્રદેશના શખ્સને પોલીસે ઝડપી લીધો

**સમય મિરર | સુરત**

સુરતના સણિયા હેમાદ વિસ્તારમાં રહેતા સૌરાષ્ટ્રના પરિવારની ધો. ૮ માં અભ્યાસ કરતી પુત્રીને સતત પેટમાં દુખાવો થતો હોય જેને બતાવવા માટે માતા હોસ્પિટલે લઈ જતાં ડોક્ટરોએ બાળકીને ગર્ભ હોવાનું જણાવતા ભારે સનસનાટી મચી જવા પામી હતી. પુછપરછમાં મધ્યપ્રદેશના શખ્સે તેને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યુ હોવાનું જણાવતા પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી હતી. જે ફરિયાદ બાદ સુરત પોલીસ મધ્યપ્રદેશ દોડી ગઈ હતી. ત્યાંથી દુષ્કર્મીને ઝડપી લીધો હતો.

સુરતના સણીયા હેમાદ ગામ વિસ્તારમાં રહેતા મૂળ સૌરાષ્ટ્રીયન પરિવારની ધોરણ ૮માં અભ્યાસ કરતી ૧૩ વર્ષ અને ૧૦ મહિનાની સગીરા બે દિવસ અગાઉ પેટમાં દુખાવો થયો હતો. જેથી માતા તેને હોસ્પિટલે લઈ જતાં ત્રણ માસનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું. જેથી માતાએ ઘરે જઈ પુછતા નવેમ્બર ૨૦૨૪માં ધનતેરસના બે દિવસ અગાઉ હું પપ્પાની ચા-નાસ્તાની દુકાને ગઈ હતી. ત્યારે ઘર નજીક એક યુવાને ઈશારો કરી મને તેની પાસે બોલાવીને મારૂ નામ પુછ્યું હતું. ત્યારબાદ તેનું નામ પૂછતા રાઘવેન્દ્રસીંગ ઉર્ફે નિતીન વિરસીંગ ભદોરીયા (રહે. શુભમ ઈન્ડસ્ટ્રીઝ, સણીયા હેમાદ) હોવાનું અને ફ્રેન્ડશીપ કરવું છે, એવું પૂછતા મેં હા કહ્યું હતું. બાદમાં મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. બાદમાં તેના પર કારની અંદર વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું. જે અગેની ફરિયાદ બાદ પોલીસે આરોપીને મધ્યપ્રદેશથી ઝડપી લીધો છે.

બાતમીના આધારે પોલીસ પહોંચતા જથ્થો બિનવારસી મળ્યો

# વડોદરા નજીક હાઈવે પર ટેમ્પોના ચોરખાનામાંથી ૨૭૦ કિલો ગાંજો ઝડપાયો

**સમય મિરર | વડોદરા**

વડોદરા નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર કમ્ફર્ટ ઈન હોટલ પાસે એક આઈસર ટ્રક આવવાનો છે અને તેમાં મોટા પ્રમાણમાં માદક પદાર્થનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. તેવી બાતમીના આધારે વડોદરા પોલીસે સ્થળ પર પહોંચી જોતા બિન વારસી હાલતમાં એક આઈસર ટ્રક જોવા મળી હતી. જેની તલાસી લેતા અંદરથી ૨૭૦ કિલો ગાંજો કિંમત રૂા. ૨૭ લાખનો મળી આવતા આ જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે.

હરણી પોલીસ પેટ્રોલિંગમાં હતી એ સમયે પોલીસને બાતમી મળી હતી કે, એક ટેમ્પોમાં મોટી માત્રામાં ગાંજો છે, જેને આધારે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેડ કરી હતી. જ્યાં ટેમ્પો સ્થળ ઉપર મળી આવ્યો હતો, પરંતુ કોઇ ડ્રાઇવર કે અન્ય કોઇ ઇસમ હાજર મળી આવ્યો નહોંતો, જેથી ટેમ્પોની ઝડતી તપાસ કરી હતી. જેમાં ટ્રકની કેબીનની પાછળ આરોપીઓએ ચોર ખાનુ બનાવ્યું હતું. ચોર ખાનામાંથી ગાંજાના અલગ-અલગ ૪૫ પેકેટ મળી આવ્યા હતાં. જેની કિંમત ૨૭ લાખ રૂપિયા હતી. જેની સાથે પોલીસે એક મોબાઇલ અને આઇશર ટેમ્પો



પણ જપ્ત કર્યો હતો. પોલીસે ગાંજો અને મુદ્દા માલ બનીને કુલ ૩૫ લાખ રૂપિયાનો મુદ્દામલ જપ્ત કર્યો છે. આ ગાંજાનો જથ્થો કોને મોકલાવ્યો હતો અને કોને આપવાનો હતો, એ દિશામાં હરણી પોલીસે તપાસ શરૂ કરી છે અને આરોપીની શોધખોળ પોલીસે હાથ ધરી છે.

# અમરેલી પંથકમાંથી ગેરકાયદે બાયોડિઝલનો પંપ ઝડપાયો : ૩૦.૮૫ લાખનો મુદ્દામાલ કબજે

## ચલાલાના મીઠાપુર ગામે પંપ શરૂ કરી વેચાણ કરતા બે શખ્સોને એલસીબીએ ઝડપી લીધા

**સમય મિરર | અમરેલી**

અમરેલી જિલ્લાના ચલાલા તાલુકાના મીઠાપુર ગામે સીમાડા વિસ્તારમાં એક ઓરડી બનાવી તેમાં ગેરકાયદેસર પંપ ઊભો કરી બે શખ્સો દ્વારા બાયોડીઝલનું વેચાણ થતું હોવાની માહિતી પરથી અમરેલી એલસીબીની ટીમે અચાનક દરોડો પાડયો હતો અને આ ગેરકાયદેસર પંપને ઝડપી લીધો હતો. પોલીસ દ્વારા સ્થળ પરથી બાયોડીઝલનો જથ્થો, બે ટ્રક સહિત ૩૦.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. સાથે બે શખ્સોની ધરપકડ પણ કરવામાં આવી છે.

જાણવા મળતી વિગત મુજબ ચલાલા તાલુકાના મીઠાપુર ડુંગરી ગામે સીમાડા વિસ્તારમાં એક ઓરડી બનાવી ગેરકાયદેસર બાયોડીઝલનો જથ્થો





છુપાવી વેચાણ કરાતો હોવાની બાતમી અમરેલી એલસીબીને મળતા ધારી વિભાગના મદદની પોલીસ અધિક્ષક જયવીર ગઢવીની સૂચનાથી અમરેલી એલસીબી પીઆઇ વી.એમ કોલાદરા તથા તેમની ટીમ દ્વારા અચાનક મીઠાપુર ગામે દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યારે બે શખ્સો દ્વારા ત્યાં ઉભા રહેલા બે ટ્રકમાં બાયોડીઝલ પૂરવામાં આવી રહ્યું હોવાનું ઝડપાઈ ગયું હતું. જે નોઝલ મારફત ડીઝલ પુરાતું હતું તેની તપાસ કરાતા એક ઓરડીની અંદર પેટ્રોલ પંપ પર રાખવામાં આવતા મીટર જેવો જ ડિસ્પેન્સરી પંપ જોવા મળ્યો હતો. આથી પોલીસ દ્વારા જયરાજ અમકુભાઈ માંજરીયા (રહે ચલાલા દાનેવ સોસાયટી) તથા રસુલ જમાલભાઈ પઠાણ (રહે સાવરકુંડલા દેવડા ગેટ) નામના બે શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે સ્થળ પરથી ૧૪ હજાર લિટર બાયોડીઝલ કે જેની કિંમત ૧૦.૫૦ લાખ ઉપરાંત ડિસ્પેન્સરી પંપ, ઈલેક્ટ્રિક મોટર, બે ટ્રક સહિત ૩૦.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કરી મૂળ સુધી પહોંચવા માટે ચલાલા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી વધુ તપાસ તેમને સોંપી હતી.